# શ્રી ઈશોપનિષદ્
# આદિ પુરુષની શોધ

લેખક
મહાભાગવત
એ. સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ

પ્રકાશક
ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ

૧૯૮૪માં છપાયેલી એગ્રેજીમાં આવૃતિનું
આ
સુરેશ વ્યાસે ગુજરાતીમાં ભાષાંતર
તેની અલ્પ શકિત મુજબ
૧૯૯૭માં કરલું છે.

## વેદોપદેશનો પરિચય

*મહાભાગવત શ્રી અભય-ચરણ ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદે ૬ ઓકટોબર ૧૯૬૯ ના રોજ ઈંગલેંડ, લંડનના કોનવે હોલમાં જે પ્રવચન કર્યુ તેનું ભાષાંતર:*

સન્નારીઓ અને સજ્જનો,

આજનો વિષય વેદોનો જે ઉપદેશ છે તે બાબતમાં છે. વેદો શું છે? સંસ્કૃત ભાષાના શબ્દ 'વેદ' નો અર્થ અલગ અલગ કરી શકાય છે, પણ અંતે હેતુ એક જ છે. 'વેદ' એટલે જ્ઞાન. તમે જે જ્ઞાન સ્વીકારો તે વેદ છે, કારણકે વેદોમાં જે જ્ઞાન છે તે મૂળ જ્ઞાન છે. આપણે ઓછે વત્તે અંશે માયાબધ્ધ હોવાથી આપણા જ્ઞાનમાં ઘણી ઊણપો હોય છે. માયામુકત અને માયાબધ્ધ આત્મા વચ્ચે ફરક એટલો કે બધ્ધ આત્માને ચાર ઊણપો હોય છે. પહેલી ઊણપ એ છે કે તે ભૂલો કરવાનો જ. દા. ત., અમારા દેશમાં મહાત્મા ગાંધીને એક મહાન વ્યકિત ગણવામાં આવે છે, પણ તેણે પણ ઘણી ભૂલો કરી છે. અરે તેના જીવનના છેલ્લા દિવસે તેના સહાયકે તેને ચેતવવ્યા, 'મહાત્મા ગાંધી, નવી દિલ્હીની સભામાં ન જાવ.' પણ તેણે ન સાંભળ્યું. તે ખૂબ આગ્રહથી ગયા અને ગોળીએ ઠાર મર્યા. આમ મહાત્મા ગાંધી, પ્રેસીડેન્ટ કેનેડી, – એવા ઘણાં છે – તેઓ ભૂલો કરે છે. માણસ માત્ર ભૂલને પાત્ર. બધ્ધ આત્માની આ એક ઊણપ છે.

બીજી ઊણપ: ભ્રમમાં પડી જાય. ભ્રમ એટલે જે સાચું નથી તે સાચું મનાય. માયા એટલે 'જે નથી તે.' દરેક માણસ માને છે કે તે શરીર છે. જો હું તમને પૂછું કે તમે શું છો, તો તમે કહેશો, 'હું મિસ્ટર જોન છું, હું ધનવાન છું, હું આ છું, હું તે છું.' આ બધી શરીરની ઓળખાણો છે, પણ તમે આ શરીર નથી. આ ભ્રમ છે.

ત્રીજી ઊણપ મનનું છેતરવાનું વલણ છે. દરેકને બીજાને છેતરવાનું મન થાય છે. એક નંબરનો મૂર્ખ માણસ હોય તે પણ પોતાને બહુ બુદ્દિધશાળી તરીકે પ્રદર્શિત કરે છે. તેને ચોખ્ખું જણાવવામાં આવે કે તે ભ્રમમાં છે અને ભૂલો કરે છે, તો તે સિધ્ધાંત રચશે, 'હુ માનું છું આ આમ છે અને આ તેમ છે,' પણ તે પોતાનો શું મુદ્દો છે તે પણ જાણતો નથી. પોતે ઊણપ વાળો છે, અને છતાં તે તત્વજ્ઞાનની ચોપડીઓ લખે છે. આ એનો રોગ છે. આ છેતરપિંડી છે.

છેલ્લી ઊણપ, આપણી ઈન્દ્રિયો અનુત્તમ છે. આપણે આપણી આંખનું અભિમાન છે. કોઈ વખત કોઈ પડકારશે, 'તમે મને ભગવાન બતાવી શકશો?' પણ તમારી પાસે ભગવાને જોઈ શકે તેવી આંખો છે? જો તમારે તેવી આંખો ન હોય તો તમે કદી જોઈ શકવાના નથી. જો આ હોલમાં ઓચિંતો અંધકાર થઈ જાય તો તમને તમારા હાથ પણ દેખાશે નહિં. તો તમારી જોવાની શું શકિત છે? તેથી આ અનુત્તમ ઈન્દ્રિઓથી આપણે જ્ઞાન (વેદ) મળે તે આશા ન રાખવી જોઈએ. માયાબધ્ધ જીવનની આ બધી ઊણપોને કારણે આપણે ઉત્તમ જ્ઞાન, સત્યનું જ્ઞાન, કોઈને આપી શકીએ નહિં. આપણે પોતે જ ઉત્તમ, ખામી રહિત, નથી. માટે આપણે, અમે, વેદો જેમ છે તેમ તેમને સ્વીકારીએ છીએ.

તમે કહેશો વેદોને હિંદુ કહેશો, પણ હિંદુ એક પરદેશી નામ છે. અમે હિંદુ નથી. અમારી સાચી ઓળખાણ વર્ણાશ્રમ છે. વર્ણાશ્રમ વેદોને અનુસરનારાઓને આળખાવે છે કે જેઓ મનુષ્ય સમાજને વર્ણ અને આશ્રમના આઠ વિભાગનો સ્વીકારે છે. સમાજના ચાર વિભાગ છે અને આધ્યાત્મિક જીવનના પણ ચાર વિભાગ છે. આને વર્ણાશ્રમ કહેવાય છે. ભગવદ્ ગીતામાં એમ કહ્યું છે કે, 'આ ચાર વિભાગ બધે છે કારણ કે તે ભગવાને બનાવેલા છે.' બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈષ્ય, અને શુદ્ર, એ સમાજના ચાર વિભાગો છે. બહુજ બુધ્ધિમાન માણસો જે બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ છે. બીજા નંબરના બુધ્ધિમાન માણસો જે સમાજનો વહિવટ કરે છે તે ક્ષત્રીય છે. તે પછી વેપારીઓ, વૈષ્યોનો નંબર આવે છે. (છેલ્લો વર્ગ શુદ્રોનો છે જેઓ ઉપરના ત્રણ વર્ગની સેવા કરે છે.) આ કુદરતી વિભાગો બધે જોવામાં આવે છે. આ વેદોનો સિધ્ધાંત છે, અને અમે સ્વીકારીએ છીએ. વેદ-સિધ્ધાંતોને પરમ સત્ય તરીકે સ્વીકારવામાં આવે છે, કારણકે તેમાં કોઈ ભૂલ ન હોઈ શકે. એનું નામ સ્વીકાર છે. દા. ત., ભારતમાં ગાયના છાણને પવિત્ર ગણવામાં આવે છે, ભલે તે એક પ્રાણીનું મળ હોય. વેદમાં એક જગ્યાએ એમ કહ્યું છે કે જો તમે મળને અડો તો તમારે તુરત નહાવું, અને બીજી જગ્યાએ કહ્યું છે કે ગાયનું મળ પવિત્ર છે. જો તમે અપવિત્ર જગાએ ગાયનું છાણ લીંપો તો તે જગા પવિત્ર બને છે. આપણે આપણી સામાન્ય બુધ્ધથી એમ દલીલ ન કરી શકીએ, 'આ વિરોધાભાસ છે.' હકીકતમાં સામાન્ય બુધ્ધિ પ્રમાણે તે વિરાધાભાસ છે, પણ એ ખોટો છે. કલકત્તાના એક વિખ્યાત વૈજ્ઞાનિક અને દાકતરે છાણનું વિશ્લેષણ કર્યુ તો તેને ખબર પડી કે છાણ જંતુનાશક છે.

ભારતમાં જો એક માણસ બીજાને કહે, 'તારે આમ કરવું જોઈએ,' તો બીજો કહેશે, 'તું કહેવા શું માગે છે? શું એ કાંઈ વેદ વાકય છે કે મારે કોઈ દલીલ વગર સ્વીકારવું પડે?' વેદ વાકયનો અર્થ

ન કાઢી શકાય. પણ આખરે જો તમે ધ્યન પૂર્વક અભ્યાસ કરો કે આ વેદ વાક્ય શા માટે છે તો તમને ખબર પડશે કે એ બધા સાચા વાક્યો છે.

વેદો કાંઈ માણસોએ બનાવી કાઢેલો જ્ઞાન ભંડાર નથી. વેદિક જ્ઞાન આધ્યાત્મિક જગતમાંથી આવે છે, ભગવાન કૃષ્ણ પાસેથી આવે છે. વેદોનું બીજું નામ શ્રુતિ છે. જે સાંભળીને મેળવવામાં આવ્યું છે તે જ્ઞાન શ્રુતિ કહેવાય છે. તે પ્રાયોગિક જ્ઞાન નથી. શ્રુતિને મા જેવી ગણવામાં આવે છે. આપણે મા પાસેથી ઘણું જ્ઞાન મેળવીએ છીએ. દા. ત., તમારે જાણ વું હોય કે તમારા પિતા કોણ છે, તો કોણ તમને જવાબ આપી શકે? તમારી મા. જો મા કહે, 'આ તારા બાપુ છે,' તો તમારે તે સ્વીકારવું પડે. તે તમારા બાપુ છે કે નહિ તે પ્રયોગ કરીને જાણવું શક્ય નથી. તે જ પ્રમાણે જો તમારે પ્રયોગથી ન જાણી શકાય તેવું જાણવું હોય, ઈન્દ્રિયાતીત જાણવું હોય, તો તમારે વેદ વાક્ય સ્વીકારવું પડશે. પ્રયોગ કરવાનો કોઈ સવાલ જ નથી. વેદ વાક્ય પ્રયોગસિધ્ધ જ છે. એ સત્ય સિધ્ધ થયેલું જ છે. મા એ કહ્યું, દા. ત., તે સ્વીકારવું જ રહ્યું. બીજો કોઈ રસ્તો નથી.

વેદોને મા ગણવામાંઆવે છે, અને બ્રહ્માને દાદા, પરદાદા કહેવામાં આવે છે કારણ કે વેદોનું જ્ઞાન સૌથી પ્રથમ તેને આપવામાં આવેલું છે. સૃષ્ટિની શરૂઆતમાં પહેલો જીવ તે બ્રહ્મા છે. તેણે આ વેદનું જ્ઞાન મેળવ્યું અને તે નારદ અને બીજા શિષ્યો અને પુત્રોને આપ્યું. આ રીતથી વેદિક જ્ઞાન ગુરૂ–શિષ્ય પરંપરા દ્વારા નવી પેઢીઓમાં આવતું રહ્યું છે. ભગવદ્ ગીતામાં આ કહેલુ છે કે વેદિક જ્ઞાનને આ રીતે સમજવામાં આવે છે. તમે પ્રયોગ કરશો તો તમે તે જ નિર્ણય પર આવશો, પણ માત્ર તમારો સમય બચાવવા તમારે તે સ્વીકારવું જોઈએ. મા નું વાક્ય દલીલ વગર સ્વીકારી શકાય. સાબિતીઓ ત્રણ પ્રકારની છે: પ્રત્યક્ષ, અનુમાન, અને શબ્દ. પ્રત્યક્ષ એટલે સિધ્ધું. સિધ્ધું પ્રમાણ બહુ સારૂં નથી કારણકે આપણી ઈન્દ્રીઓ ઉત્તમ નથી. આપણે સૂર્ય રોજ જોઈએ છીએ, અને તે માત્ર એક નાની ચકતી જેવો લાગે છે, પણ તે ઘણાં ગ્રહોથી પણ દૂર છે. તો પછી આ જોવાનો શું અર્થ છે? માટે આપણે ચોપડીઓ વાંચવી જોઈએ; ત્યારે આપણને સૂર્ય વિષે સમજ આવે. આ રીતે સીધો અનુભવ ઉત્તમ નથી. તે પછી અનુમાન કરીને તારવી કાઢેલું જ્ઞાન છે: 'આ આ પ્રમાણે હોવું જોઈએ' તેવું અનુમાન. દા. ત., ડાર્વિન અનુમાન કરે છે; 'આ આ પ્રમાણે હોવું જોઈએ.' પણ તે વિજ્ઞાન નથી. એ માત્ર સુચન છે, અને તે ઉત્તમ પણ નથી. પણ જો તમે સત્તાવાન સ્થાનેથી જ્ઞાન મેળવો તો ઉત્તમ જ્ઞાન મળે. રેડિઓ સ્ટેશન પાસેથી તમને પ્રોગ્રામ ગાઈડ મળે તો તમે તે સ્વીકારશો. તમે નહિં કહો કે ગાઈડમાં ખોટું લખેલુ છે. તમારે પ્રયોગ કરવાની જરૂર નથી કારણ કે તે ગાઈડ સત્તાવાન સ્થાનેથી આવેલી છે.

વેદિક જ્ઞાનને શબ્દ–પ્રમાણ કહેવામાં આવે છે. બીજું નામ શ્રુતિ છે. શ્રુતિ એટલે એ જ્ઞાન કે જે માત્ર મોઢેથી બોલેલું અને કાનેથી સાંભળેલું છે. વેદો સુચવે છે કે ઈન્દ્રીયાતીત જ્ઞાન મેળવવું હોય તો તે આપણે સત્તાવાન સ્થાનેથી સાંભળવું જોઈએ. ઈન્દ્રીઆતીત જ્ઞાન આ વિશ્વની પેલે પારથી આવે છે. આ વિશ્વમાં ભૌતિક જ્ઞાન છે, અને આ વિશ્વની પેલે પાર ઈન્દ્રીયાતીત જ્ઞાન છે. આપણે આ વિશ્વના છેડા સુધી પણ પહોંચી શકતા નથી, તો પછી આપણે આધ્યાત્મિક જગતમાં કેમ જઈ શકીએ? માટે પૂર્ણ જ્ઞાન મેળવવું અશક્ય છે.

ત્યાં એક આધ્યાત્મિક આકાશ છે. ત્યાં પ્રાગટ્ય અને અપ્રાગટ્યથી પર એક બીજી પ્રકૃતિ છે. પણ તમે કેમ જાણશો કે ત્યાં એક આકાશ છે જેમાં રહેલા ગ્રહો અને ગ્રહો પરના રહેવાસીઓ અમર છે? આ બધું જ્ઞાન ત્યાં છે, પણ તમે તે સાબિત કરવા માટે પ્રયોગ કેવી રીતે કરશો? એ શક્ય નથી. માટે તમારે વેદોની સહાયતા લેવી જ રહી. આ વેદિક જ્ઞાન છે. અમારી કૃષ્ણ ભાવના આંદોલનમાં અમે ઉત્તમોત્તમ સત્તાધીશ, કૃષ્ણ, પાસેથી જ્ઞાન સ્વીકારીએ છીએ. દરેક વિભાગના માણસોએ કૃષ્ણને સર્વસત્તાવાન તરીકે સ્વીકારેલા છે. હુ પહેલાં બે પ્રકારના યોગીઓની વાત કરૂં છું. એક પ્રકારના યોગીઓને અવ્યક્તિગતવાદીઓ અથવા માયાવાદીઓ કહેવામાં આવે છે. તેઓ સામાન્ય રીતે વેદાંતી તરીકે ઓળખાય છે જેઓ શંકરાચાર્યને અનુસરે છે. અને બીજા પ્રકારના યોગીઓ વૈષ્ણવ તરીકે ઓળખાય છે કે જેઓ રામનુજાચાર્ય, મધ્વાચાર્ય, વિષ્ણુસ્વામી, વગેરેને અનુસરે છે. શંકર–સંપ્રદાય અને વૈષ્ણવ–સંપ્રદાય, બંન્નેએ કૃષ્ણને સર્વોપરી પૂર્ણપુરૂષોત્તમ ભગવાન તરીકે સ્વિકાર્યા છે. શંકરાચાર્યએ અવ્યક્તિગતવાદનો, અવ્યક્તિગત બ્રહ્મનો ઉપદેશ કરેલો છે, પણ તે ઢંકાયેલા વ્યક્તિગતવાદી છે. પોતાના ભગવદ્ ગીતા પરના વિવરણમાં તેમણે લખ્યું છે, 'નારાયણ તે સર્વોપરી પૂર્ણપુરૂષોત્તમ ભગવાન છે તે પ્રગટ વિશ્વથી પર છે.' અને વળી તેમણે કહ્યું છે કે, 'તે સર્વોપરી પૂર્ણપુરૂષોત્તમ ભગવાન, નારાયણ, તે કૃષ્ણ છે. તે દેવકી અને વસુદેવના પુત્ર તરીકે આવેલા છે.' તેમણે ખાસ ભગવાનાન મા અને બાપના નામનો નિર્દેશ કરેલો છે. તેથી બધાય યોગીઓ, ભક્તિયોગીઓ કે જ્ઞાનયોગીઓ, કૃષ્ણને સર્વોપરી પૂર્ણપુરૂષોત્તમ ભગવાન તરીકે સ્વીકારે છે. એ બાબતમાં કોઈ શક નથી. કૃષ્ણ ભાવના આંદોલનમાં અમારા જ્ઞાનનું મૂળ સ્થાન કૃષ્ણ છે, ભગવદ્ ગીતા છે. અમે ભગવદ્ ગીતા તેના મૂળ રૂપે પ્રગટ કરી છે કારણ કે અમે કૃષ્ણ જે બોલ્યા છે તે જ સ્વીકારીએ છીએ, અને તેમાંથી ફાવે તેમ અર્થ કાઢતા નથી. આ વેદિક જ્ઞાન છે. વેદિક જ્ઞાન શુધ્ધ છે તેથી અમે તે સ્વીકારીએ છીએ. જે કાંઈ કૃષ્ણ કહે તે અમે સ્વીકારીએ છીએ. આ કૃષ્ણ ભાવના છે. આ અમારો સમય બચાવે છે. જો તમે સાચું જ્ઞાનનું સ્થાન કે સાચા સત્તાવાનને સ્વીકારો તો તમારો સમય બચે. દા. ત., ભૌતિક જગતમાં જ્ઞાન મેળવવાની બે રીતો છે: આગમ અને નિગમ. એક રીતથી અંદરથી જ્ઞાન ઉપજે છે અને બીજી રીતથી તર્કની છે જે આધુનિક વૈજ્ઞાનિકો અને ગણિત શાસ્ત્રીઓ વાપરે છે. તર્કથી તમે એ સ્વીકારશો કે કોઈ માણસ અમર નથી. તમારા પિતા, બહેન, અને બધા કહે છે કે માણસ અમર નથી – પણ તમે તે સાબિત કરવા પ્રયોગ કરતા નથી. તમે એ વાત સત્ય તરીકે સ્વીકારો છો. જો તમારે ખરેખર શોધવું હોય કે માણસ અમર છે કે નહિં, તો તમારે દરેકે દરેક માણસનો અભ્યાસ કરવો પડે, અને તમે એમ વિચારવા લાગશો કે ક્યાંક કોઈક માણસ હશે જે અમર હશે પણ તમે હજુ તેને જોયો નથી. તો આ રીતે તમારૂં સંશોધન કદી પૂરૂં નહિં થાય. સંસ્કૃતમાં આ રીતને આરોહ કહેવાય છે. તમારે તમારા પોતાના પ્રયત્નોથી, તમારી ખામીઓ વાળી ઈન્

દ્રીઓથી, જ્ઞાન મેળવવું હોય તો તમે કદી સાચા નિર્ણય પર નહિં આવી શકો. એ અશક્ય છે.

બ્રહ્મ સંહિતામાં કહેલું છે: મનના વેગથી ઉડતા એરાપ્લેનમાં સવાર થાવ. આપણા ભૌતિક પ્લેન કલાકે ૨૦૦ માઈલની ઝડપે ઉડે છે, પણ મનની ગતી પ્રકાશની ગતી જેટલી છે. તમે ઘરે બેઠા છો; અને તમે ભારત વિષે વિચાર કરો, માનો કે તે ૧૦,૦૦૦ માઈલ દૂર છે; અને તરત તમારૂં મન ત્યાં પહોંચી જાય છે. મન એટલું બધું ઝડપી છે. તો બ્રહ્મ સંહિતા કહે છે, 'જો તમે આ ઝડપે કરોડો વરસ સુધી મુસાફરી કર્યા કરો તો પણ તમે આધ્યાત્મિક આકાશને છેડે નહિં પહોંચી શકો.' અરે તેની પાસે પહોંચવાનું પણ અશક્ય છે. તેથી વેદ કહે છે કે માણસે એક સાચા આધ્યાત્મિક ગુરૂ પાસે જવું જોઈએ, ફરજીયાત જવું જોઈએ તેમ કહ્યું છે. તો ગુરૂની લાયકાત શું છે? તેણે વેદોનો સંદેશ સાચી રીતે સાચા ગુરૂ પાસેથી સાણળ્યો છે; નહિં તો તેને સાચો નહિં પણ બોગસ કહેવાય. અને વ્યવહારમાં તેના બધા કાર્યો બ્રહ્મને, ભગવાનને, સંબંધિત જ હોય. આ બે લાયકાત હોવી જોઈએ. આ કૃષ્ણ ભાવના આંદોલન પૂરી રીતે વેદોના સિધ્ધાંતોની સત્તા મુજબ થાય છે. ભગવદ્ ગીતામાં કૃષ્ણ કહે છે. 'વૈદિક સંશોધનનો મૂળ હેતુ કૃષ્ણ શોધવાનો છે.' બ્રહ્મ સંહિતામાં પણ કહેલું છે, 'કૃષ્ણ, ગોવિંદને અગણિત આકારો છે, પણ એ બધા એક છે.' તે આપણા જેવા આદિ-અંત વાળા આકારો નથી. તેના આકારો આદિ-અંત વગરના છે. મારા આકારને શરૂઆત છે, પણ તેના આકારને શરૂઆત નથી. તે અનંત છે. અને તેનો આકાર – ઘણાં બધા આકારો – ને અંત નથી. મારો આકાર અહિં છે અને મારા ઘરમાં નથી. તમે અહિં છો તો તમારા ઘરમાં નથી, પણ કૃષ્ણ કોઈ પણ સમયે કોઈ પણ જગ્યાએ એક સાથે હોઈ શકે છે. તે ગોલોક વૃંદાવનમાં બેઠા છે, અને તે જ સમયે તે બધે છે. તે સર્વનું મૂળ છે, સૌથી પુરાતન તે છે, પણ ગમે ત્યારે તમે કૃષ્ણનું ચિત્ર જોશો તો તમને તે ૧૫-૧૬ વરસના યુવાન જ જોવા મળશે. ઘરડા કૃષ્ણનું ચિત્ર તમને ક્યાંય જોવા નહિં મળે. ભગવદ્ ગીતામાં તમે કૃષ્ણનું સારથી તરીકેનું ચિત્ર જોયું છે. એ વખતે તેની ઉંમર ૧૦૦ વરસથી ઓછી ન હતી. તેના પુત્રોને પળપુત્રો હતા, અને છતાં તે એક યુવાન જ લાગતા. કૃષ્ણ, ભગવાન, કદી ઘરડા થતા નથી. આ તેની સર્વોપરી શક્તિ છે. અને તમારે કૃષ્ણને વેદોનો અભ્યાસ કરીને શોધવા હોય તો તમે મુંઝવણમાં મુકાઈ જવાના. પણ તમે તેના વિશે તેના ભક્ત પાસેથી બહુ સરળતાથી જાણી શકો છો. ભગવાના ભક્તો તમને ભગવાન આપી શકે છે: 'આ રહ્યા ભગવાન, લઈ લો.' ભગવાનના ભક્તાની આ શક્તિ છે.

શરૂઆતમાં માત્ર એક જ વેદ હતો, અને તેને વાંચવાની કોઈ જરૂર ન હતી. તે વખતે લોકો ખૂબ બુધ્ધિશાળી અને ખૂબ યાદશક્તિ વાળા હતા. ગુરૂના મોઢેથી માત્ર એક વાર સાંભળે તો તેઓ સમજી જતા અને તેમને બધું યાદ રહી જતું. બધી વાતનો ભાવાર્થ તરત સમજી જતા. પણ આ કળીયુગના માણસો માટે વ્યાસદેવે વેદ લખી મુક્યો. તેમણે જાણી લીધું કે આવતા સમયમાં લોકો અલ્પ આયુષવાળા, અલ્પ યાદશક્તિવાળા, અને અલ્પબુધ્ધિ વાળા હશે. 'તેથી આ વેદ હું તેમને માટે લખી લઉં.' તેમણે વેદના ચાર ભાગ કર્યા: ઋગ, સામ, અથર્વ, અને યજુર. પછી તે વેદો નવી પેઢીઓને પહોંચાડવા માટે તેમણે તેમના જુદા જુદા શિષ્યોને સોંપી દીધા. પછી તેમણે સામાન્ય રીતે ઓછી બુધ્ધિવાળા લોકો, સ્ત્રી, શુદ્ર, અને દ્રીજ-બંધુઓનો વિચાર કર્યો. તેઓ વેદો કેમ સમજશે તે વિચાર કર્યો. દ્રીજ-બંધુ એટલે જેઓ ઉંચા કુળમાં જનમ્યા છે પણ બરાબર લાયકાત વગરના છે. બ્રાહ્મણના કુળમાં જન્મેલો પણ બ્રાહ્મણની લાયકાત વગરનો હોય તે દ્રીજ-બંધુ કહેવાય. તો આવા લોકો માટે તેમણે મહાભારત લખ્યું, જે ભારતનો ઈતિહાસ કહેવાય છે, અને ૧૮ પુરાણો લખ્યા. આ બધું વેદિક સાહિત્ય છે: પુરાણો, મહાભારત, ચાર વેદો, અને ઉપનિશદો. ઉપનિશદો એ વેદોના ભાગો છે. પછી વ્યાસદેવે વેદાંત-સુત્રમાં પંડિતો અને તત્વજ્ઞાનીઓ માટે વેદિક જ્ઞાનનો સાર લખ્યો. વેદોનો આ આખરી શબ્દ છે. વ્યાસદેવે પોતે પોતાના ગુરૂ-મહારાજ નારદજીની દોરવણી મુજબ વેદાંત-સુત્ર લખ્યું, અને તોય તેમને સંતોષનો અનુભવ ન થયો. આ લાબી વાત છે, જે શ્રીમદ્ ભાગવતમાં છે. ત્યારે નારદજીએ તેમને કહ્યું, 'તમે વેદાંત સમજાવો.' વેદાંત એટલે બધાય જ્ઞાનનું મૂળ જ્ઞાન, અને તે જ્ઞાન કૃષ્ણ છે. કૃષ્ણ કહે છે કે બધાય વેદો કૃષ્ણને સમજવા માટે છે.

*વેદાંતકૃદ્ વેદવિદ્ એવ ચાહમ્.* કૃષ્ણ કહે છે, 'વેદાંતનો બનાવનાર હું છું, અને વેદોનો જાણનાર પણ હું છું.' માટે મૂળ હેતુ કૃષ્ણ છે. આ વાત વૈષ્ણવોના બધાય વેદાંત-તત્વજ્ઞાનના વિવરણોમાં સમજાવવામાં આવી છે. અમે ગૌડીય વૈષ્ણવો પાસે અમારૂં વેદાંત પરનું વિવરણ છે જે બલદેવ વિદ્યાભૂષણે લખેલું ગૌડીય ભાસ્ય છે. તે જ પ્રમાણે રામાનુજાચાર્ય અને મધ્વાચાર્યે પણ એક એક વિવરણ લખ્યું છે. વેદાંત પર ઘણાં વિવરણો છે; પણ વેદાંત પર પહેલું વિવરણ વૈષ્ણવોએ નથી લખ્યું તેથી લોકો એવા ખોટા ખ્યાલમાં છે કે શંકરાચાર્યના વિવરણ સિવાય બીજું વિવરણ નથી. તે ઉપરાંત વ્યાસદેવે પોતે વેદાંત પર જે વિવરણ લખ્યું છે તે શ્રીમદ્ ભાગવત છે. શ્રીમદ્ ભાગવત પણ વેદાંત-સૂત્રના પ્રથમ શબ્દોથી શરૂ થાયછે: *જનમાદિ અસ્ય યતઃ* અને *આ જનમાદિ અસ્ય યતઃ* શ્રીમદ્ ભાગવતમાં સંપૂર્ણ રીતે સમજાવવામાં આવ્યું છે. વેદાંત-સૂત્ર બ્રહ્મ, પરમ સત્ય, શું છે તે તરફ માત્ર નિર્દેશ જ કરે છે: 'પરમ સત્ય એ છે કે જેમાંથી બધું ઉદ્ભવે છે.' આ સાર છે, પણ ભાગવતમાં તેને બધી વિગતથી સમજાવ્યું છે. જો બધું પરમ સત્યમાંથી ઉદ્ભવે છે તો પરમ સત્યનો શું સ્વભાવ, સ્વગુણ છે? તે શ્રીમદ્ ભાગવતમાં સમજાવ્યું છે. પરમ સત્ય ચેતના હોવું જોઈએ. તે સ્વયં પ્રકાશિત છે. આપણે આપણી ચેતના અને જ્ઞાન બીજા પાસેથી જ્ઞાન મેળવીને મેળવીએ છીએ, પણ સ્વયં પ્રકાશિત છે. વેદોનો બધો સાર વેદાંત-સૂત્રમાં છે, અને વેદાંત-સૂત્રના લખનારે તેને શ્રીમદ્ ભાગવતમાં સમજાવ્યું છે. જે લોકો ખરેખર વેદિક જ્ઞાન મેળવવા માગે છે તેમને આખરે અમે વિનતિ કરીએ છીએ કે તેઓ વેદિક જ્ઞાનને શ્રીમદ્ ભાગવત અને ભગવદ ગીતા દ્વારા સમજવાની કોશીષ કરે.

--xxx--

*ॐ નમઃ*

# ઈશોપનિષદ

*શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદે ઈશોપનિષદનું અંગ્રેજીમાં ભાષાંતર અને વિવેચન કર્યું છે. તેનું ગુજરાતીમાં ભાષાંતર તમારી સેવામાં મારી અલ્પ શક્તિ પ્રમાણે રજુ કરૂં છું. –સુ. વ્યાસ:*

## મંત્ર ૧

*ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્ યત્ કિંચ જગત્યામ્ જગત્ |*
*તેન ત્યક્તેન ભુંજીથા મા ગૃધ: કત્ય સ્વિદ્ ધનમ્ || ૧||*

**આ વિશ્વમાં જે કાંઈ સ્થાવર અને જંગમ છે તે ભગવાનના કાબુમાં છે અને ભગવાનન તેના માલીક છે. તેથી દરેકે માત્ર તે જ વસ્તુઓ સ્વીકારવી જોઈએ કે જે પોતાને માટે જરૂરી છે અને પોતાને માટે અલગ ભાગમાં મુકેલી છે અને બીજી વસ્તુઓ કે જેના માલીક પોતે નથી પણ ભગવાન છે તે ન સ્વીકારવી જોઈએ.**

વેદોનું જ્ઞાન કોઈપણ જાતની ભૂલચૂક કે જુઠાણા વગરનું છે કારણકે તે જ્ઞાન સ્વયં ભગવાનથી શરૂ થયેલી ઉત્તમ ગુરૂ–શિષ્યની પરંપરાથી આપણને મળેલું છે. વેદોનો પહેલો શબ્દ ભગવાને પોતે ઉચ્ચારેલો, અને તે દિવ્યાત્માઓ પાસેથી મેળવવામાં આવે છે. ભગવાને બોલેલા શબ્દો અપૌરૂશેય કહેવાય છે તે સુચવે છે કે તે કોઈ 'માણસ'ના શબ્દો નથી. દુનિયામાં રહેતા દરેક 'માણસ'માં ચાર ખામીઓ હોયછે: ૧. તે ભૂલો નક્કી કરવાનો જ. ૨. તે ભ્રમમાં પણ પડી જાય. ૩. તેને બીજાઓને છેતરવાની વૃત્તિ હોય, અને ૪. તેની ઈન્દ્રિઓ ખામી વાળી હોય. આવી ખામીઓ વાળો માણસ ખામી વગરનું સર્વ–વિસ્તુત જ્ઞાન આપી ન શકે. વેદોનું જ્ઞાન આવા ખામીઓ વાળા પ્રાણીઓએ પેદા નથી કર્યું. વેદ–જ્ઞાન સૌ પ્રથમ ભગવાને બ્રહ્મા, કે જે સૃષ્ટિના પહેલા જીવ છે, તેના હ્દયમાં આપ્યું. બ્રહ્માએ તે જ્ઞાન તેના પુત્રો અને શિષ્યોને આપ્યું, અને તેમણે પણ તેમજ કર્યું, અને તે રીતથી ઈતિહાસમાં જ્ઞાન ચાલ્યું આવે છે.

ભગવાન પૂર્ણ, ખામી રહિત, છે. તેથી તે પ્રકૃતિના કાબુમાં આવી જાય તેવી કોઈ શકયતા નથી. સર્વ જીવો અને પદાર્થો પર પ્રકૃતિ સત્તા ચલાવે છે. તે પ્રકૃતિ પણ ભગવાની એક શકિત છે. આ ઈશોપનિષદ યજુર્વેદનો એક ભાગ છે. અને પરિણામે તેમાં વિશ્વમાં જે કાંઈ હયાત છે તેની માલિકીની બાબતમાં માહિતી છે. આ વાત ભગવદ્ ગીતા (૭.૪–૫)માં પણ છે, કે જ્યાં પરા અને અપરા પ્રકૃતિ ચર્ચવામાં આવી છે. પ્રકૃતિના તત્વો – પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશ, મન, બુદ્દિધ, અને અહંકાર – આ બધા ભગવાની ઉતરતી, અથવા પાર્થીવ, શક્તિના ભાગ છે, જ્યારે સર્વ જીવો ભગવાનની પરા શક્તિ, ઉત્તમ શક્તિના ભાગ છે. આ બન્ને શકિતઓ ભગવાનમાંથી ઉદ્દ્ભવે છે અને પરિણાને સઘળું ભગવાનના કાબુમાં રહે છે. આ વિશ્વમાં એવું કાંઈ નથી કે જે પરા અથવા અપરા પ્રકૃતિના કાબુમાં ન હોય. માટે સઘળું સર્વોપરી ભગવાનની મિલકત છે.

સર્વોપરી ભગવાન એ પૂર્ણ પુરૂષોત્તમ છે. બધી ગોઠવણ કરવા માટે તેની પાસે પૂર્ણ અને ખામી રહિત બુદ્દિધ અને જુદી જુદી શક્તિઓ છે. ઘણી વખત ભગવાનની સરખામણી અગ્નિ સાથે કરવામાં આવે છે અને જીવો અને પદાર્થોની સરખામણી તે અગ્નની ગરમી અને પ્રકાશ સાથે કરવામાં આવે છે. જેમ અગ્નિ પોતાની ગરમી અને પ્રકાશ શકિત પ્રસરાવે છે તે રીતે ભગવાન પોતાની શક્તિ જુદી જુદી રીતે પ્રસરાવે છે. તે રીતે ભગવાન સર્વના સંચાલક, ભરક–પોષક, અને સર્વસત્તાધીશ રહે છે. તે સર્વજ્ઞ સર્વનું ભલું કરનાર છે. તે બધી જ અચિંત્ય શક્તિઓ – શકિત, સંપત્તિ, કીર્તિ, જ્ઞાન, સૌંદર્ય, અને વૈરાગ્ય – થી ભરપૂર છે.

તેથી દરેક બુદ્દિધશાળીએ જાણવું જોઈએ કે કોઈ માણસને કાંઈ માલીકિ નથી. દરેકે ભગવાન જે આપે તે જ લેવું જોઈએ. ગાય, દા. ત., દુધ આપે છે પણ દુધ પીતી નથી. તે ઘાસ અને અનાજ ખાય છે અને તેનું દુધ માણસો માટે છે. ભગવાનની વ્યવસ્થા એવી રીતની છે. તે આપણને જે આપે તેથી આપણે સંતોષ રાખવો જોઈએ અને જેને આપણે પોતાનું માનીએ છીએ તે ખરેખર કોનું છે તે ધ્યાન રાખવું જોઈએ.

એક ઘર, દા. ત., માટી, લાકડાં, પથ્થર, લોઢું, સિમેંટ, અને બીજી ઘણી વસ્તુઓનું બનેલું છે. આપણે ઈશોપનિષદની રીતે વિચાર કરીએ તો આપણે જાણવું જોઈએ કે આ કોઈ પદાર્થો આપણે પેદા કરી શકતા નથી. આપણે મહેનત કરીને માત્ર પદાર્થોને એક બીજા સાથે જોડી શકીએ છીએ અને જુદા જુદા આકાર આપી શકીએ છીએ. એક મજુર એક પદાર્થ પર મજુરી કરે તો તેથી તે પદાર્થ તેની માલિકીનો બની જતો નથી.

આધુનિક સમાજમાં મજુરો અને માલીકો વચ્ચે બહુ મોટા ઝગડા જોવામાંઆવે છે. આ ઝગડાઓએ આંતરરાષ્ટ્રીય રૂપ ધારણ કર્યું છે અને જગત ભયમાં મુકાયું છે. માણસો એકબીજાને શત્રુ તરીકે જુએ છે અને કુતરા બિલાડાની જેમ એક બીજા સામે ઘુરકે છે. શ્રી ઈશોપનિષદ કુતરા બિલાડાને શિખામણ આપી શકતું નથી, પણ તે ભગવાનનો સંદેશ તેની એક પરંપરાના ગુરૂ–આચાર્ય દ્વારા માણસને આપી શકે છે. માણસજાતે ઈશોપનિષદનું વેદીક જ્ઞાન–ડહાપણ લેવું જોઈએ અને વસ્તુઓની માલીકી માટે ઝગડવું ન જોઈએ. ભગવાનની કૃપાથી જે કાંઈ હક મળે તેમાં સંતોષ માનવો જોઈએ. જો સામ્યવાદીઓ, મૂળીવાદીઓ, કે અન્ય પક્ષો વિશ્વની કુદરતી સંપત્તિ કે જે બધી જ ભગવાનની મિલકત છે તેના પર પોતાની માલીકીનો દાવો કરશે તો વિશ્વશાંતિની કોઈ શકયતા નથી. મૂળીવાદીઓ માત્ર રાજકારણથી સામ્યવાદીઓને દબાવી શકશે નહિં. અને સામ્યવાદીઓ માત્ર ચોરેલી રોટી માટે ઝગડીને મૂળીવાદીઓને હરાવી શકશે નહિં. જો તેઓ ભગવાને બધીજ મિલકતના માલિક ન સમજે તો તેઓ જે કાંઈ પોતાનું માને તે ચોરેલું છે. પરિણામે કુદરતની સત્તા તેમને સજા કરશે. બંને પક્ષના હાથમાં પરમાણુ બોમ્બ છે. જો તેઓ ભગવાનને સર્વ સંપત્તિના માલીક નહિં સ્વીકારે તો આ બોમ્બ વડે બંને પક્ષનો નાશ થશે તે નક્કી છે. માટે પોતાના આત્મ રક્ષણ માટે બંને પક્ષે ઈશોપનિષદનો ઉપદેશ સ્વીકારવો જોઈએ.

મનુષ્ય જન્મ કૂતરા બિલાડાની જેમ ઝગડવા માટે નથી. મનુષ્ય જન્મનું મહત્વ અને ધ્યેય સમજવા જેટલી બુધ્ધિ તો તેમનામાં હોવી જ જોઈએ. વેદિક સાહિત્ય માણસ માટે છે, કૂતરા બિલાડા માટે નહિં. કૂતરા બિલડા ખોરાક માટે બીજા પ્રાણીઓને મારી નાખે તો તેમને પાપ નથી, પણ જો માણસ પોતાના જીબના સ્

વાદ માટે પ્રાણીઓને મારી નાખે, તો તે કુદરતના કાયદાનો ભંગ ક રવા માટે જવાબદાર છે. પરિણામે તેને સજા થવી જોઈએ.

માણસે જે રીતે જીવવું જોઈએ તે નિયમો પ્રાણીએને લા ગુ ન પાડી શકાય. વાઘ ઘઉં ચોખા ખાતો નથી કે દૂધ પીતો નથી ક ારણકે તેને પ્રાણીઓના માંશના રૂપમાં ખોરક આપવામાં આવેલો છે . ઘણાં પ્રાણીઓ ને પક્ષીઓ શાકાહારી કે માંશાહારી છે, પણ તેઓ કુદરતના નિયમનો ભંગ કરતા નથી કારણકે તે કાયદા ભગવાનનન ી ઈચ્છાથી હયાત છે. સર્વ પ્રાણીઓ આ કાયદા ચૂસ્ત રીતે પાળે છે. માટે તેમને પાપ લાગવાનો કોઈ સવાલ ઉભો થતો નથી, અને તે મને વેદોના ઉપદેશને જરૂર નથી. માત્ર મનુષ્ય જાતને જ કેમ જી વવું તે માટે જવાબદારી છે.

માત્ર શાકાહારી થવાથી કુદરતના કાયદાનો ભંગ થતો ન થી તેમ માનવું તે ખોટું છે. વનસ્પતિને પણ જીવ છે. કુદરતનો એવો નિયમ છે કે એક જીવ બીજા જીવનો ખોરક છે. માટે ચૂસ્ત શાકાહારી હોવાનું અભિમાન ન રાખવું. મુદ્દો એ છે કે ભગવાનને ઓળખવા. પ્રાણીઓમાં ભગવાને ઓળખવા કે સમજવા જેટલી ચે તના વિકસી નથી, પણ માણસ જાતમાં વેદિક સાહિત્યમાંથી પાઠ લ ઈને કુદરતના નિયમો કેમ કામ કરે છે તે જાણીને તેનો લાભ લેવા જેટલી બુદ્ધિ અવશ્ય છે. જે માણસ વેદિક સાહિત્યની સૂચનાઓ ને અવગણે છે તેનું જીવન જોખમી બને છે. માટે માણસને ભગવ ાની સત્તા સ્વીકારવાની જરૂર છે. તે ભગવાનો ભક્ત હોવો જોઈએ . તેણે બધુંજ ભગવાની સેવામાં અર્પણ કરવું જોઈએ. તેણે ભગવા ને ભોગ ધરીને પછી પ્રસાદ જ ખાવો જોઈએ. તેમ કરવાથી તે પો તાની ફરજ બરાબર બજાવી શકશે. ભગવદ્ ગીતા (૯.૨૬)માં ભગ વાન ચોખ્ખું કહે છે કે તે શુદ્ધ ભક્તના હાથે ધરેલું શાકાહારી ભો જન તે સ્વીકારે છે. માટે માણસે ચૂસ્ત શાકાહારી અને ભગવાના ભક્ત થઈને તેનું બધુંજ ભોજન પ્રેમથી ભગવાને ધરવું જોઈએ. અને તે પછીજ પ્રસાદ લેવો જોઈએ. જે ભક્ત આ ભાવનાથી વર્તી શકે તે યોગ્ય રીતે માણસની ફરજો બજાવી શકે. જે લોકો ભગવા ને ધર્યા વગરનું ખાય છે તે પાપ ખાય છે તેને કારણે આપત્તિમાં મુક ાય છે (ગીતા ૩.૧૩).

પાપનું મૂળ ભગવાન બધાયનો માલીક છે તે વાત અવગ ણીને જાણી જોઈને કુદરતના કાયદાઓનો ભંગ કરવો તે છે. કુદર તના કાયદાનો ભંગ કરીને કે ભગવાનના હુકમને અવગણીને મા ણસ પોતા માટે વિનાશ નોતરે છે. જો માણસ ભાનમાં આવે, કુદર તના કાયદા જાણે, અને બિનજરૂરી મોહ અને અણગમાથી મુક્ત ર હે, તો ભગવાન તેને જરૂર ઓળખે, અને તે જરૂર ભગવાના સનાત ન ધામમાં જવાને લાયક બને.

--xxx--

*ૐ નમઃ*

# ઈશોપનિષદ

*શ્રી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદે ઈશોપનિષદનું અંગ્રેજીમાં ભાષાં તર અને વિવેચન કર્યુ છે. તેનું ગુજરાતીમાં ભાષાંતર તમારી સેવા માં મારી અલ્પ શક્તિ પ્રમાણે રજુ કરૂં છું. –સુ. વ્યાસ:*

## મંત્ર ૨

*કુર્વન્નેવેહ કર્માણિ જિજીવિષેચ્છતમ્ સમાઃ ।*
*એવમ્ ત્વયિ નાન્યથેતોऽસ્તિ ન કર્મ લિપ્યતે નરે ॥*

**જો કોઈ સતત આ રીતે કાર્ય કરતો રહે તો તે સૈકાઓ સુધી જીવવા ની આશા રાખી શકે, કારણકે એવી રીતે કરેલુ કર્મ તેને બંધન નહિં કરે. માણસને આ સિવાય બીજો કોઈ (કર્મથી મૂક્ત રહેવાનો) રસ્ તો નથી.**

ભાવાર્થ: કોઈને મરવાની ઈચ્છા નથી, અને દરેક માણસ જેટલું લાંબુ જીવી શકાય તેટલે સુધી જીવવાની કોસિષ કરે છે. દ રેક માણસમાં જ નહિં પણ દરેક કોમ, સમાજ, અને રાષ્ટ્રમાં પણ આ વલણ જોવા મળે છે. દરેક જીવ જીવવા માટે સતત ઝૂઝે છે, અને વેદો કહે છે કે આ સાવ કુદરતી છે. વાસ્તવમાં જીવ સનાતન છે, પણ તેના પાર્થીવ જીવન સાથેના બંધનને કારણે તેને પોતાનું શરીર વારંવાર બદલવું પડે છે. આ રીત જીવની જન્મજન્માંતર યા ત્રા કહેવાય છે કે જે કર્મના બંધનને કારણે થાય છે. માણસને જી વવા માટે કર્મ કરવું જ પડે છે કારણકે તે પાર્થીવ કુદરતનો કાયદો છે. જો તે આ કાયદાનો ભંગ કરે છે તો તે જીવન–મરણના ચક્કર માં વધુ ને વધુ ફસાય છે.

માણસ સિવાયના અન્ય જીવોને પણ જન્મ–મરણનું ચ ક્કર છે, પણ જીવને જ્યારે મનુષ્ય શરીર મળે છે ત્યારે તેને કર્મના બંધનોથી મુક્ત થવાનો મોકો મળે છે. કર્મ, અકર્મ, અને વિકર્મ ગ ીતામાં સ્પષ્ટ રીતે સમજાવ્યા છે. જે કાર્ય શાસ્ત્રોએ કહેલી ફરજ ત રીકે કરવામાં આવે છે તે કર્મ છે. જે કાર્ય કર્મ–બંધન કરતું નથી તે અકર્મ છે. અને જે કામ પોતાની સ્વતંત્રતાનો દુરુપયોગ કરીને કર વામાં આવે છે અને જેને કારણે મનુષ્ય સિવાયની ઉતરતી યોનિઓ માં જન્મ લેવો પડે છે તે વિકર્મ છે. આ ત્રણ જાતના કાર્યમાંથી જે કાર્ય વડે કર્મ બંધનથી મુક્તિ મળે છે તે કાર્ય બુદ્ધિશાળી લોકો પ સંદ કરે છે. આ લોક કે સ્વર્ગલોકમાં પોતે સારા છે તેવી કીર્તિ ફેલાવ ીને ઉંચા સ્તરનું જીવન હાંસલ કરવા માટે સામાન્ય માણસો સારૂં કામ કરવા ચાહે છે, પણ તેમનાથી પણ વધુ બુદ્ધિમાન લોકો કર્મ બંધનથી સદંતર મુક્તિ ઈચ્છે છે. તેઓ બરાબર જાણે છે કે સારા અને માઠા બંને જાતના કર્મો જીવને પાર્થીવ કંગાલીયતમાં બાંધે છે . પરિણામે તેઓ એવું કામ શોધે છે કે જે તેમને કર્મના બંધનોથી મુક્ત કરે.

ઈશોપનિષદનો ઉપદેશ ભગવદ્ ગીતામાં વિસ્તારથી સમ જાવવામાં આવ્યો છે. ગીતા ઉપનિષદોનો સાર છે તેથી તેને ગીતોપ નિષદ કહેવામાં આવે છે. ગીતામાં ભગવાન કહે છે કે વેદો માં કહે લા કર્મો કર્યા વગર કોઈ નૈષ્કર્મ કે અકર્મની સ્થિતિ મેળવી શકતું ન થી. વેદકર્મો કરવાથી માણસની કાર્ય શક્તિનું એવું નિયમન થાય છે કે જે વડે ધીરે ધીરે માણસને સર્વોપરી ભગવાનની સત્તાનો સા ક્ષત્કાર થાય છે. જ્યારે માણસને ભગગવાનની સત્તાનો સાક્ષાત્કાર થાય ત્યારે એમ સમજવું જોઈએ કે તે સાચા જ્ઞાનના સ્તર પર આવ યો છે. આ શુદ્ધ સ્તરમાં પ્રકૃતિના ગુણો – સત્વ, રજસ, અને તમ સ – અસર કરતા નથી, અને તેથી માણસ નૈષ્કર્મ કાર્ય કરવા શક્ તિમાન બને છે કે જે કાર્ય જન્મ–મરણના ફેરામાં બાંધતું નથી.

વાસ્તવમાં કોઈએ ભગવાની ભકિત–સેવાથી વધુ કશુજ કરવાનું નથી. પણ જીવનના નિચલા સ્તરોમાં માણસ તરત ભકિત –સેવાનું કાર્ય અપનાવી શકતો નથી અને સકામ કર્મ સદંતર છોડી પણ સકતો નથી. પ્રકૃતિના ગુણોથી બંધાયેલો જીવ પોતાની ઈંદ્રીયો ના હાલના કે ભવિષ્યના સુખો માટે કાર્ય કરવા, પોતાનો સ્વાર્થ સા ધવા, ટેવાયેલો છે. સામાન્ય માણસ પોતાની ઈન્દ્રિયોના સુંખો મા ટે કામ કરે છે. ઈન્દ્રીય સુખના આ સિદ્ધાતને વિસ્તુત કરી ને તેમ ાં સમાજ, રાષ્ટ્ર, કે માણસજાતને સમાવવામાં આવે છે ત્યારે તે પરો પકારવાદ, સમાજવાદ, સામ્યવાદ, કોમવાદ, રાષ્ટ્રવાદ, માણસાઈવા દ, વગેરે જેવા જુદા જુદા આકર્ષક નામો ધારણ કરે છે. આ વાદો ખ રેખર કર્મબંધનના આકર્ષક રૂપો છે, પણ ઈશોપનિષદની વેદિક સુ ચના એ છે કે જો માણસે ઉપરના કોઈ પણ વાદ માટે જીવવું હોય તો તેણે તે વાદને ભગવાન–કેન્દ્રિત કરવું જોઈએ. જો માણસ ભગ વાને ધ્યાનમાં રાખીને પોતાનું બધું કામ ભગવાન–કેન્દ્રિત કરે તો તેને પરોપકારવાદી, સમાજવાદી, સામ્યવાદી, કોમવાદી, રાષ્ટ્રવાદી, કે માણસાઈવાદી થવામાં કોઈ નુકસાન નથી.

ભગવદ્ ગીતા (૨.૪૦) કહે છે કે ભગવાન–કેન્દ્રિત કામો એટલા બધા કિમતી છે કે માત્ર તે થોડા જ કામો માણસને મોટા ભ યથી બચાવે છે. જીવનનો મોટો ભય જીવન–મરણના ઉત્ક્રાંતિ ચ ક્કરમાં સરકી પડવાનો છે. જો કોઈ રીતે માણસ પોતાના મનુષ્ય શરીરને કારણે તેને મળેલી દિવ્ય તક ગુમાવે અને જીવન–મરણના ઉત્ક્રાંતિ ચક્કરમાં સરકી પડે તો તેને બહૂજ દુર્ભાગી સમજવો જોઈ એ. પોતાની ક્ષતિવાળી ઈન્દ્રીયોને કારણે મૂર્ખ માણસ એ નથી સ મજી શકતો કે આ બની રહ્યું છે. તેથી શ્રીઈશોપનિષદ્ આપણને ઈશાવાસ્યના ભાવથી આપણી શકિતઓ વાપરવા શિખામણ આપે છે. તેમ કરીને આપણે ઘણાં વરસો જીવવાની આશા રખી શકીએ, નહિંતો માત્ર લાંબુ જીવવાનો કોઈ અર્થ નથી. કોઈ વૃક્ષો પણ સો સો કે હજ્જારો વર્ષ જીવે છે, પણ વૃક્ષોની જેમ લાંબુ જીવવાનો, કે ધમણની જેમ ખાલી શ્વાસ લેવાનો, કે કૂતરા કે ભૂંડની જેમ બાળક ો પેદા કરવાનો, કે ઊંટની જેમ ખા ખા કરવાનો કોઈ અર્થ નથી. ભ ગવાન રહિત પરોપકોરવાદ કે સમાજવાદને અર્પણ કરેલા જબ્બર છેતરપિંડીની યુકિત વાળા જીવન કરતાં એક નમ્ર, ભગવાન–કેન્દ્રિ ત જીવન વધુ કિમતી છે.

જ્યારે ઈશોપનિષદના ભાવથી પરોપકાર કરવામાં આવે છે ત્યારે તે કર્મયોગનતોએક રૂપ બને છે. તેવા કાયર્નો ભગવદ્ ગી તા (૧૮.૫–૯) માં ભલામણ કરવામાં આવી છે. તેવું કાર્ય માણસ ને ખાત્રી પૂર્વક જીવન–મરણના ચક્કરમાં સરકી પડવાના ભયથી રક્ષણ આપે છે. જો આવી ભગવાન–કેન્દ્રીત પ્રવૃત્તિ અધૂરી રહે ત ો પણ તે કરનાર માણસ માટે સારી છે, કારણકે તે પ્રવૃત્તિ ખાત્રી પૂ ર્વક તે માણસને તરત બીજો મનુષ્ય જન્મ આપે છે. આ રીતે માણ સને મુકિતના પંથે પોતાની આધ્યાત્મિક સ્થિતિ સુધારવાનો બીજો મોકો મળી શકે છે.

--xxx--

*ૐ નમ:*

# ઈશોપનિષદ

*શ્રી ભકિતવેદાંત સ્વામી પ્રભુપાદે ઈશોપનિષદનું અંગ્રેજીમાં ભાષાં તર અને વિવેચન કર્યું છે. તેનું ગુજરાતીમાં ભાષાંતર તમારી સેવા માં મારી અલ્પ શકિત પ્રમાણે રજુ કરૂં છું. –સુ. વ્યાસ:*

## મંત્ર ૩

અસુર્યા નામ તે લોકા અન્ધેન તમસા'વૃતા:
તામ્સ્ તે પ્રેત્યાભિગચ્છન્તિ યે કે ચાત્મહનો જના:

**આત્માનો ઘાત કરનાર, ભલે તે ગમે તે હોય, નાસ્તિકના ગ્રહમાં જા ય છે જે ગ્રહ અશ્રદ્ધાળુઓના જગત તરીકે ઓળખાય છે અને તે જગત અંધકારમય અને અજ્ઞાન યુકત છે.**

ભાવાર્થ: મનુષ્ય જીવન તેની ભારે જવાબદારીઓને કારણે જનાવ રોના જીવનથી નિરાળું છે. જેઓ આ જવાબદારી જાણે છે અને તે મુજબ કાર્ય કરે છે તે સુર (હરિ–જન) કહેવાય છે, અને જેઓ આ જવાબદારીઓ અવગણે છે અથવા જેમને ખબર નથી કે આ જવા બદારીઓ શું છે તેઓ અસુર (રાક્ષસ) કહેવાય છે. આખા વિશ્વમાં આ બે જાતના મનુષ્યો જોવા મળે છે. ઋગ્વેદમાં કહ્યું છે કે સુર લોકોનો ધ્યેય વિષ્ણુ ભગવાનના ચરણ–પદ્મ મેળવવાનો છે અને તે પ્રમાણે તેઓ વર્તે છે. તેમના પંથો સૂર્યના પંથ જેમ પ્રકાશમાન છે.

બુદ્દિધમાન માણસે એ હંમેશ યાદ રાખવું જોઈએ કે અને ક જન્મોની ઉત્ક્રાંતિ પછી આ મોંઘો મનુષ્ય દેહ મળ્યો છે. આ ભૌ તિક જગતને કોઈ વખત સમુદ્ર સાથે સરખાવવામાં આવે છે, અને આ મનુષ્ય શરીરને આ સંસાર સમુદ્રને પાર કરવા માટેની એક મ જબૂત હોડી તરીકે ગણવામાં આવે છે. વેદ–શાસ્ત્રો, આચાર્યો, અને સાધુઓને નિષ્ણાંત નાવિક તરીકે ગણવામાં આવે છે, અને શરીરન ી જે કામયાબીઓ છે તેને ધ્યેય તરફ ધકેલતા સગવડીઆ પવન ત રીકે ગણવામાં આવે છે. આટલી બધી સગવડો હોવા છતાં પણ જો માણસ આત્મ સાક્ષાત્કાર ન કરે તો તેને આત્મ ઘાતક જ ગણવો જ ોઈએ. શ્રી ઈશોપનિષદ ચોખ્ખી ચેતવણી આપે છે કે આત્મઘાતકો અંધકારમય અજ્ઞાન–ગ્રહમાં નિરંતર યાતના ભોગવે છે.

ભૂંડો, કૂતરા, ઊંટો, ગધેડાં, વગેરે પ્રાણીઓની જરૂરીઆતો પણ આપણી જરૂરીઆતો જેટલી મહત્વની છે, પણ એમનો જરૂરી આતો ગંદી અને ગમગીન રીતે સંતોષાય છે. કુદરતે માણસને આરા મથી જીવવા માટે બધી સગવડો આપી છે કારણકે મનુષ્ય–જીવન પશુ–જીવન કરતાં વધુ અગત્યનું અને કિમતિ છે. પશુ કરતાં મા ણસ કેમ સારી રીતે જીવે છે? એક ઊંચા હોદ્દાના માણસને શા મા ટે એક સામાન્ય પટાવાળા કરતાં વધુ સગવડો આપવામાં આવે છે? જવાબ એ છે કે ઊંચા હોદ્દાના માણસને ચડતી કક્ષાની ફરજો બ જાવવાની છે. પશુ કરતાં માણસને ઊંચી કક્ષાની જવાબદારી બજા વવાની છે. પશુઓ તો હંમેશ પોતોનું ભૂખ્યું પેટ ભરવામાં મચ્યા હોય છે. છતાં આધુનિક આત્મઘાતક સંસ્કૃતિએ પેટની ભૂખ સમસ યા વધારી છે. આધુનિક સુસંસ્કૃત માણસ સુંધરેલા પશુ જેવો છે. તેને પૂછીએ કે તેનું શું કામ છે, તો કહેશે કે તે માત્ર પેટ ભરવા કામ કરે છે, અને આત્મ સાક્ષાત્કારની કોઈ જરૂર નથી. કુદરત જોકે એ

વી નીર્દય છે કે માણસ પેટ ભરવા ભલે સખત મહેનત કરવા આતુર હોય, પણ તેને બેકારીની ધમકી હંમેશ રહે છે.

આ મનુષ્ય શરીર ગધેડાં અને ભૂંડની જેમ સખત કામ કરવા માટે આપવામાં આવ્યું નથી, પણ જીવનની સૌથી ઊંચી પરિપૂર્ણતા હાંસલ કરવા માટે આપવામાં આવ્યું છે. જો આપણે આત્મ સાક્ષાત્કારની પરવા નહિં કરીએ તો કુદરત આપણને સખત કામ કરવા આપણી મરજી વિરૂદ્ધ મજબૂર કરશે. આ સમયમાં પશુઓની જેમ ગાડાં ખેંચવા માણસ મજબૂર થયા છે. અસુરોનીને કેવા ગ્રહોમાં જઈ યાતના ભોગવવી પડે છે તે ઈશોપનિષદના આ શ્લોકમાં જણાવ્યું છે. જો માણસ પોતાની માણસ તરીકે ની ફરજ બજાવામાં નિષ્ફળ થશે તો તે જન્મજન્માંતર અસુરોના ગ્રહોમાં હલકી યોનિઓમાં જન્મ લેશે અને અજ્ઞાન અને અંધકારમાં સખત કામ કરશે.

ભગવદ્ ગીતા (૬.૪૧-૪૩)માં એમ કહેલું છે કે જો એક માણસ આત્મ સાક્ષાત્કારને રસ્તે ચાલે, અને ખરા દિલથી તે માટે પ્રયત્નો કરે છતાં પણ જો તે આત્મ સાક્ષાત્કાર ન કરી શકે, તો તેને શુચી અથવા શ્રીમત્ના કુટુંબમાં જન્મીને આત્મ સાક્ષાત્કાર કરવાનો ફરી મોકો મળે છે. શુચી એટલે સારી આધ્યાત્મિક પ્રગતિ કરેલો બ્રાહ્મણ, અને શ્રીમત્ એટલે વૈશ્ય, વેપારી. આમ, ભગવદ્ સાક્ષાત્કાર માટે માત્ર પ્રયત્ન જ કરે તો તેને ધનવાન કુટુંબમાં જન્મ ચોક્કસ મળે છે. પણ જે પ્રયત્ન જ ન કરે, જે ભ્રમણામાં રહેવા ઈચ્છે, જે બહૂજ ભૌતિક સુંખોમાં આસક્તિ વાળો રહે, તે વેદ-શાસ્ત્રો કહે છે તે મુજબ અજ્ઞાન-અંધકારમય નરકમાં જાય. આવા ભૌતિકવાદી અસુરો કોઈ વખત ધર્મનો ઢોંગ કરે છે, પણ તેમનો મૂચ ઉદ્દેશ ભૌતિક વૈભવ મેચવવાનો હોય છે. આવા લોકોને ગીતા (૧૬.૧૭-૧૮) ઠપકો આપે છે, કારણકે તેવા લોકો માત્ર છેતરપિંડીના જોરે મોટા ગણાતા હોય છે, અને તેમની સત્તા અજ્ઞાનીઓના મતથી અને પોતાની સંપત્તિથી હોય છે. આવા અસુરા નક્કી અંધકારમય નરકમાં જાય છે. મૂળ વાત એ છે કે માણસ ખાલી આર્થિક સમસ્યા, જે અસ્થિર છે તે, ઉકેલવા સર્જાયો નથી પણ ભૌતિક જીવનની બધી જ સમસ્યાઓ, કે જેમાં કુદરતે તેને મુક્યો છે, ઉકેલવા સર્જાયો છે.

--xxx--

## મંત્ર ૪

*અનેજદેકમ્ મનસો જવીયો નૈનદ્દેવા આપ્નુવન્ પૂર્વમર્ષત્*
*તદ્ ધાવતોન્યાન્ અત્યેતિ તિષ્ઠત્ તસ્મિન્નપો માતરિશ્વા દધાતિ*

**ભગવાન પોતાનું ધામ કદી છોડતા નથી, છતાં પણ તે મન કરતાં પણ વધુ વેગવાન છે અને દોડમાં બધાયથી આગળ નિકળી શકે છે. શક્તિશાળી દેવતાઓ પણ તેની પાસે પહોંચી શકતા નથી. તે એક જ જગ્યાએ રહે છે અને છતાં તે હવા અને વરસાદના દેવતાઓને કાબુમાં રાખે છે. તે બધાથી સર્વોત્તમ છે.**

ભાવાર્થ: ભગવાન સર્વોપરિ અને નિરપેક્ષ પૂર્ણપુરુષોત્તમ છે. સૌથી મોટો તત્વજ્ઞાની ભલે ગમે તેટલા માનસિક તર્કવિતર્ક કરે તો પણ તર્કવિતર્કથી તે ભગવાનને જાણી શકતો નથી. ભગવાનો ભક્ત જ ભગવાનની કૃપાથી ભગવાનને જાણી શકે છે. બ્રહ્મ સંહિતામાં એમ કહ્યું છે કે અભક્ત તત્વજ્ઞાની મનના વેગથી સેંકડો વરસ પરમ સત્ય તરફ દોડે તો પણ તેને જાણ થશે કે પોતે પરમ સત્યથી ખૂબ દૂર છે. ઈશોપનિષદમાં કહ્યું છે તે મુજબ નિરપક્ષ ભગવાનને કૃષ્ણલોક નામનું ઈન્દ્રિયાતીત ધામ છે કે જ્યાં તે રહે છે અને પોતાની લીલાઓમાં રત રહે છે. છતાં પોતાની અચિન્ત્ય શક્તિઓ વડે તે પોતે સર્જેલા સમસ્ત વિશ્વના દરેક ભાગમાં એક સાથે પહોંચી શકે છે. વિષ્ણુ પુરાણમાં તેની શક્તિઓનેઅગ્નિમાંથી નિકળતા પ્રકાશ અને ગરમી સરખાવવામાં આવી છે. એકજ જગ્યાએ રહીને અગ્નિ પોતાનનો પ્રકાશ અને ગરમી બધે ફેલાવી શકે છે. તે જ પ્રમાણે નિરપેક્ષ ભગવાન પાતાના અચિન્ત્ય ધામમાં એકજ સ્થાને રહીને પણ પોતાની શક્તિઓ બધે ફેલાવી શકે છે.

ભગવાનની અનેક શક્તિઓ છે તેનમે મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે: આંતરિક, બાહ્ય, અને તે વચ્ચેની મધ્ય શક્ત. આ દરેક વિભાગના સેંકડો અને લાખ્ખો નાના ઉપ-વિભાગો છે. હવા, પ્રકાશ, વરસાદ, વગેરે કુદરતી તત્વો અને પ્રક્રિયાઓના જે અધિષ્ઠાતા સત્તાધીશ દેવતાઓ છે તે બધાય નિરપેક્ષ ભગવાનની મધ્યમ શક્તિમાં રહેલા છે. માણસો સહિત દરેક જીવો પણ આ મધ્યમ શક્તિની રચના છે. આ ભૌતિક જગત ભગવાનની બાહ્ય શક્તિની રચના છે, અને આધ્યાત્મિક આકાશ, એટલે કે ભગવાનનું રાજ્ય, ભગવાનની આંતરિક શક્તિનું પ્રાગટ્ય છે.

આ રીતે ભગવાનની જુદી જુદી શક્તિઓ સર્વત્ર પ્રસરેલી છે. ભગવાન અને ભગવાનની શક્તિઓ વચ્ચે કોઈ ભેદ નથી, પણ તેથી કોઈએ એવો ખોટો ખ્યાલ ન કરવો કે ભગવાન અવ્યક્તિગત રીતે બધે છે અથવા તે વ્યક્તિગત હયાતિ ગુમાવે છે. માણસો પોતાની સમજ ક્ષમતા મુજબ નિર્ણય લેવા ટેવાયેલા છે, પણ ભગવાન આપણી અલ્પ ક્ષમતાનું પરિણામ બનતા નથી. (એટલે કે આપણે આમ માનીએ કે તેમ માનીએ પણ તેથી ભગવાનના ગુણધર્મો બદલતા નથી, જેમ કે આપણે એમ માનીએ કે અગ્નિ શીતળ છે તો તેથી અગ્નિ શીતળ બની જતો નથી. તેથી પ્રકૃતિ અને પુરુપ વિશે આપણે સાચું જાણીએ તેજ ફાયદો કરે છે.) તેથી ઉપનિશદો આપણને ચેતવે છે કે માત્ર પોતાની અલ્પ શક્તિ વડે કોઈ માણસ ભગવાન પાસે પહોંચી શકતો નથી.

ભગવદ્ ગીતા (૧૦.૨)માં ભગવાન કહે છે કે કોઈ, અરે મોટા ઋષિ અને સુરો પણ, તેને જાણી શકતા નથી, તો પછી અસુરોની વાત ક્યાં કરવી. તેઓ તો ભગવાના રસ્તા પણ જાણવાની લાયકાત પણ ધરાવતા નથી. આ ચોથો મંત્ર સ્પષ્ટ રીતે સુચવે છે કે પરમ સત્ય એ પરમપુરુષ છે; નહિં તો ભગવાના વ્યક્તિગત ગુણો આટલા બધા ભિન્ન ભિન્ન છે તેમ જણાવવાની કોઈ જરૂર ન હતી.

ભગવાનની શક્તિના અલગ અલગ વિભાગોને (એટલે કે જીવો અને દેવતાઓને) ભગવાન જેવા જ બધા ગુણો છે, પણ તેમનું કાર્યક્ષેત્ર સીમિત છે. તેથી તે વિભાગો સીમિત છે. વિભાગ કદી પૂર્ણની બરાબર હોતો નથી; તેથી વિભાગો ભગવાનની પૂર્ણ શક્તિઓ નો તાગ લઈ શકતા નથી. પ્રકૃતિના પ્રભાવ નિચે મૂર્ખ અને અજ્ઞાની લોકો, જે ભગવાનના વિભાગ જ છે તે, ભગવાનની ઈન્દ્રીઅતીત સ્થિતિ વિષે અનુમાન કરવાની કોશીષ કરે છે. શ્રી ઈશોપનિ

ષદ મનથી તર્કવિતર્ક કરીને ભગવાનને ઓળખવાના પ્રયત્નોની નિ:ક્ષમતા વિશે ચેતવે છે. ઈન્દ્રીઆતીત વિશે જાણવું હોય તો વેદો જેવા ઉત્તમ સ્થાનેથી જાણવું જોઈએ, કારણકે વેદોમાં તે જ્ઞાન છે.

સમસ્ત પૂર્ણનો દરેક વિભાગ કોઈ ખાસ ક્રિયા શક્તિ વાળો છે. જ્યારે તે વિભાગ પોતાની તે ખાસ ક્રિયા ભૂલી જાય છે ત્યારે તે માયામાં, ભ્રમણામાં, રહેલો છે તેમ કહેવાય છે. તેથી ઠેઠ શરૂઆતથી શ્રી ઈશોપનિષદ આપણને ભગવાને આપણને જે ક્રિયા કરવા નિમેલા છે તે કામ ખૂબ સંભાળ પૂર્વક કરવા ચેતવણી આપે છે. આનો અર્થ એમ નથી કે દરેક જીવને પોતાની ઈચ્છા મુજબ વર્તવાની સ્વતંત્રતા નથી, પણ તે ભગવાનનો એક ભાગ છે તેથી તેણે ભગવાનની ઈચ્છા પ્રમાણે પણ કરવું જોઈએ. બધું છે તે ભગવાનની જ શક્તિ છે તેમ સમજીને જો કોઈ બુદ્દિધ પૂર્વક પોતાની ઈચ્છાઓ કરે તો તે પોતાની મૂળ ચેતના ફરી પ્રાપ્ત કરી શકે છે કે જે બાહ્ય શક્તિ અથવા માયાને કારણે તે ખોઈ બેઠો છે.

બધી શક્તિઓ ભગવાન પાસેથી મળેછે; માટે દરેક જુદી જુદી શક્તિ ભગવાનની ઈચ્છાપૂર્તિ માટે જ વાપરવી જોઈએ, બીજા કોઈ અર્થે નહિં. જેણે નમ્રતાનો, શરણાગતિનો, ભાવ ધારણ કરેલો છે તે ભગવાનને જાણી શકે છે. ભગવાનના બધા ગુણધર્મો જાણવા, તેની બધી શક્તિઓ જાણવી, અને તે શક્તિઓ ભગવાનની મરજી મુજબ કેવી રીતે કામ કરે છે તે જાણવું તે પૂર્ણ જ્ઞાન છે. માત્ર આ બાબતો જ ભગવાને ભગવદ્ ગીતા, કે જે ઉપનિષદોનો સાર છે, તેમાં વર્ણવી છે.

--xxx--

## મંત્ર ૫

*તદેજતિ તન્નૈજતિ તદ્ દૂરે તદ્વન્તિકે*
*તદન્તરસ્ય સર્વસ્ય તદુ સર્વસ્યાસ્ય બાહ્યત:*

**સર્વોપરી ભગવાન ચાલે છે અને નથી ચાલતા. તે ખૂબ દૂર છે, પણ તે ઘણાં નજીક પણ છે. તે દરેક વસ્તુની અંદર છે, અને છતાં તે દરેક વસ્તુની બહાર પણ છે.**

ભાવાર્થ: ભગવાન પોતાની અચિંત્ય શક્તિઓ વડે જે ઈન્દ્રિયાતીત લીલાઓ કરે છે તેની સમજાણ અહિં આપી છે. ભગવાનની અચિંત્ય શક્તિઓને સાબિત કરવા માટે અહિં વિરોધાભાસો આપવામાં આવ્યા છે. તે ચાલે છે, અને તે નથી ચાલતા. આવો વિરોધાભાસ અચિંત્ય શક્તિઓનું સુચન કરવા માટે છે. આપણે આપણા અલ્પ જ્ઞાનને કારણે આવા વિરોધાભાસો માની ન શકીએ. આપણે આપણી મર્યાદિત સમજશક્તિ મુજબ જ ભગવાન વિશે ખ્યાલ કરી શકીએ. માયાવાદી પંથના અવ્યક્તિગતવાદી તત્વજ્ઞાનીઓ ભગવાનની માત્ર અવ્યક્તિગત ક્રિયાઓ જ સ્વીકારે છે અનેભગવાનના વ્યક્તિગત પાસાને તજે છે, જ્યારે ભાગવત પંથીઓ ભગવાન વ્યક્તિગત છે અને અવ્યક્તિગત છે એમ બંને રીતે સ્વીકારે છે. ભાગવતીઓ ભગવાનની અચિંત્ય શક્તીઓને પણ સ્વીકારે છે, કારણકે તે વગર 'સર્વોપરી ભગવાન' એ શબ્દોનો કોઈ અર્થ ન રહે.

આપણે ભગવાન જોઈ શકતા નથી તેથી આપણે એમ ન માની લવું જોઈએ કે ભગવાનને વ્યક્તિગત અસ્તિત્વ નથી. ઈશોપનિષદ 'ભગવાન દૂર છે અને નજીક પણ છે' એવું કહીને આપણને ચેતવેછે અને આવી દલીલને ખોટી સાબિત કરે છે. ભગવાનનું ધામ આ ભૌતિક આકાશની બહાર છે, અને આ ભૌતિક આકાશને માપવાનું સાધન પણ આપણી પાસે નથી. જો ભૌતિક આકાશ આટલું બધું ફેલાયેલું છે, તો આધ્યાત્મિક આકાશની તો શું વાત કરવી? ભૌતિક આકાશથી આધ્યાત્મિક આકાશ ખૂબ ખૂબ દૂર છે એ વાત ભગવદ ગીતા (૧૫.૬) માં પણ કહી છે. એટલે દૂર હોવા છતાં ભગવાન એક ક્ષણમાં તુરત મન કરતાં પણ વધુ વેગથી આપણી પાસે નિચે આવી શકે છે. તે એટલી બધી ઝડપથી ચાલી પણ શકે છે કે કોઈ પણ તેની આગળ ન નિકળી શકે. આ ની આગળના જ મંત્રમાં આ કહેલું છે.

છતાં જ્યારે ભગવાન આપણી સામે આવેછે ત્યારે આપણે તેને અવગણીએ છીએ. આવી મૂર્છ અવગણનાને ભગવાને ભગવદ ગીતા (૯.૧૧)માં ઉતારી પાડી છે. ત્યાં ભગવાન કહે છે કે મૂર્ખ લોકો 'ભગવાન મરણાધીન છે' એમ કહીને ભગવાનની મશ્કરી કરે છે. ભગવાન મરણાધીન નથી, અને તે ભૌતિક તત્વોથી બનેલું શરીર લઈને આપણી પાસે આવતા નથી. એવા ઘણાં કહેવાતા વિદ્વાનનો છે કે જેઓ એમ માને છે કે સામાન્ય જીવોની જેમ ભગવાન પણ ભૌતિક તત્વોથી બનેલું શરીર લઈને અવતરે છે. ભગવાનની અચિંત્ય શક્તીઓની જાણ ન હોવાથી આવા મૂર્ખ લોકો ભગવાનને સામાન્ય માણસોના સ્તરમાં ગણે છે.

ભગવાન અચિંત્ય શક્તિઓથી ભરપૂર છે તેથી તે કોઈ પણ માધ્યમ દ્વારા આપણી સેવા સ્વીકારી શકે છે. તે પોતાની મરજી મુજબ પોતાની અચિંત્ય શક્તિઓનું પરિવર્તન કરી શકે છે. નાસ્તિકો એમ દલીલ કરે છે કે ભગવાન પોતે અવતાર લઈ શકે જ નહિં, અને જો લે, તો તે ભૌતિક શક્તિના રૂપે અવતરે છે. જો આપણે અચિંત્ય શક્તિઓને સત્ય માનીએ તો આવી દલીલ ખોટી ઠરે છે. જો ભગવાન ભૌતિક શક્તિના રૂપે અવતરે તો પણ તે ભૌતિક શક્તિનું આધ્યાત્મિક શક્તિમાં પરિવર્તન કરવા શક્તિમાન છે. બધી શક્તિઓનું મૂળ એક જ છે તેથી બધી શક્તિઓ તેમના મૂળની મરજી મુજબ વાપરવી જોઈએ. દા. ત., ભગવાન અર્ચવિગ્રહના રૂપે, એટલે કે માટી, લાકડાં, કે પથ્થરની મૂર્તિના રૂપે અવતરી શકે છે. આ રૂપો માટી, લાકડાં, કે પથ્થરમાંથી બનાવેલા હોવાથી મૂર્તિભંજકો તેમને પૂતળાં માને છે પણ તે પૂતળાં નથી.

આપણી અત્યારની અનુત્તમ ભૌતિક હયાતીમાં આપણી દૃષ્ટિ અનુત્તમ હોવાથી આપણે ભગવાનને જોઈ શકતા નથી. તો પણ જે ભક્તો તેને ભૌતિક દૃષ્ટિથી જોવા ઈચ્છે છે તેમને પણ દર્શન દેવા માટે ભગવાન મૂર્તિના રૂપે પ્રગટે છે અને તેમની સેવા સ્વીકારે છે. કોઈએ એમ ન માનવું જોઈએ કે આવા નિચલા સ્તરના ભક્તો પૂતળાં પૂજે છે. તેઓ ખરેખર ભગવાનને જ પૂજે છે, કે જે ભગવાન પોતાની મરજીથી તે ભક્તો તેમને મળી શકે તે રીતે પ્રગટ થયા છે. અને તે અર્ચ આકાર પૂજનારની ફાવે તેવી મરજી પ્રમાણે બનાવેલો હોતો નથી. તે અર્ચ આકારને ભગવાનના બધા બાહ્ય ચિન્હો અને સામગ્રી હોય છે. કોઈ પણ ખરા દિલનો ભક્ત આ અનુભવી શકે છે, પણ નાસ્તિક નથી અનુભવી શકતો.

ભગવદ્ ગીતા (૪.૧૧)માં ભગવાન કહે છે કે તેનો ભક્ત જે રીતે ભગવાનું શરણું સ્વીકારે છે તે અનુસાર ભગવાન તેની સાથે વર્તે છે. ગમે તેની સામે પ્રગટ ન થવાનો અને માત્ર પોતાને શરણે આવેલા ભક્તો માટે જ પ્રગટ થવાનો પોતાનો અધિકાર ભગવાન જાળવી રાખે છે. આ રીતે શરણે આવેલાઓ માટે ભગવાન સાવ ન જીક છે, અને જેઓ શરણે નથી આવ્યા તેમને માટે ખૂબ દૂર છે.

આ બાબતમાં શાસ્ત્રોમાં બે શબ્દો – સગુણ અને નિર્ગુણ – વારંવાર આવે છે તે ખૂબ અગત્યના છે. ભગવાન અવતરે છે ત્ય ારે સગુણ કહેવાય છે, પણ સગુણ નો અર્થ એમ નથી કે તે પ્રકૃતિની સત્તા નિચે આવી જાય છે, જોકે તેને તે વખતે આપણે અનુભવી શકીએ તેવા ગુણો અને આકાર હોય છે. ભગવાન માટે ભૌતિક અ ને આધ્યાત્મિક શક્તિઓમાં કોઈ ફેર નથી કારણકે બધી શક્તિઓ નું ઉદ્દગમ સ્થાન એ પોતે જ છે. ભગવાનની શક્તિઓ આપણા પ ર સત્તા ચલાવે છે પણ ભગવાન પર નહિં, કારણ કે તે ભગવાનના કાબુમાં છે. ભૌતિક શક્તિ ભગવાનના હુકમ પ્રમાણે વર્તે છે. માટે ભગવાન તે શક્તિ પોતાનો હેતુ પાર પાડવા માંટે વાપરે છે, અને તે શક્તિ ભગવાન પર કદી કોઈ અસર કરી શ ક તી નથી. અને ભ ગવાન કદી નિરાકાર બની જતા નથી, કારણકે મૂળે તે આદિ ભગવા નને સનાતન આકાર છે. ભગવાનનું અવ્યક્તિગતપનું, અથવા બ્ર હ્મ તેજ, તે તેના શરીરમાંથી નિકળતું તેજ છે તે એ રીતે કે જે રીતે સૂર્યના કિરણો તે સૂર્ય ભગવાનું તેજ છે.

જ્યારે બાળ સંત પ્રહલાદ મહારાજ તેમના નાસ્તિક પિતા પાસે હતા ત્યારે તેમનના પિતાએ તેમને પૂછ્યું: 'ક્યાં છે તારો ભગ વાન?' પ્રહલાદ: 'તે બધે રહે છે.' પિતાએ ગુસ્સાથી પૂછ્યું: 'શું તે મહેલના આ કોઈ થાંભલામાં છે?' પ્રહલાદ: 'હા.' તે નાસ્તિક પિતા એ તલવારના એક ઝાટકે થાંભલો તોડી પાડ્યો, અને ભગવાન ક્ષણ ભરમાં નરસિંહ રૂપે પ્રગટ થયા અને તેમણે તે નાસ્તિક રાજાને માર ી નાખ્યો. આ રીતે ભગવાન દરેક વસ્તુમાં છે, અને તે દરેક વસ્તુને પોતાની અલગ અલગ શક્તિઓ વડે બનાવે છે. પોતાના ખરા દિ લના ભગતને રાજી કરવા ભગવાન પોતાની અચિંત્ય શક્તિ વડે ગ મે ત્યારે ગમે ત્યાં પ્રગટ થઈ શકે છે. નરસિંહ ભગવાન થાંભલામાં થી નિકળ્યા તે નાસ્તિક રાજાના હુકમથી નહિં પણ ભગત પ્રહલાદ ની ઈચ્છાથી નિકળ્યા. કોઈ નસ્તિક ભગવાનને પ્રગટ થવા માટે હુ કમ ન કરી શકે, પણ ભગવાન પોતાના ભગત પર કૃપા કરવા ગમે ત યારે ગમે ત્યાં પ્રગટ થશે. ભગવદ્ ગીતા (૪.૮) તે જ પ્રમાણે કહે છે કે ભગવાન નાસ્તિકોનો નાશ કરવા અને આસ્તિકોને રક્ષણ આ પવા પ્રગટે છે. જરૂર, નાસ્તિકોનો નાશ કરવા માટ ભગવાન પાસે પૂરતી શક્તિઓ અને પાર્ષદો છે, પણ પોતે પોતાના ભગતોને રાજી કર તો પોતે બહુ રાજી થાય છે. તેથી તે અહિં નિચે અવતરે છે. હ કિકતમાં તે પોતાના ભગતોને રાજી કરવા માટે જ અવતરે છે.

બ્રહ્મ સંહિતામાં એમ કહેલું છે કે આદિ પૂરૂષ ગોવિંદ, પો તાના સંપૂર્ણ ભાગ વડે દરેક વસ્તુમાં પ્રવેશ કરે છે. તે સમસ્ત વિ શ્વમાં અને વિશ્વના દરેક અણુમાં પણ પ્રવેશ કરે છે. તેના વિરાટ સ્વરૂપે તે દરેક વસ્તુની બહાર છે, અને અંતર્યામી રૂપે દરેક વસ્તુની અંદર છે. અંર્યામી રૂપે તે જે કાંઈ બને છે તે સાક્ષી રૂપે જુએ છે. આપણા કર્મના પરિણામ રૂપે તે કર્મ ફળ આપે છે. આપણા આગલ ા જન્મોમાં આપણે શું કર્યુ છે તે ઘનું કરીને આપણે ભૂલી જઈએ છીએ, પણ ભગવાનને તો તે બધી ખબર છે. અને તેથી તે બધા ક ર્મોના ફળ આપણે ભોગવવાના જ છે.

હકીકત એ છે કે અંદર કે બહાર ભગવાન સિવાય બીજું કાંઈ નથી. જે રીતે પ્રકાશ અને ગરમી અગ્નિમાંથી ઉત્પન્ન થાય છે તે રીતે દરેક વસ્તુ ભગવાનની અલગ અલગ શક્તિઓને વડે ઉત્પ ન્ન થાય છે. અને એ રીતે ભિન્ન ભિન્ન શક્તિઓમાં એકતા છે. તે એકતા હોવા છતાં ભગવાન પોતાના સુક્ષ્મ ભાગ – જીવ– ની ઈન્ દ્રયો વડે જે કાંઈ ભોગવવાનું છે તે બધું ભોગવે છે.

--xxx--

## મંત્ર ૬

*યસ્તુ સર્વાણિ ભૂતાન્યાત્ મન્યેવાનુપશ્યતિ*
*સર્વભૂતેષુ ચાત્માનમ્ તતો ન વિજુગુપ્સતે*

**જે દરેક વસ્તુને સર્વોપરી ભગવાન સાથે સંબંધિત જુએ છે, જે દરેક જીવને ભગવાનના એક ભાગ તરીકે જુએ છે, અને જે દરેક વસ્તુમ ાં ભગવાન જુએ છે, તે કોઈ વસ્તુ કે જીવને ધિક્કારતો નથી.**

ભાવર્થ: આ મહાભાગવત મહાન વ્યક્તિનું વર્ણન છે કે જે દરેક વ સ્તુને સર્વોપરી ભગવાન સાથે સંબંધિત જુએ છે. ભગવાનની હાજ રીનો સાક્ષાત્કાર કરવા વાળાના ત્રણ સ્તર છે. જે સૌથી નિચલા સ્ત રમાં છે તે કનિષ્ઠ અધિકારી છે. તે મંદિર, મસ્જીદ, કે ચર્ચ જેવા પૂ જાના એક સ્થળે જાય છે અને શાસ્ત્રવિધિ પમાણે પૂજન કરે છે. અ ાવો ભક્ત માને છે કે ભગવાન માત્ર તે સ્થળે જ હાજર છે અનલ બીજે નથી. તે ખાત્રી પૂર્વક કહી શકતો નથી કે કોણ ભક્તિના ક્યા સ્તર પર છે, અને કોણે ભગવાનનો સાક્ષાત્કાર કર્યો છે તે પણ તે ક હી શકતો નથી. એવા ભગતો અમુક વિધિ પ્રમાણે સાધના કરતા ર હે છે અને કઈ જાતની ભક્તિ ઉત્તમ છે તે બાબતમાં કોઈક વખત એકબીજા સાથે ઝ્રગડે છે. આ કનિષ્ટ અધિકારીઓ હકિકતમાં ભૌ તિકવાદી ભગતો છે કે જેઓ માત્ર ભૌતિક સરહદની ઉપર ઉઠીને અ ાધ્યાત્મિક સ્તર પર આવવા પ્રયત્નો કરે છે.

જેઓ સાક્ષાત્કારના બીજા સ્તર પર પહોંચ્યા છે તેઓ મદ યમ અધિકારી કહેવાય છે. તેઓ માણસોને વિભાગમાં જુએ છે: (૧ ) તેઓ ભગવાનને જુએ છે, (૨) તેઓ ભગવાનના ભક્તોને જુએ છે, (૩) તેઓ નિર્દોષને જુએ છે જેઓને ભગવાન વિશે કોઈ જાણ નથી, અને (૪) તેઓ નાસ્તિકોને જુએ છે કે જેઓને ભગવાનમાં શ્રદ્ધા નથી અને જેઓ ભક્તોને ધિક્કારે છે. સંજોગો અનુસાર મદ યમ અધિકારી જુદી જુદી રીતે વર્તે છે. ભગવાન પ્રેમને પાત્ર છે તે મ સમજીને તે ભગવાનને પૂજે છે, અને જેઓ ભગવાનના ભક્તો છે તેમની સાથે તે મિત્રાચારી કરે છે. જે નિર્દોષ છે તેના હૃદયમાં સૂતેલો ભગવાન પરનો પ્રેમ જગાડવાના તે પ્રયત્નો કરે છે, પણ તે નાસ્તિકોને મળતો નથી કે જેઓ ભગવાના નામની પણ હાંસી ઉડા વે છે.

સાક્ષાત્કારના ત્રીજા સ્તર પર પહોંચેલાને ઉત્તમ અધિકાર ી કહેવાય છે કે જે દરેક વસ્તુને સર્વોપરી ભગવાન સાથે સંબંધિત

જુએ છે. આવો ભગત નાસ્તિક અને આસ્તિક વચ્ચે કોઈ ભેદભાવ કરતો નથી પણ દરેકને ભગવાનના ભાગ તરીકે જુએછે. તે જાણે છે કે એક ખૂબ ભણેલા બ્રાહ્મણ અને એક રસ્તા પરના કૂતરા વચ્ચે કોઈ ફરક નથી કારણકે બંને ભગવાના છે, જોકે તેઓને પ્રકૃતિના ગુણો અનુસાર જુદા શરીરો મળેલા છે. તે જુએ છે કે ભગવાનના બ્રાહ્મણ–કણે ભગવાને તેને આપેલી થોડી સ્વતંત્રતાનો દુરૂપયોગ કર્યો નથી, અને કૂતરા–કણે પોતાની સ્વતંત્રતાનો દુરૂપયોગ કર્યો છે તેથી કુદરતના કાયદાએ તેને એક અજ્ઞાની આકાર સાથે જોડીને શિક્ષા કરી છે. આ બંનેના કર્મ ભેદ પર ધ્યાન ન આપીને ઉત્તમ અધિકારી બંનેનુ સારૂં કરવા પ્રયત્ન કરે છે. આવો જ્ઞાની ભક્ત ભૌતિક શરીરોથી ગેરસમજમાં પડતો નથી, પણ દરેક શરીરમાં રહેલા આત્માથી આકર્ષાય છે.

જેઓ એકતા કે સમનતાનો ઢોંગ કરીને ઉત્તમ અધિકારીની નકલ કરે છે પણ જે શરીરના સ્તર પર વર્તે છે તેઓ ખરેખર ખોટા પરોપકારવાદીઓ છે. સદાનું સર્વ વચ્ચેનું ભાઈચારાનું સંધાણ ઉત્તમ અધિકારી પાસેથી શિખવું જોઈએ, નહિં કે કોઈ મૂર્ખ પાસેથી કે જે બધે રહેલા ભગવાને આત્મા અને પરમાત્મા વિષે આપેલી સમજ બરાબર સમજતો નથી.

આ છઠ્ઠા મંત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે માણસે જોવું કે અવલોકવું જોઈએ. તેનો અર્થ એમ છે કે મણસે આગલા આચાર્યો – ઉત્તમ ધર્મગુરૂઓ – ને અનુસરવું જોઈએ. આ બાબતમાં વાપરેલો મૂળ સંસ્કૃત શબ્દ *અનુપસ્યતિ* છે. *પસ્યતિ* એટલે અવલોકવું. એનો અર્થ એમ નથી કે પોતાની નરી આખોથી દેખાય છે તે જોવું. ભૌતિક ખામીઓને કારણે નરી આંખથી બધું દેખાતું નથી. જ્યાં સુધી ઉત્તમ સ્થાનેથી સાંભળ્યું ન હોય ત્યાં સુધી કોઈ યોગ્ય રીતે જોઈ શકતું નથી, અને સૌથી ઉત્તમ સ્થાન વેદજ્ઞાન છે કે જે ભગવાને પોતે બોલેલું છે. વેદિક સત્યો ગુરૂ પરંપરા દ્વારા ભગવાન પાસેથી બ્રહ્મા પાસે, બ્રહ્મા પાસેથી નારદ પાસે, નારદ પાસેથી વ્યાસ પાસે, અને વ્યાસ પાસેથી તેના અનેક શિષ્યો પાસે આવેલું છે. પહેલાં વેદોને લખવાની જરૂર નહોતી કારણકે તે વખતના લોકો વધુ બુદ્દિધમાન અને ખૂબ યાદશક્તિ વાળા હતા. ગુરૂ પાસેથી એક વખત માત્ર સાભળીને તે મુજબ આચરણ કરતા.

હાલના સમયમાં આ શ્રુતિ શાસ્ત્રો પર ઘણી ટીકાઓ છે, પણ મોટા ભાગની શ્રી વ્યાસદેવથી શરૂ થયેલી ગુરૂ પરંપરામાંથી નથી આવેલી. વેદિક જ્ઞાન શરૂમાં વ્યાસદેવે શિખવ્યું છે. તેમનું ઉત્તમ ભવ્ય લખાણ તે શ્રીમદ્ ભાગવત છે કે જે વેદાંતસૂત્ર પર સત્તાધીશ ટીકા છે. તે ઉપરાંત ભગવદ્ ગીતા પણ છ, કે જે ભગવાનેપોતે બોલેલી છે અમે વ્યાસદેવે લખેલી છે. આ બંને સૌથી વધુ અગત્યના શ્રુતિ શાસ્ત્રો છે, અને કોઈ પણ ટીકા કે જે ગીતા અને ભાગવતના સિધ્ધાંતોથી વિરૂધ્ધ છે તેને કોઈ સત્તા નથી. ઉપનિષદો, વેદાંત, વેદો, ભગવદ્ ગીતા, અને શ્રીમદ્ ભાગવત વચ્ચે અરસપરસ સંપૂર્ણ સંમતિ છે. વેદો વિષે વૈષ્ણવ ગુરૂ પરંપરામાંથી, અથવા કમસે કમ ભગવાનને જે વ્યક્તિ માને છે અને તેની અનેક શક્તિોમાં માને છે તેની પાસેથી, જ્ઞાન લીધા વગર કોઈએ કોઈ નિર્ણય પર પહોંચવાનો પ્રયત્ન કરવો જોઈએ નહિં.

ભગવદ્ ગીતા (૬.૯) મુજબ: જે મુક્ત થયેલો છે માત્ર તે જ ઉત્તમ અધિકારી ભક્ત બની શકે છે અને દરેક જીવને પોતાના બંધુ તરીકે જોઈ શકે છે. આ દૃષ્ટિ રાજકારણીઓને હોઈ શકે નહિં કે જેઓ હંમેશ કોઈ ભૌતિક ફાયદા પાછળ પડેલા હોય છે. જો કોઈ માણસ ઉત્તમ અધિકારીના લક્ષણોની નકલ કરે તો તેને પોતાના બાહ્ય શરીરની કીર્તિ કે ભૌતિક લાભ કદાચ મળે, પણ તે પોતાના આત્માને કોઈ લાભ કરતો નથી. આવા નકલીને આધ્યાત્મિક જગત વિશે કોઈ માહિતી ન હોઈ શકે. ઉત્તમ અધિકારી દરેક જીવના આત્માને જુએ છે અને તે આત્માની સેવા કરે છે. આ રીતે ભૌતિક વિભાગની આપોઆપ સેવા થાય છે.

--xxx--

## મંત્ર ૭

*યસ્મિન્ સર્વાણિ ભૂતાનિ આત્મૈવાભૂદ્ વિજાનત:*
*તત્ર કો મોહ: ક: શોક એકત્વમ્ અનુપશ્યત:*

**જે બધા જીવોને હંમેશાં ભગવાનના ગુણો વાળા આધ્યાત્મિક ઝબકારા તરીકે જુએ છે, તે વસ્તુઓનો ખરો જાણવાવાળો બને છે. પછી તેને શું ભ્રમ કે ચિંતા હોઈ શકે?**

ભાવાર્થ: ઉપર વર્ણવ્યા તે મધ્યમ અધિકારી અને ઉત્તમ અધિકારી સિવાય કોઈ માણસ જીવોના આધ્યાત્મિક ઝબકારાને સાચી રીત જોઈ શકતું નથી. જે રીતે અગ્નિના તણખાના ગુણો અને અગ્નિના ગુણો એક જ છે, તે રીતે જીવો અને ભગવાના ગુણો એક જ છે. તો પણ જો જથ્થાની દૃષ્ટિએ જોઈએ તો તણખા તે અગ્નિ નથી, કારણકે તણખામાં જે ગરમી અને પ્રકાશનો જે જથ્થો છે તે અગ્નિ જેટલો નથી. મહા ભાગવત, મહાન ભક્ત, એકતા એ અર્થમાં જુએ છે કે તે દરેક વસ્તુને ભગવાનની શક્તિ રૂપે જુએ છે. આ એકતાના ભાવનું કારણ એ છે કે શક્તિ અને શક્તિમાન વચ્ચે કોઈ ફરક નથી. જો કે વિશ્લેષક દૃષ્ટિએ ગરમી અને પ્રકાશ અગ્નિથી જુદા છે, તો પણ ગરમી અને પ્રકાશ વગર અગ્નિ શબ્દનો કોઈ અર્થ નથી. પણ સંશ્લેષણમાં ગરમી, પ્રકાશ, અને અગ્નિ, એ બધા એક જ છે.

સંસ્કૃત શબ્દો *એકત્વમ્ અનુપશ્યત:* સુચવે છે કે માણસે બધા જીવોની એકતા શ્રુતિ શાસ્ત્રની દૃષ્ટિએ જોવી જોઈએ. સર્વોપરી પૂર્ણના જાણીતા ગુણોના લગભગ ૮૦ ટકા જેટલા ગુણો તેના અલગ અલગ જીવરૂપ ઝબકારાને છે, પણ તે જથ્થાની દૃષ્ટિએ સર્વોપરી ભગવાન બરાબર નથી. આ ગુણો જીવોમાં જરા જરા જથ્થામાં છે, કારણ કે જીવો ભગવાનના જરા જરા જેટલા નાના ભાગો છે. બીજી સરખામણી: સમુદ્રના પાણીના એક ટીપામાં જેટલું મીઠું છે તેની સરખામણી આખા સમુદ્રમાં જેટલું મીઠું છે તેની સાથે ન થઈ શકે, પણ ટીપાની અંદરના મીઠાના રસાયણિક ગુણો અને દરિયાના પાણીના મીઠાના રસાયણિક ગુણો એક જ છે. જો કોઈ જીવ ગુણ અને જથ્થામાં ભગવાનની બરાબર હોય તો પછી તેને ભૌતિક શક્તિની અસરમાં આવી જવાનો કોઈ સવાલ જ નથી. આની આગલા શ્લોકમાં જણાવેલું જ છે કે કોઈ જીવ –અરે કોઈ શક્તિમાન દેવતા પણ – કોઈ રીતે ભગવાનથી મોટો ન થઈ શકે. માટે એકત્વન

ો અર્થ એ નથી કે કોઈ જીવ બધી રીતે ભગવાનની સરખો છે. જો કે તે દર્શાવે છે કે વિશાળ દૃષ્ટિએ જોતાં જેમ એક કુટુંબમાં અથવા રાષ્ટ્રમાં દરેક માણસ અલગ અલગ હોવા છતાં બધાયનો રસ એક જ છે તેમ બધાય જીવોનો રસ એક જ છે. જીવો ભગવાના કુટુંબીઓ છે. તેથી ભગવાનો અને જીવોનો રસ અલગ નથી. દરેક જીવ સર્વોપરી ભગવાનો દિકરો છે. ભગવદ્ ગીતા (૧૪.૩-૪)માં કહ્યું છે તેમ સમસ્ત વિશ્વના બધા જીવો – પક્ષીઓ, સરિશ્રુપો, કીડીઓ, પાણીના જીવો, વૃક્ષો, વગેરે બધા – સર્વોપરી ભગવાનની કિનારા પરની શકિતમાંથી ઉદ્‌ભવેલા છે. તેથી તે બધા ભગવાનના કુટુંબીજનો છે. આધ્યાત્મિક જીવનમાં પરસ્પર વિરૂધ્ધ કોઈ રસ નથી.

જીવો પોતે આનંદ માણવા માટે છે. કુદરતી રીતે અને બંધારણીય રીતે દરેક જીવ – અને ભગવાન પણ – સનાતન આનંદ માણવા માટે છે. જે જીવો ભૌતિક સ્તર પર છે તેઓ તેઓ સતત આનંદ શોધે છે, પણ તે ખોટા સ્તર પર શોધે છે. આ ભૌતિક જગતથી અલગ આધ્યાત્મિક સ્તર છે કે જ્યાં ભગવાન પોતાના અગણિત પાર્ષદો અને સહવાસીઓ સાથે આનંદ માણે છે. તે સ્તર પર ભૌતિક ગુણો જરા પણ નથી, અને તેથી તે સ્તર નિર્ગુણ કહેવાય છે. એ નિર્ગુણ સ્તર પર આનંદ માણવાના હેતુ બાબતમાં કોઈ મતભેદ કે ઝગડો નથી. અહિં ભૌતિક જગતમાં જીવો વચ્ચે હંમેશ ઝગડો હોય છે કારણ કે અહિં આનંદનું કેન્દ્ર ભૂલાયેલું છે. સાચું આનંદનું કેન્દ્ર ભગવાન છે કે જે ભવ્ય આધ્યાત્મિક રાસલીલાનુ કેન્દ્ર છે. આપણે બધા એક ઈન્દ્રિયાતીત રસથી મતભેદ વગર તેની સાથે જોડાઈને જીવનો આનંદ માણવા માટે છીએ. આધ્યાત્મિક રસનું આ ઊંચું સ્તર છે. જે કોઈ આ ઉત્તમ એકતાનો સક્ષાત્કાર કરે છે તેને કદી ભ્રમણા થવાનો કે રોવાનો કોઈ સવાલ જ નથી રહેતો.

માયા અથવા ભ્રમને કારણે એક નાસ્તિક સંસ્કૃતિ ઉઠે છે, અને એવી સંસ્કૃતિનું પરિણામ વિલાપ છે. આધુનિક રાજકારણીઓએ જે નાસ્તિક સંસ્કૃતિ ઉભી કરી છે અને ઉભી કરવા કહે છે તે હંમેશાં ચિંતાઓથી ભરપૂર છે, કુદરતનો તે નિયમ છે. ભગવદ્ ગીતા (૭.૧૪)માં કહ્યું છે તેમ: ભગવાના ચરણકમળનું શરણ સ્વીકારે તેમના સિવાય કોઈ પણ માણસ કુકરતના આકરા કાયદાઓથી છટકી શકતું નથી. તેથી જો આપણે બધી ભ્રમણા અને ચિંતાઓથી છુટવા અને અનેક રસોમાંથી એકતા ઉભી કરવા ઈચ્છતા હોઈએ તો આપણે ભગવાનને આપણી બધી પ્રવૃત્તિમાં લાવવા જોઈએ.

આપણી પ્રવૃત્તિના ફળો ભગવાના રસને સંતષવા માટે વાપરવા જોઈએ, બીજા કોઈ હેતુ માટે નહિં. માત્ર ભગવાનના રસને સંતોષીને (ભગવાનની મરજીને અનુકૂળ વર્તીને) જ આપણે અહિં જણાવેલા આત્મભૂતા રસનો અનુભવ કરી શકીએ. અહિં જણાવેલો આત્મભૂતા રસ અને ભગવદ્ ગીતા (૧૮.૫૪)માં જણાવેલો બ્રહ્મ-ભૂતા રસ એકજ છે. ભગવાન સર્વોપરી આત્મા છે, અને જીવો નાના આત્મા છે. માત્ર સર્વોપરી આત્મા – પરમત્મા– જ બધાય જીવાને પોષે છે કારણકે તે જીવોના વહાલમાંથી આનંદ માણવા ચાહે છે. પિતા બાળકો વડે વિસ્તરે છે અને આનંદ માણવા તેમને પોષે છે. જો બાળકો પિતાના આજ્ઞાકારી હોય તો કુટુંબનો વહેવાર એક રસથી સરળતાથી આનંદમય વાતાવરણમાં ચાલશે. એ જ પરિસ્થતિ ઈન્દ્રિયાતીત રીતે ભગવાના નિરપેક્ષ કુટુંબમાં ગોઠવેલી છે.

દરેક જીવની જેમ પરમાત્મા પણ એક વ્યકિત છે. ભગવાન કે જીવો કદી અવ્યક્તિગત નથી. આવા ઈન્દ્રિયાતીત વ્યક્તિઓ ઈન્દ્રિયાતીત આનંદ, જ્ઞાન, અને સનાતન જીવનથી ભરપૂર હોય છે. આધ્યાત્મિક હયાતિની આ સ્થિતિ છે. જેવી કોઈને આ ઈન્દ્રીયાતીત સ્થિતિની જાણ થાય છે કે તરત તે સર્વોપરી ભગવાન, શ્રી કૃષ્ણના ચરણકમળનું શરણ લે છે. પણ એવો મહાત્મા ભાગ્યે જ જોવામાં આવે છે, કારણ કે એવો ઈન્દ્રિયાતીત સાક્ષાત્કાર અનેક જન્મો પછી જ થાય છે (ગીતા ૭.૧૯). પણ જો એક વખત થાય તો પછી કોઈ ભ્રમ, આપત્તિ, ભૌતિક જીવનની યાતનાઓ, કે જન્મ મરણ રહેતા નથી કે જે આપણા હાલના જીવનમાં અનુભવાય છે. શ્રી ઈશોપનિષદના આ મંત્રમાંથી આપણને આ માહિતી મળે છે.

## મંત્ર ૮

સ પર્યગાચ્ છુક્રમ્ અકાયમ્ અવ્રણમ્
અસ્નાવિરમ્ શુધ્ધમ્ અપાપ-વિધ્ધમ્
કવિર્ મનીષી પરિભૂ: સ્વયંભૂર્
યાથાતથ્યતો'ર્થાન્ વ્યદધાચ્ છાશ્વતીભ્ય: સમાભ્ય:

**તેવો માણસ જે સૌથી મહાન છે, અવ્યક્ત છે, સર્વજ્ઞ છે, ઠપકાથી પર છે, નાડીઓ વગરના છે, શુધ્ધ છે, ચેપ રહિત છે, સ્વનિર્ભર તત્વજ્ઞાની છે, અને જે આદિ કાળથી દરેકની ઈચ્છાઓ પૂર્ણ કરે છે તેને ખરેખર જાણતો હોવો જોઈએ.**

ભાવાર્થ: ભગવાનના નિરપેક્ષ વ્યક્તિત્વના ઈન્દ્રિઆતીત અને સનાતન આકારનું આ વર્ણન દર્શાવે છે કે સર્વોપરી ભગવાન નિરાકાર નથી. તેને પોતાનો ઈન્દ્રિઆતીત આકાર છે કે જે આ ભૌતિક જગતના આકારો જેવો જરાય નથી. આ જગતના જીવોના આકારો ભૌતિક કુદરતમાં બનેલા છે, અને તે કોઈપણ ભૌતિક યંત્રની જેમ ચાલે છે. ભૌતિક શરીરની આંતર-રચનામાં યંત્રની જેમ નાડીઓ વગેરે હશે, પણ સર્વોપરી ભગવાનના ઈન્દ્રિઆતીત શરીરમાં નાડીઓ જેવું કાંઈ નથી. અહિં ચોખ્ખું કહેલું છે કે તે અવ્યકત છે, એટલે કે તેના આત્મા અનેશરીર વચ્ચે કોઈ ફેર નથી. આપણે કુદરતના કાયદા અનુસાર શરીર ધારણ કરીએ છીએ પણ ભગવાન તેમ કરતા નથી. શારીરિક જીવનની ભૌતિક ધારણા મુજબ આત્મા ભૌતિક શરીર અને સૂક્ષ્મ મનથી ભિન્ન છે, પણ ભગવાનને તેવી કોઈ ભિન્નતા નથી. તેના મન અને શરીર વચ્ચે કોઈ ફેર નથી. તે પૂર્ણ આખા છે. તે, તેમનું મન, અને શરીર બધું એક જ છે.

બ્રહ્મસંહિતામાં સર્વોપરી ભગવાનનું આના જેવું એક વર્ણન છે. ત્યાં તેમને સત્-ચિત્ત-આનંદ-વિગ્રહ તરીકે વર્ણવવામાં આવ્યા છે. એટલે કે: તે ઈન્દ્રિઆતીત હયાતિ, જ્ઞાન, અને આનંદને પૂર્ણ રીતે દર્શાવતા સનાતન આકાર છે. વેદ શાસ્ત્ર સ્પષ્ટ કહે છે કે તેને સદંતર બીજા પ્રકારનું શરીર છે, અને તેથી કોઈ વખત તેને નિરાકાર તરીકે વર્ણવવામાં આવે છે. આ નિરાકારનો અર્થ એ કે તેને આપણા જેવો આકાર નથી, અને આપણે અનુભવી શકીએ તેવા કોઈપણ આકાર વગરના તે છે. બ્રહ્મસંહિતામાં વળી એમ પણ કહેલું છે કે ભગવાન પોતાના શરીરના કોઈપણ એક ભાગ વડે કાંઈ પણ અને

બધું જ કરી શકે છે. ત્યાં એમ કહેલું છે કે ભગવાની કોઈ પણ એક ઈન્દ્રિય બીજી કોઈપણ ઈન્દ્રિયનું કામ કરી શકે છે. તેનો અર્થ એ મ કે ભગવાન પોતાના હાથ વડે ચાલી શકે છે, પગ વડે વસ્તુઓ સ્ વીકારી શકે છે, હાથ અને પગ વડે જોઈ શકે છે, આંખ વડે ખાઈ શ કે છે, વગેરે. તે શ્રુતિ મંત્રોમાં એમ કહેવામાં આવ્યું છે કે ભગવાન ને આપણા જેવા હાથપગ નથી પણ બીજા પ્રકારના છે કે જેના વડે તે આપણે જે તેને ધરીએ તે ભોગ સ્વીકારી શકે છે અને કોઈનાથી પણ વધુ ઝડપે દોડી શકે છે. આ મુદ્દાઓ આ આઠમા મંત્રમાં *શુક્ મ્* જેવા શબ્દો વડે આપણને ખાત્રી થાય તે માટે કહેવામાં આવ્યા છે.

ભગવાનને પૂજવા માટેનો અર્ચ-વિગ્રહ કે જે સાતમા મં ત્રમાં કહેલું છે તે મુજબ ભગવાનનનો સાક્ષાત્કાર કરેલા મહા ભાગ વતોએ મંદિરોમાં સ્થાપેલ છે તે પણ ભગવાનના મૂળ આકારથી અ લગ નથી. ભગવાનનો મૂળ આકાર શ્રી કૃષ્ણના રૂપનો છે, અને શ્રી કૃષ્ણ બળદેવ, રામ, નરસિંહ, વરાહ, વગેરે અસંખ્ય આકારોમાં પોતાને વિસ્તારે છે. આ બધાય આકારો એકજ ભગવાનના છે.

તે જ પ્રમાણે મંદિરોમાં જે અર્ચ-વિગ્રહો પૂજવામાં આવે છે તે પણ ભગવાનમાંથી વિસ્તરેલા છે. અર્ચ-વિગ્રહને પૂજવાથી માણસ તરત જ ભગવાનને મળી શકે છે કે જે ભગવાન સર્વશક્તિ માન હોઈ મૂર્તિ દ્વારા પણ ભક્તની સેવા સ્વીકારે છે. ધર્મગુરૂ આચ ાર્યોની પ્રાર્થનાથી ભગવાનનો અર્ચ-વિગ્રહ અવતરે છે અને તે મૂર્તિ ભગવાન સર્વશક્તિમાન હોઈ ભગવાનના બરાબર મૂળ સ્વભાવ મુજબ વર્તે છે. શ્રી ઈશોપનિષદ અને બીજા કોઈ શ્રુતિ-મંત્રોનું જે ને કાંઈ જ્ઞાન નથી એવા મૂર્ખ લોકો મૂર્તિને, કે જેને શુધ્ધ ભક્તો પૂ જે છે તેને, ભૌતિક તત્વોની બનેલી માને છે. મૂર્ખ લોકો કે કનિષ્ટ -અધિકારીઓની અનુત્તમ આંખો વડે આ મૂર્તિ ભલે ભૌતિક દેખા ય, પણ તે લોકો જાણતા નથી કે ભગવાન સર્વશક્તિમાન હોઈને પ ોતાની ઈચ્છા મુજબ જડને ચેતન અને ચેતનને જડમાં પરિવર્તન કરી શકે છે.

ભગવદ્ ગીતા (૯.૧૧-૧૨)માં ભગવાન જે અલ્પજ્ઞાની પતીત લોકો ભગવાન માણસની જેમ અવતરે છે તેથી તેના શરીરને ભૌતિક ગણે છે તેમનો શોક કરે છે. આવા અલ્પજ્ઞાની લોકો ભગ વાનનું સર્વશક્તિમાનપણું જાણતા નથી. આ રીતે ભગવાન માનકિ તર્ક કરવા વાળાઓને પૂર્ણ રીતે પ્રગટ થતા નથી. માણસ કેટલો ભ ગવાનને શરણે ગયેલો છે તેના પ્રમાણમાં તે ભગવાનને સમજી શ કે છે. જીવોની પતીત સ્થિતિ તેઓ પોતાનો ભગવાન સાથેનો સંભં ધ ભૂલી ગયા છે તે માત્ર કારણે જ છે.

આ અને બીજા વેદ મંત્રોમાં એમ ચોખ્ખું કહેલું છે કે આદિ કાળથી ભગવાન જીવોની જરૂરીઆતો પૂરી પાડે છે. જીવ કાં ઈ ઈચ્છે છે, અને ભગવાન તે જીવની લાયકાતના પ્રમાણમાં તેની ઈચ્છા પૂર્ણ કરે છે. જો કોઈ માણસને ઉચ્ચ અદાલતના ન્યાયધી શ થવું હોય તો તેણે તે માટે લાયકાત તો મેળવવી જોઈએ, પણ ઉ પરાંત જે સત્તાવાન ન્યાયધીશનો હોદ્દો આપે તેની મંજુરી પણ મેળ વવી જોઈએ. માત્ર લાયકાત હોદ્દો મેળવવા માટે પુરતી નથી. હો દ્દો કોઈ ઉપરી સત્તાવાન આપે ત્યારે જ મળે. તે રીતે ભગવાન જી વોને તેમની લાયકાતના પ્રમાણમાં આનંદ આપે છે. બીજા શબ્દોમ ાં: કર્મ અનુસાર સુખો મળે છે. માત્ર લાયકાત હોવાના જોરે કોઈ સુખ મેળવી શકતું નથી, ભગવાનની કૃપાની પણ જરૂર પડે છે.

સામાન્ય રીતે જીવને ખબર નથી હોતી કે ભગવાન પાસે થી શું માગવું, કઈ પદવી મેળવવી. પણ જીવને પોતાની મૂળ સ્થિ તિની જાણ થાય છે ત્યારે તે ઈન્દ્રિઆતીત પ્રેમભાવ પૂર્વક ભગવાન ની સેવા કરવા માટે ભગવાનના ઈન્દ્રિઆતીત સંગીઓમાં પોતાનો સ્વીકાર થાય તે માગે છે. દુર્ભાગ્યે, જીવો માયાની અસર નીચે તે િ સવાય બીજી ઘણી વસ્તુઓ માગે છે. તેઓની બુધ્ધિ બહુ શાખાઅ ોમાં ફંટાયેલી છે તેમ ભગવદ્ ગીતા (૨.૪૧)માં વર્ણવેલું છે. આધ્યા ત્મિક બુધ્ધિ એક જ છે, પણ સંસારીક બુધ્ધિ અનેક છે. શ્રીમદ્ ભા ગવતમાં એમ કહેલું છે કે જે લોકો બાહ્ય શક્તિના ક્ષણિક રૂપમાં મોહવશ થઈ ગયા હોય છે તેઓ જીવનનું ખરૂં ધ્યેય, જે ભગવાન પાસે પાછા જવાનું છે તે, ભૂલી જાય છે. આ ભૂલી જાય તે પછી મ ાણસ જુદી જુદી યોજના અને કાર્યક્રમો વડે ઠીક ગોઠવણ કરવાના પ્ર યત્નો કરે છે, પણ આ ચવાઈ ગયેલાને ચાવવા જેવા નકામા પ્રયત્ન ો છે. તો પણ ભગવાન એવા દયાળુ છે કે તે ભૂલકણા જીવને જીવ ના તે પ્રયત્નો કોઈ અડચણ વગર ચાલુ રાખવા દે છે. જો જીવને નરકમાં જવું હોય તો ભગવાન તેને અડચણ વગર જવા દે છે, અને જો જીવને જીવના પોતાના ઘરે, ભગવાન પાસે, પાછા જવું હોય તો ભગવાન તેને મદદ કરે છે.

ભગવાનને અહિં *પરિભૂ:* તરીકે વર્ણવવામાં આવ્યા છે. તેની બરાબર કે તેથી મોટો કોઈ નથી. અહિં બીજા જીવાને ભીખાર ી તરીકે વર્ણવ્યા છે કે જેઓ ભગવાન પાસેથી વસ્તુઓ માગે છે. ભ ગવાન જીવો ઈચ્છે તેમ વસ્તુઓ પુરી પાડે છે. જો જીવો ભગવાન જેટલા શક્તિમાન હોત, અથવા સર્વશક્િમાન અને સર્વજ્ઞ હોત, ત ો તેઓને ભગવાન પાસેથી માગવાનો, અરે જે મોક્ષ કહેવાય છે તે માગવાનો પણ, કોઈ સવાલ જ ન હોત. ખરા મોક્ષના અર્થ ભગવા ન પાસે પાછા જવું તે છે. અવ્યક્તિગતવાદીઓએ મોક્ષનો જે ખ્યા લ કહ્યો છે તે અસત્ય છે. જ્યાં સુધી ભીખારી પોતાની આધ્યાત્મિ ક સમજ પ્રાપ્ત નહિં કરે અને પોતાની મૂળ સ્થિતિ નહિં સમજે ત્યાં સુધી ઈન્દ્રીયોના સુખો માટે તેનું ભીખવાનું હંમેશ ચાલુ રહેવાનું જ.

માત્ર સર્વોપરી ભગવાન જ સ્વનિર્ભર છે. જ્યારે કૃષ્ણ ભગવાન ૫,૦૦૦ વરસ પહેલાં આ પૃથ્વિ પર અવતર્યા ત્યારે તેમ ણે પોતાની અનેક લીલાઓ વડે પોતાનું ભગવાન તરીકેનું શક્તિ-રૂ પ પ્રગટ કર્યું. બાળપણમાં જ તેમણે ઘણાં શક્તિશાળી રાક્ષસોને મા રી નાખ્યા, અને આટલી બધી શક્તિ તે બાળકૃષ્ણ કોઈ બાહ્ય રીતે મેળવે તેવી કોઈ શક્યતા જ ન હતી. વજન ઉંચકવાની કોઈ પણ તાલીમ વગર જ તેમણે ગોવર્ધન પર્વત ઉંચક્યો. સમાજના કોઈ પ ણ બંધન કે મેણા વગર તે ગોપીઓ સાથે રાસ રમ્યા. જોકે ગોપીઓ ને કૃષ્ણ પર જાર પ્રેમભાવ હતો, છતાં ગોપી-કૃષ્ણના સંબંધને ચૂસ્ ત સન્યાસી અને આકરા સંયમ નિયમો પાળવા વાળા ચૈતન્ય મહા પ્રભુ પણ પૂજે છે. શ્રી ઈશોપનિષદ પણ કહે છે કે ભગવાન *શુધ્ધ મ્* અને *અપાપ-વિધ્ધમ્* છે, એટલે કે અશુધ્ધિ કે પાપ જેને અડી શકે નહિં તેવા છે. તે એવા શુધ્ધ છે કે અશુધ્ધિ તેને માત્ર અડે તો તે પણ શુધ્ધ થઈ જાય. *અપાપ-વિધ્ધમ્* શબ્દો ભગવાનના સંગના

બળનો ઉલ્લેખ કરે છે. ભગવદ્ ગીતા (૯.૩૦-૩૧)માં જણાવ્યું છે તેમ શરૂઆતમાં કદાચ કોઈ ભક્ત સુદુરાચારી, સારી રીતભાત વ ગરનો, લાગે, પણ તેને શુધ્ધ માનવો જોઈએ કારણકે તે સાચા માર્ગ પર છે અને ભગવાનના સંગથી કોઈ પણ માણસ શુધ્ધ અને પાપ મુક્ત થાય છે. ભગવાન *અપાપ-વિધ્ધમ્* પણ છે કારણ કે પાપ તે ને અડકી શકતું નથી. ભગવાન એવી રીતે વર્તે કે આપણને એમ લાગે કે ભગવાન પાપ કરે છે તો પણ તેની તે લીલા બધી રીતે સારી જ છે કારણ કે ભગવાનને પાપ લાગવાનો કોઈ સવાલ જ નથી. ક ોઈ પણ સંજોગોમાં ભગવાન શુધ્ધ, અતિ શુધ્ધ, જ રહે છે. તેથી તે ને ઘણી વખત સૂર્ય સાથે સરખાવવામાં આવે છે. સૂર્ય ઘણી ગંદી અને અપવિત્ર વસ્તુઓમાંથી ભેજ ચૂસી લે છે, અને છતાં પોતે શુદ ધ જ રહે છે. ખરેખર, તે પોતાની જંતુઘ્ન શક્તિથી સડેલી વસ્તુ ઓને પણ શુધ્ધ કરે છે. જો ભૌતિક પદાર્થ સૂર્ય આવો શુધ્ધ છે, તો સર્વશક્તિમાન ભગવાનમાં કેટલી શુધ્ધતા હશે તે કલ્પના કરવી પ ણ મુશ્કેલ છે.

## મંત્ર ૯

*અન્ધમ્ તમ: પ્રવિશન્તિ યે'વિધામુપાસતે*
*તતો ભૂય ઈવ તે તમો ય ઉ વિદ્યાયામ્ રતા:*

**જે લોકો અજ્ઞાનમય પ્રવૃત્તિની સંસ્કૃતિમાં કાર્યરત રહે છે તેઓ અજ્ઞાનના અંધકારમય પ્રદેશમાં જરૂર પ્રવેશ કરશે. તેમનાથી પણ ખરાબ લોકો એ છે કે જેઓ કહેવાતી 'જ્ઞાન'ની સંસ્કૃતિમાં કાર્યરત રહે છે.**

ભાવાર્થ: આ મંત્ર વિદ્યા અને અવિદ્યાની સરખામણીનો અભ્યા સ રજૂ કરે છે. બેશક, અવિદ્યા ભયજનક છે. પણ વિદ્યા, અથવા જ્ઞાન, જો ભૂલ ભરેલું કે અવળી દિશામાં દોરનારૂં હોય, તો તે તો વ ધુ ભયજનક છે. શ્રી ઈશોપનિષદનો આ મંત્ર બીજા સમય કરતાં આજના સમયને વધુ લાગુ પડે છે. આધુનિક જનસમાજ સમુહ િ શક્ષણમાં ખૂબ આગળ વધેલો છે, પણ પરણિામ એ છે કે લોકો પહે લાનાં કોઈ સમય કરતાં વધુ અસુખી છે કારણ કે જીવનના સૌથી વધુ અગત્યના ભાગ આધ્યાત્મિક પાસાને તરછોડીને ભૌતિક પ્રગિ ત પર ભાર મૂકવામાં આવ્યો છે.

વિદ્યાની બાબતમાં પહેલા મંત્રમાં સમજાવ્યું છે કે સ ર્વોપરી ભગવાન બધી વસ્તુના માલીક છે અને આ હકિકત ભૂલી જવી તેનું નામ અજ્ઞાન છે. માણસ જેમ આ વાત વધુ ભૂલે તેમ તે વધુ અજ્ઞાનમાં, અંધકારમાં, છે. આ રીતે જોતાં, શિક્ષણમાં કહેવા તી 'પ્રગતિ' તરફ દોરવાયેલો ભગવાન-રહિત જનસમાજ ઓછી ભ ૌતિક પ્રગતિ કરેલા જનસમાજ કરતાં બધુ ભયજનક છે.

ત્રણ વિભાગના માણસો - કર્મી, જ્ઞાની, અને યોગીઓ - માં કર્મીઓ તે છે કે જેઓ ઈન્દ્રિઓને સંતોષવાની પ્રવૃત્તિમાં કાર્યર ત છે. આધુનિક જનસમાજના ૯૯.૯ ટકા લોકો ઉદ્યોવાદ, આર્થિ ક પ્રગતિ, પરોપકારવાદ, રાજકારણ હિલચાલવાદ, અને એવા બીજા ઝંડાઓ નિચે ઈન્દ્રિઓને સંતોષવાની પ્રવૃત્તિમાં કાર્યરત છે, અને આ બધી પ્રવૃત્તિઓ પહેલા મંત્રમાં કહેલા ભગવાન-ભાવ વગરની છે.

ભગવદ્ ગીતા (૭.૧૫)ની ભાષામાં, જે લોકો માત્ર ઈન્દ્રિ યોના સંતોષ માટે કાર્યરત રહે છે તેઓ મૂઢ - ગધેડા - છે. ગધેડું મૂર્ખતાનું ચિન્હ છે. જેઓ લાભ વગરના માત્ર ઈન્દ્રિય સુખ પાછ ળ પડેલા છે તેઓ, શ્રી ઈશોપનિષદ મુજબ, અવિદ્યાને પૂજે છે. જે લોકો શિક્ષણની પ્રગતિના નામે આ પ્રકારની સંસ્કૃતિ, જનસમા જ, ઉભો કરવામાં મદદગાર બની રહ્યા છે તે લોકો માત્ર ઈન્દ્રિય સુ ખ પાછળ પડેલા લોકો કરતાં (સમાજને) ખરેખર વધુ નુકશાન કરે છે. નાસ્તિકોની શિક્ષણ પ્રગતિ ઝેરીલા નાગના માથા પરના કીમતી મણિ જેટલી ભયજનક છે. સામાન્ય નાગ કરતાં મણિધર નાગ વ ધુ ભયજનક છે. *હરિ-ભક્તિ-સુધામૃત* માં નાસ્તિક લોકોની શિક્ષ ણ પ્રગતિને મડદાના શણગાર સાથે સરખાવવામાં આવી છે. ભાર તમાં બીજા દેશોની જેમ ઘણાં લોકો રો કકળ કરતા સગાઓના આનં દ માટે મડદાને શણગારીને સ્મશાન યાત્રાનું સરઘસ કાઢવાનો રિ વાજ અનુસરે છે. એ જ અર્થમાં આધુનિક સંસ્કૃતિ ભૌતિક જીવન ના કદી ન અટકતા દુ:ખોને છુપાવવા માટેની અનેક પ્રવૃત્તિઓનું *પે ચવર્ક* છે. આવી પ્રવૃત્તિઓનું ધ્યેય ઈન્દ્રિય સુખ છે, પણ ઈન્દ્રિયોથ ી મન પર છે, મનથી બુધ્ધિ પર છે, અને બુધ્ધિથી આત્મા પર છે. તેથી સાચા શિક્ષણનું ધ્યેય આત્મ સાક્ષાત્કાર, આત્માની આધ્યાત્મિ કતાનો સાક્ષાત અનુભવ, હોવું જોઈએ. જે શિક્ષણ આવા આત્મ સાક્ષાત્કાર તરફ ન દોરે તેને અવિદ્યા કે અજ્ઞાન માનવું જોઈએ. અજ્ઞાનની આવી સંસ્કૃતિથી માણસ પરમ અંધકારમય અજ્ઞાનના પ્રદેશમાં ઊંડે સરકે છે.

વેદો કહે છે કે ભૂલથી સારૂંમાનેલું અનાધ્યાત્મિક શિક્ષણ આપનારાઓ (૧) *વેદ-વાદ-રત*, (૨) *માયયાપહ્રત-જ્ઞાન*, (૩) *આ સુરમ્ ભાવમ્ આશ્રિત*, અને (૪) *નરાધમ* એમ ચાર પ્રકારના છે. *વેદ-વાદ-રતો* પોતે સારી રીતે વેદો ભણેલા છે તેવો દેખાવ કરે છે, પણ દુર્ભાગ્યે તેઓ વેદોના હેતુથી બિલકુલ ઉલટી દિશામાં વળેલા હોય છે. ભગવદ્ ગીતા (૧૫.૧૮-૨૦)માં કહેલું છે કે વેદોનું ધ્યેય સર્વોપરી ભગવાનને જાનવાનું છે, પણ આ *વેદ-વાદ-રત* માણસો ને ભગવાનમાં જરાય રસ નથી હોતો. ઉલટું, તેઓ સ્વર્ગ, વગેરે જે વા કર્મફળો મેળવવાના મોહમાં પડેલા હોય છે.

મંત્ર ૧ માં કહેલું છે તેમ સર્વોપરી ભગવાન દરેક વસ્તુના માલીક છે, અને આપણા ભાગની નિયત કરેલી જે જીવન જરૂરીય ાત છે તેથી આપણે સંતોષ માનવો જોઈએ. બધા વેદ શાસ્ત્રોનો હે તુ ભૂલકણા જીવોમાં આ ભગવાન ભાવના જગાડવાનો છે, અને મૂ ર્ખ મનુષ્ય જાતની સમજણ માટે આ જ હેતુ દુનિયાના જુદા જુદા શાસ્ત્રોમાં જુદી જુદી રીતે રજૂ કરવામાં આવ્યો છે. આ રીતે બધા ધ ર્મોનો મૂળ હેતુ માણસને પાછો ભગવાન પાસે લાવવાનો છે.

પણ *વેદ-વાદ-રત* લોકો વેદહેતુ હાંસલ કરવાને બદલે ઈ ન્દ્રિય સુખ માટે- કામ કે જે પ્રથમ જ તેમને ભૌતિક બંધનમાં ના ખે છે તેને માટે - સ્વર્ગ મેળવવા જેવી ગૌણ બાબતો વેદોનું અંતિમ ધ્યેય છે તેમ માની લ્યે છે. આવા લોકો વૈદિક શાસ્ત્રોનો અવળો અર્થ કરીને બીજાઓને ગેર રસ્તે દોરે છે. કોઈ વખત તેઓ પુરાણો કે જે સામાન્ય માણસને વેદ સમજાવે છે તેની પણ ઘૃણા પૂર્વક ટીકા

કરે છે. *વેદ-વાદ-રત* લોકો મહાન ધર્મગુરૂ આચાર્યોની સત્તાને અવગણીને વેદોને પોતાની રીતે સમજાવે છે. તેઓનું વલણ પોતામાંથી કોઈ સિધ્ધાંત વગરના ઢોંગી માણસને આગળ લાવીને તેને વેદિક જ્ઞાન સમજાવનાર અગ્રણી તરીકે વિખ્યાત કરવાનો છે. આવા લોકોને આ મંત્રમાં બહુજ બંધબેસતા સંસ્કૃત શબ્દ *વિદ્યા-રત* વડે ખાસ ઉતારી પાડવામાં આવ્યા છે. *વિદ્યા* એટલે *વેદ*, કારણ કે જ્ઞાનનું મૂળ ઉદ્દગમ સ્થાન વેદ છે, અને *રત* એટલે કાર્યરત. આ રીતે વિદ્યા-રત એટલે વેદોના અભ્યાસમાં કાર્યરત. આવા કહેવાતા વિદ્યા-રતોને, તેઓ આચાર્યોની આજ્ઞા ઉલંઘતા હોવાથી અને વેદોનો ખરો હેતુ જાણતા ન હોવાથી, અહિં ઉતારી પાડવામાં આવ્યા છે. આવા *વેદ-વાદ-રતો* વેદોના દરેક શબ્દમાંથી ખુદ પોતાનો હેતુ પાર પડે તેવા અર્થો કાઢવાની આદતવાળા હોય છે. તેઓ જાણતા નથી કે વેદિક સાહિત્ય સામાન્ય ચોપડીઓનો સંગ્રહ નથી અને તેથી તે ગુરૂ પરંપરા સિવાય સમજી શકાતું નથી.

વેદોનો ઈન્દ્રિયાતીત સંદેશો સમજવા માટે માણસે એક સાચા ધર્મગુરૂ પાસે જવું જ જોઈએ. કઠ ઉપનિષદનો આ નિર્દેશ છે. પણ આવા *વેદ-વાદ-રત* લોકોને તેમનો પોતાનો ગુરૂ હોય છે જે કોઈ સાચી ગુરૂ પરંપરામાં હોતો નથી. તેથી તેઓ વેદિક સાહિત્યનો ખોટો અર્થ કરે છે અને તેથી અજ્ઞાનના અતિ અંધકારમય પ્રદેશમાં જાય છે. જેમને વેદોનું કાંઈ જ્ઞાન નથી તેમનાથી પણ વધુ અજ્ઞાનમાં તેઓ પડે છે.

*માયયાપહ્રત-જ્ઞાન* કક્ષાના માણસો સ્વયંકૃત 'ભગવાનો' છે. તેવા માણસો એમ માને છે કે તેઓ પોતે જ ભગવાન છે, અને બીજા કોઈ ભગવાનને પૂજવાની જરૂર નથી. કોઈ સામાન્ય માણસ ધનવાન હોય તો તેને તેઓ પૂજવા સંમત થશે, પણ તેઓ સર્વોપરી ભગવાનને કદી નહિં પૂજે. એવા, ખુદ પોતાની મૂર્ખતા ઓળખવા અશક્તિમાન, માણસો કદી વિચાર નથી કરતા કે ભગવાન માયામાં કેમ ફસાઈ શકે. જો ભગવાન પણ માયામાં ફસાઈ જાય તો માયા ભગવાન કરતાં વધુ શક્તિમાન ગણાય. આવા લોકો કહે છે કે ભગવાન સર્વશક્તિમાન છે, પણ તેઓ એમ વિચાર નથી કરતા કે જો તે સર્વશક્તિમાન હોય તો માયા તેની ઉપર સત્તા ચલાવે તેવી કોઈ શક્યતા નથી. આવા સ્વયંકૃત ભગવાનો આવા સવાલોના સ્પષ્ટ જવાબ આપી શકતા નથી, તેઓ 'ભગવાન' થયેલા છે તેથી માત્ર તેમને સંતોષ છે.

## મંત્ર ૧૦

*અન્યદ્ એવાહુર્ વિદ્યયા અન્યદ્ આહુર્ અવિદ્યયા*
*ઈતિ શુશ્રુમ ધીરાણામ્ યે નસ્ તદ્ વિચક્ષિરે*

**ડાહ્યાએ સમજાવ્યું છે કે જ્ઞાનની સંસ્કૃતિમાંથી એક પરિણામ તારવાય છે, અજ્ઞાનની સંસ્કૃતિથી અલગ પરિણામ મળે છે.**

ભાવાર્થ: ભગવદ્ ગીતા (૧૩.૮-૧૨)માં શિખામણ આપવામાં આવી છે તેમ માણસે નીચેની રીતથી જ્ઞાન મેળવવું જોઈએ:

૧. માણસે પોતે સંપૂર્ણ સજ્જન બનવું જોઈએ અને બીજાઓને યોગ્ય માન આપતાં શિખવું જોઈએ.

૨. માત્ર નામ અને કીર્તિ માટે માણસે પોતે ધર્મ પાલક કે ધર્મ પ્રવર્તક છે તેવો દેખાવ ન કરવો જોઈએ.

૩. માણસે પોતાના મન, વચન, કે કર્મથી કોઈને ચિંતાનું કારણ ન બનવું જોઈએ.

૪. માણસે ઉશ્કેરણી થતી હોય તો પણ સહનશીલ રહેતાં શીખવું જોઈએ.

૫. માણસે કોઈ સાથેના વ્યવહારમાં કપટ ન કરવું જોઈએ.

૬. માણસે આત્મ સાક્ષાત્કાર તરફ દોરે તેવા સાચા ગુરૂને શોધવો જોઈએ અને તેને શરણે જવું જોઈએ, તેની સેવા કરવી જોઈએ, અને તેને પરિસ્થિતિ અનુકૂળ સવાલો પૂછવા જોઈએ.

૭. આત્મ સાક્ષાત્કારના સ્તર પર પહોંચવા માટે માણસે શાસ્ત્રોમાં કહેલા સંયમના સિધ્ધાંતો અનુસરવા જોઈએ.

૮. માણસે શાસ્ત્રોના સિધ્ધાંતો પર સ્થીર રહેવું જોઈએ.

૯. આત્મ સાક્ષાત્કાર કરવામાં વિઘ્નરૂપ થાય તેવું કોઈ કાર્ય ન કરવું જોઈએ.

૧૦. પોતાના શરીરનો નિર્વાહ થાય તેનાથી વધુ કાંઈ ન લેવું જોઈએ.

૧૧. માણસે પોતે શરીર છે તેવું ખોટું ન માનવું જોઈએ, અને શરીરના જે સંબંધીઓ છે તેમને પોતાની માલીકીના ન ગણવા જોઈએ.

૧૨. માણસે હંમેશાં યાદ રાખવું જોઈએ કે જ્યાં સુધી પોતાને ભૌતિક શરીર છે ત્યાં સુધી પુનર્જન્મ, ઘડપણ, રોગ, અને મરણનું દુ:ખ તો રહલવાનું જ. આ દુ:ખોને દૂર કરવાની યોજનાઓ કરવાનો કોઈ લાભ નથી. તેને બદલે માણસ પોતાની આધ્યાત્મિક ઓળખ ફરી પ્રાપ્ત કરે તે માટે શું કરવું જોઈએ તે શોધે તે ઉત્તમ છે.

૧૩. આધ્યાત્મિક પ્રગતિ માટે જીવનની જે જરૂરીઆત જોઈએ તેનાથી વધુ જરૂરીઆતો પર મોહ ન રાખવો જોઈએ.

૧૪. શાસ્ત્રો કહે છે તેનાથી વધુ માણસે ઘર, પત્નિ, અને બાળકો પર પ્રેમબંધન ન રાખવું જોઈએ.

૧૫. મન વડે ઉત્પન્ન કરેલી ઈચ્છિત અને અનિચ્છિત વસ્તુઓ પર માણસે સુખી કે દુ:ખી ન થવું જોઈએ.

૧૬. માણસે કૃષ્ણ ભગવાનના શુધ્ધ ભકત થવું જોઈએ અને તેમ ની તીવ્ર ધ્યાનથી સેવા કરવી જોઈએ.

૧૭. માણસે આધ્યાત્મિક પ્રગતિ કરવાને અનુકૂળ શાંત એકાંત જગ્યામાં રહેવાનો રસ ઉત્મન્ન કરવો જોઈએ, અને અભકતો ભેગા થતા હોય તેવી ગીચ જગ્યાઓએ ન જવું જોઈએ.

૧૮. આધ્યાત્મિક જ્ઞાન કાયમ રહે છે અને ભૌતિક જ્ઞાન મરણ સાથે નાશ પામે છે એમ બરાબર સમજીને માણસે વૈજ્ઞાનિક કે તત્વજ્ઞાની બનીને આધ્યાત્મિક જ્ઞાન માટે સંશોધન કરવું જોઈએ

આ અઢાર મુદ્દાની રીતથી ધીરે ધીરે સાચું જ્ઞાન મેળવી શકાય છે. તે સિવાયની બીજી બધી રીતોને અજ્ઞાનની રીતો ગણવામાં આવી છે. એક મહાન આચાર્ય શ્રી ભક્તિવિનોદ ઠાકુર એમ માનતા હતા કે બધા પ્રકારનું ભૌતિક જ્ઞાન તે માત્ર માયાનું બાહ્ય લક્ષણ છે, અને તે જ્ઞાન મેળવીને માણસ એક ગધેડાથી વધુ પ્રગતિ નથી કરતો. આ તે જ સિધ્ધાંત શ્રી ઈશોપનિષદમાં જોવા મળે છે. ભૌતિક જ્ઞાન મેળવીને માણસ માત્ર ગધેડામાં પરિવર્તન પામે છે. કેટલાક આધ્યાત્મિક વેશધારી ભૌતિકવાદી રાજકારણીઓ હાલની સંસ્કૃતિ વ્યવસ્થાને સેતાનિયત વાળી કહે છે, પણ દુર્ભાગ્યે તેઓ ભગવદ્ ગીતામાં વર્ણવેલી સાચા જ્ઞાની સંસ્કૃતિની પરવા કરતા નથી. આ રીતે તેઓ સેતાનિયત વાળી પરિસ્થિતિ બદલી શકતા નથી.

આધુનિક પરિસ્થિતિમાં એક છોકરો પણ માને છે કે તે સ્વનિર્ભર છે અને તેથી ઘરડાંઓને માન આપતો નથી. છોકરાંઓ આપણા મહાવિદ્યાલયોમાંથી ખોટા પ્રકારનું શિક્ષણ લે છે અને તેથી તેઓ ઘરડાંઓ માટે માથાનો દુખાવો બન્યા છે. તેથી શ્રી ઈશોપનિષદ સખત ચેતવણી આપે છે કે અજ્ઞાનની સંસ્કૃતિ જ્ઞાનની સંસ્કૃતિ કરતાં જુદી છે. મહાવિદ્યાલયો, કહો કે, માત્ર અજ્ઞાન કેન્દ્રો થયા છે, પરિણામે વૈજ્ઞાનિકો બીજા દેશોનો સદંરત નાશ કરવા માટેના પ્રાણઘાતક શસ્ત્રો શોધવામાં પ્રવૃત્ત છે. આજના મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને બ્રહ્મચર્ય પાળવાના સિધ્ધાંતો કે આધ્યાત્મિક જીવન જીવવાની રીત શિખવવામાં આવતી નથી. તેઓને શાસ્ત્રના કહેલી મર્યાદાઓમાં પણ કોઈ શ્રધ્ધા નથી. ધર્મ સિધ્ધાંતો જીવનમાં ઉતારવા માટે નહિં પણ માત્ર નામ અને કીર્તિ માટે ભણાવવામાં આવે છે. તેથી રાજકારણના ક્ષેત્રમાં જ નહિં પણ ધર્મના ક્ષેત્રમાં પણ દુશ્મનાવટ છે.

લોકો અજ્ઞાનમાં કેળવાયા છે તેથી દુનિયાના અલગ અલગ ભાગોમાં રાષ્ટ્રવાદ અને સ્ત્રીવાદ કે પુરૂષવાદ ઉભા થયા છે. કોઈ વિચારતું નથી કે આ કણ જેવડી પૃથ્વિ અમાપ આકાશમાં ઉડતા તત્વોના અનેક લોંદામાંની એક છે. આકાશની વિશાળતાના પ્રમાણમાં આ ઉડતા તત્વો હવામાં ઉડતા માત્ર રજકણો જેવા છે. તે તત્વકણો આકાશમાં ઉડવા માટેની બધી જરૂરીઆતો સહિત છે કારણકે ભગવાને કૃપા કરીને તે તત્વકણોને પૂર્ણ (સ્વનિર્ભર) બનાવ્યા છે. આપણા અંરરિક્ષયાન ના ચાલકો પોતે હાંસલ કરેલી કામગીરીના બહુ અભિમાની હશે, પણ ગ્રહો રૂપી અતિ મોટા અંતરિક્ષયાનોના સર્વોપરી ચાલકનો તેઓ વિચાર કરતા નથી.

આકાશમાં અગણ્ય સૂર્યો અને ગ્રહમંડળો છે. આપણે સર્વોપરી ભગવાનના એક અતિ નાના ભાગ છીએ, અને એવા નાના પ્રાણી આપણે આ વિશાળ ગ્રહોને આપણી સત્તામાં લાવવા પ્રયત્નો કરીએ છીએ. આમ આપણે એક પછી એક જનમ મરણ લઈએ છીએ અને ઘડપણ અને રોગોથી આપણે સામાન્ય રીતે નાસીપાસ થયેલા છીએ. માણસને આયુષ્ય સો વરસનું આપવામાં આવેલું છે પણ ધીરે ધીરે વીશ–ત્રીસ સુ ધી ઘટતું જાય છે. અજ્ઞાનની સંસ્કૃતિનો આભાર, કે જીદગીના આ થોડા વરસોમાં વધુ ક્ષમતાથી ઈન્દ્રિય સુખો માણવા માટે આ ગ્રહોમાં છેતરાયેલા માણસોએ તેમના પોતાના રાષ્ટ્રો બનાવ્યા છે. આવા મૂર્ખ લોકો પોતાના રાષ્ટ્રોના સરહદ–નિશાનો વધુમાં વધુ ઉત્તમ રીતે મૂકવાની જુદી જુદી યોજનાઓ કરી રહ્યા છે. આખરે આ હાસ્યાસ્પદ છે. આ રીતે દરેક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રો માટે ચિંતામું કારણ બનેલો છે. રાષ્ટ્રની ૫૦ ટકાથી વધુ શક્તિ સંરક્ષણમાં વાપરવામાં આવે છે અને તેથી બગડે છે. જ્ઞાન કેળવવાની કોઈને પડી નથી, અને તો પણ લોકો પોતે ભૌતિક અને આધ્યાત્મિક જ્ઞાનમાં પ્રગતિ કરેલી છે તેવું ખોટું અભિમાન રાખે છે.

શ્રી ઈશોપનિષદ આપણને આ ભૂલભરલા શિક્ષણ વિશે ચેતવે છે, અને ભગવદ્ ગીતા સાચું જ્ઞાન મેળવવા શિક્ષણ આપે છે. આ મંત્રમાં સૂચના છે કે વિદ્યા, જ્ઞાન, કોઈ ધીર પાસેથી મેળવવું જોઈએ. ભૌતિક માયાથી જે વિક્ષેપ ન પામે તે ધીર કહેવાય છે. જેને સારી રીતે આત્મ સાક્ષાત્કાર થયેલો છે તે જ માત્ર માયાથી વિક્ષેપ ન પામે. તેવો ધીર કોઈ વસ્તુને ઝંખતો નથી અને કોઈ વસ્તુ માટે વિલાપ કરતો નથી. તે જાણે છે કે ભૌતિક સંગને કારણે તેને જો શરીર અને મન મળેલા છે તે બાહ્ય તત્વો છે, તેથી તે એ નરસા સોદાનો ઉત્તમ ઉપયોગ કરે છે.

આધ્યાત્મિક જીવન માટે શરીર અને મન અરસાં સોદા છે. જીવનું ખરું કામકાજ આધ્યાતિમક જગતમાં જીવવામાં છે, પણ આ ભૌતિક જડ છે. જ્યાં સુધી જીવ જડ પદાર્થને ચલાવે છે કે પરિવર્તન કરે છે ત્યાં સુધી જડ જગત ચેતન જગત હોય તેમ જણાય છે. હકિકતમાં સર્વોપરી ભગવાનના નાના ભાગો, જીવો, જ જગતને ચલાવે છે. ધીરોએ આ બધા સત્યો ઉપરી સત્તાધીશો પાસેથી સાભળીને સમજેલા છે. ધીરોએ ધર્મના નિયમો પાળીને આ સત્યોનો સાક્ષાત્કાર કર્યો છે.

નિયમો અનુસરવા માટે માણસે કોઈ સાચા ગુરૂનું શરણું લેવું જોઈએ. ઈન્દ્રિયાતીત સંદેશ અને ધર્મ નિયમો ગુરૂ પરંપરાથી શિષ્યને મળે છે. આવું જ્ઞાન ભયભરેલા અજ્ઞાનના શિક્ષણની જેમ આવતું નથી. નમ્રતાથી ભગવાનના સંદેશા સાંભળવાથી જ માત્ર માણસ ધીર બની શકે છે. આદર્શ શિષ્ય અર્જુન જેવો હોવો જોઈએ, અને ગુરૂ ભગવાન જેટલો સારો હોવો જોઈએ. સ્થિર ધીર પાસેથી વિદ્યા, જ્ઞાન, મેળવવાની આ રીત છે.

અધીર હોય તે શિક્ષાગુ રૂ મોવડી ન બની શકે. આધુનિક રાજકારણીઓ ધીર હોવાનો દેખાવ કરે છે પણ હકિકતમાં તેઓ અધીર છે, અને તેથી કોઈએ તેમની પાસેથી ઉત્તમ જ્ઞાનની આશા ન રાખવી જોઈએ. તેઓ પોતાની ડોલરની આવક મેળવવા માત્ર

માં જ પ્રવૃત્ત છે. તો પછી તેઓ જનસમુદાયને આધ્યાત્મના સાચા માર્ગ પર કેમ દોરી શકે? તેથી માણસે ખરૂં શિક્ષણ લેવા માટે ધીર નું નમ્રતાથી સાંભળવું જોઈએ.

### મંત્ર ૧૧

*વિદ્યામ્ ચાવિદ્યામ્ ચ યસ્તદ્ વેદોભય્ સહ*
*અવિદ્યા મૃત્યુમ્ તીર્ત્વા વિદ્યયામૃતમશ્નુતે*

**જે માણસ વિદ્યા, ઈન્દ્રિયાતીત જ્ઞાન, અને અવિદ્યા, અજ્ઞાન, ની રીત એક સાથે શીખે છે માત્ર તે માણશ જ જન્મ મરણના ફેરામાંથી છુટે છે અને અમરતાના પૂર્ણ આશીર્વાદ માણે છે.**

ભાવાર્થ: ભૌતિક જગતની રચના થઈ ત્યારથી દરેક માણસ કાયમી જીવન મેળવવા પ્રયત્નો કરી રહ્યો છે, પણ કુદરતનો કાયદો એવો નિર્દય છે કે કોઈ મોતના પંજાથી છતકી શક્યું નથી. વળી કોઈને ઘરડુ કે રોગી પણ થવું નથી. પણ કુદરતનો કાયદો કોઈને પણ ઘડ પણ, રોગ, અને મોતથી બાકાત રાખતો નથી. અને ભૌતિક જ્ઞાનની પ્રગતિ આ સમસ્યાનો ઉકેલ કરી શકી નથી. ઝટ મોત આવે તે મા ટે ભૌતિક વિજ્ઞાન પરમાણું બોમ્બ શોધી શકે છે, પણ ઘડપણ, રોગ, અને મોતના નિર્દય પંજાથી માણસને રક્ષણ મળે તેવું કાંઈ તે શોધ ી શકતું નથી.

પુરાણોમાંથી આપણને જાણવા મળે છે કે એક હિરણ્યાક િશપુ નામના રાજાએ ભૌતિક રીતે ખૂબ પ્રગતિ કરી હતી. તે પોતે મે ળવેલી ભૌતિક સંપત્તિથી અને અજ્ઞાનના જોરે મોતને જીતવા ઈચ્ છતો હતો. તેણે અમુક જાતનું એવું કઠોર તપ શરૂ કર્યું કે તેની તપ શક્તિથી બધાય ગ્રહમંડળોના રહેવાસીઓ ત્રાસ પામવા લાગ્યા. તેણે સૃષ્ટિના રચનાર દેવ બ્રહ્માને પોતા પાસે નિચે આવવા ફરજ પ ાડી. પછી તેણે બ્રહ્મા પાસેથી અમરતાનું વરદાન માગ્યું. બ્રહ્મા કહે , 'સૃષ્ટિ રચનારો હું પણ અમર નથી તો તને કેવી રીતે અમરતોનું વ રદાન આપી શકું?' ભગવદ્ ગીતા (૮.૧૯)માં કહેલું છે તેમ બ્રહ્મા ઘણો લાંબો સમય જીવે છે, પણ તેનો અર્થ એ નથી કે તેને મરવાનું નથી.

હિરણ્ય એટલે સોનું, અને કશિપુ એટલે પોચી પથારી. આ મહાશય આ બે વસ્તુમાં રસવાળો હતો – પૈસા અને સ્ત્રી. અ મર બનીને તેને પૈસા અને સ્ત્રીઓ ભોગવવી હતી. અમર થવાની આશામાં તેણે બ્રહ્માને આડકતરી રીતે ઘણાં સવાલો કર્યા, પણ બ્રહ્મ ા કહે અમરતાનું વરદાન શક્ય નથી. પછી હિરણ્યાકશિપુએ માણ સથી, પશુથી, દેવથી, કે સૃષ્ટિના ૮૪ લાખ પ્રકારના કોઈ પણ જીવ થી પોતે ન મરે તેવું માગ્યું. તેણે એ પણ માગ્યું કે તે જમીન પર, હ વામાં, કે પાણીમાં, અને કોઈ પણ હથિયારથી ન મરે. આ રીતે હિર ણ્યાકશિપુ મૂર્ખરીતે માનવા લાગ્યો કે હવે આ વરદાનને કારણે પોતે નહિં મરે. પણ આખરે સર્વોપતિ ભગવાને નરસિંહ રૂપ લઈને સંધ યા સમયે ઉંબરા પર બેસી તેને પોતાના ખોળામાં રાખી નહોર વડે તેને મારી નાખ્યો.

અહિં મૂળ કહેવાની વાત એ છે કે હિરણ્યાકશિપુ જેવો સૌ થી કક્તિશાળી ભૌતિકવાદી અનેક યોજનાઓ કર્યા છતાં અમર ન થઈ શક્યો. તો પછી આજના અલ્પ શક્તિવાળા હિરણ્યાકશિપુઓ થી શું હાંસલ થવાનું છે કે જેમની યોજનાઓ હર ક્ષણે નિષ્ફળ જા ય છે?

શ્રી ઈશાપનિષદ આપણને જીવન સંગ્રામ જીતવા માટે એક પક્ષીય પ્રયત્નો ન કરવાનું સુચવે છે. સનાતન જીવન મેળવ વા માટે માણસે ભગવાન પાસે પાછા જવા તૈયાર થવું જોઈએ.

ભગવાન પાસે પાછા જવાની રીત જ્ઞાનની એક જુદી જ શાખા છે, અને તે ઉપનિષદ, વેદાંતસૂત્ર, ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભા ગવત, વગેરે જેવા શ્રુતિ શાસ્ત્રોમાંથી શીખવાની છે. આ જીવનમાં સુખી થવા માટે અને આ ભૌતિક શરીર છોડ્યા પછી સનાતન આ નંદમય જીવન મેળવવા માટે માણસે આ પવિત્ર શાસ્ત્રોમાંથી ઈન્િ દ્રઆતીત જ્ઞાન મેળવવું જોઈએ. માયાબધ્ધ જીવ ભગવાન સાથે નો પોતાનો સનાતન સંબંધ ભૂલી ગયો છે, અને તેણે ભૂલથી આ ક્ષણિક જન્મ સ્થાન સર્વસ્વ છે તેમ માની લીધું છે. ભગવાને કૃપા કરીને ભૂલેલા માણસોને ઉપરના શાસ્ત્રો ભારતમાં અને બીજા શા સ્ત્રો બીજા દેશોમાં એમ યાદ દેવડાવવા માટે આપ્યા છે કે સનાતન જીવનનું ઘર આ ભૌતિક જગતમાં નથી. જીવ એક આધ્યાત્મિક વસ્તુ છે, અને તે માત્ર પોતાના આધ્યાત્મિક ઘરે પાછો જઈને જ સુ ખી થઈ શકે.

પોતાનો સંદેશો ફેલાવવા માટે ભગવાન પોતાના ધામમ ાંથી પોતાના સાચા સેવકોને અહિં મોકલે છે, અને કોઈ વખત ભગ વાન પોતે જ તે કામ આવેછે. આ ભૌતિક સ્થિતિમાં આપણે જે દુઃ ખો સતત સહન કરીએ છીએ તે જોઈને આપણા કરતાં ભગવાન બ ધુ દિલગીર થાય છે. આ દુઃખો આપણને આડકતરી રીતે યાદ દેવડ ાવે છે કે આપણે મૃત તત્વો સાથે બંધબેસતો મેળ નથી. બુધ્ધિમાન માણસો સામાન્ય રીતે આ યાદી ધ્યાનમાં લે છે અને વિદ્યાની, ઈિ ન્દ્રયાતીત જ્ઞાનની, કેળવણીમાં પ્રવૃત્ત થાય છે. આધ્યાત્મિક જ્ઞાન માટે મનુષ્ય જીવન ઉત્તમ તક છે, અને જે મણસ આ તકનો લાભ નથી લેતો તે નરાધમ, સૌથી હલકો માણસ, કહેવાય છે.

અવિદ્યાનો, ઈન્દ્રિય સુખો માટે ભૌતિક જ્ઞાનનો, પંથ તે વારંવાર જનમ મરણનો પંથ છે. આધ્યાત્મિક રીતે આત્માને જન મ મરણ નથી. આત્માના બાહ્ય આવરણ, શરીર, ને જનમ મરણ લાગુ પડે છે. મરણ ઉપરના કપડા ઉતારવા બરાબર છે, અને જન મ ઉપરના કપડા પહેરવા બરાબર છે. મૂર્ખ માણસો કે જે ગંદી રીતે આ અવિદ્યા, અજ્ઞાન, ની કેળવણીમાં વ્યસ્ત છે, તેઓ આ નિર્દય રીતને મન પર લેતા નથી. માયાના સૌંદર્યથી મોહિત થયેલા તેઓ જનમોજનમ તે યાતનાઓ સહન કરે છે અને કુદરતના તે કાયદા ઓથી કોઈ પાઠ શીખતા નથી.

વિદ્યા, ઈન્દ્રિયાતીત જ્ઞાન, ની કેળવણી માણસ માટે ખા સ જરૂરી છે. આ રોગીલી ભૌતિક સ્થિતિમાં ઈન્દ્રિય સુખભોગ જેમ બે તેમ ઓછા કરવા જોઈએ. અમર્યાદિત ઈન્દ્રિય સુખો આ ભૌતિ ક શરીર સ્થિતિમાં અજ્ઞાન અને મૃત્યુનો પંથ છે. જીવો આધ્યાત્મિ ક ઈન્દ્રિયો વગરના નથી. દરેક જીવને તેના પોતાના મૂળ આકારમ ાં બધી ઈન્દ્રિયો છે કે જે હાલ શરીર અને મન વડે ઢંકાઈને ભૌતિક છે. ભૌતિક ઈન્દ્રિયોની પ્રવૃત્તિ આધ્યાત્મિક લીલાઓનું અવળું પ્રતિ બિંબ છે. પોતાની રોગીલી સ્થિતિમાં જીવ ભૌતિક આવરણ નિચે

ભૌતિક પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય છે. ખરો આનંદ ત્યારે શક્ય બને છે કે જ્યારે ભૌતિકવાદનો રોગ દૂર થાય છે. આપણા ખરા આધ્યાત્મિક રૂપમાં, જેમાં કોઈ ભૌતિક અશુધ્ધિ નથી, ઈન્દ્રિયો વડે શુધ્ધ આનંદ માણવો શક્ય છે. મનુષ્ય જીવનનું ધ્યેય અવળું ઈન્દ્રિય સુખન હોવું જોઈએ. માણસને આ ભૌતિક રોગ મટાડવાની આતુરતા હોવી જોઈએ. ભૌતિક રોગની ઉશ્કેરણી જ્ઞાનનું ચિન્હ નથી પણ અવિદ્યાનું, અજ્ઞાનનું, ચિન્હ છે. તંદુરસ્ત રહેવું હોય તો તાવ ૧૦૫ ડિગ્રીથી ૧૦૭ ડિગ્રી ન વધવો જોઈએ પણ ઘટીને સામાન્ય ૯૮.૬ ડિગ્રી થવો જોઈએ. મનુષ્ય જીવનનું આ ધ્યેય હોવું જોઈએ. ભૌતિક સંસ્કૃતિનું આધુનિક વલણ આ તાવ વધારવાનું છે કે જે તાવ અણુશક્તિના પ્રપમાં ૧૦૭ ડિગ્રી પહોંચ્યો છે. તે દરમિયાન રાજકારણીઓ પોંકો મૂકે છે કે કોઈ પણ ક્ષણે દુનિયા નરકમાં જશે. ભૌતિક જ્ઞાનની પ્રગતિનું અને આધ્યાત્મિક જ્ઞાનને અવગણવાનું આ પરિણામ છે. શ્રી ઈશોપનિષદ અહિં ચેતવણી આપે છે કે આપણે આ ભયંકર રસ્તે ન જવું જોઈએ કે જે મોત તરફ દોરે છે. તેથી વિરૂધ્ધ, આપણે આધ્યાત્મિક જ્ઞાનની સંસ્કૃતિ કેળવવી જોઈએ કે જેથી આપણે મોતના નિર્દય પંજામાંથી પૂરી રીતે મુક્ત થઈ શકીએ.

આનો અર્થ એમ નથી કે શરીર જાળવવાની બધી પ્રવૃત્તિ અટકાવી દેવી. જેમ તંદુરસ્તી પાછી મેળવવા કોઈની બધીજ ગરમી, તાવ, દૂર કરવાનો કોઈ સવાલ જ નથી તેમ પ્રવૃત્તિઓ અટકાવવાનો કોઈ સવાલ જ નથી. 'નરસાં સોદાનો ઉત્તમ ઉપયોગ કરવો' તે બરાબર શબ્દો છે. આધ્યાત્મિક જ્ઞાનન' કેળવવા માટે શરીર અને મનની જરૂર છે. તેથી જો આપણે આપણું ધ્યેય હાંસલ કરવું હોય તો શરીર અને મનને જાળવવાની જરૂર છે. સામાન્ય ૯૮.૬ ડિગ્રી તાવ જાળવી રાખવો જોઈએ, ભારતના મહાન ઋષિઓએ આધ્યાત્મક અને ભૌતિક જ્ઞાનના સમતોલ કાર્યક્રમ વડે આ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ રોગીલા ઈન્દ્રિય સુખો માટે માણસની બુધ્ધિનો ઉપયોગ કદી મંજૂર કરગતા નથી.

મુક્તિના સિધ્ધાંતો વડે વેદોમાં માણસની ઈન્દ્રિય સુખો તરફ વલણથી રોગીલી થયેલી પ્રવૃત્તિઓનું નિયમન કરવામાં આવ્યું છે. આ વ્યવસ્થામાં ધર્મ, અર્થ, કામ, અને મોક્ષની બધી પ્રવૃત્તિઓ છે, પણ આજના સમયમાં લોકોને ધર્મ અને મોક્ષમાં રસ નથી. તેઓને માત્ર એક જ ધ્યેય છે – ઈન્દ્રિય સુખો – અને તે માટે તેઓ આર્થિક પ્રગતિ કરવાની યોજનાઓ કરે છે. ગેર રસ્તે દોરાયેલા માણસો માને છે કે ધર્મ જાળવવો જોઈએ કારણકે તેથી આર્થિક પ્રગતિ થાય છે કે જે ઈન્દ્રિય સુખો મેળવવા જરૂરી છે. તેથી (તેઓ માને છે કે) મરણ પછી સ્વર્ગમાં ઈન્દ્રિય સુખો ખાત્રી પૂર્વક મળે તે માટે અમુક ધર્મો પાળવાની વ્યવસ્થા છે. પણ, મોક્ષનો આ હેતુ નથી. ધર્મનો પંથ હકિકતમાં આત્મ સાક્ષાત્કાર માટે છે, અને આર્થિક પ્રગતિ માત્ર શરીરને મજબૂત તંદુરસ્ત સ્થિતિમાં જાળવવા માટે છે. માણસે વિદ્યા, સાચું જ્ઞાન, કે જે મનુષ્ય જીવનું ધ્યેય છે, તે મેળવવા માટે શરીર અને મનને તંદુરસ્ત રાખવા જોઈએ. આ જીવન ગધેડાની જેમ કામ કરવા માટે કે ઈન્દ્રિય સુખો માટેની અવિદ્યા કેળવવા માટે નથી.

વિદ્યાનો પંથ શ્રીમદ્ ભાગવતમાં સૌથી ઉત્તમ રીતે રજુ કરવામાં આવેલો છે. ભાગવત માણસને તેનું જીવન પરમ સત્યની શોધ કરવા માટે વાપરવા નિર્દેશ કરે છે. પરમ સત્યનો સાક્ષાત્કાર ક્રમથી બ્રહ્મ, પરમાત્મા, અને આખરે પૂર્ણપુરૂષ ભગવાન તરીકે થાય છે. મોટા મનના જે માણસે જ્ઞાન મેળવ્યું છે અને દશમા મંત્રના ભાવાર્થમાં વર્ણવેલા ભગવદ્ ગીતાના અઢાર સિધ્ધાંતો અનુસરીને મોહમુક્તિ મેળવી છે તેને પરમ સત્યનો સાક્ષાત્કાર થાય છે. આ અઢાર સિધ્ધાંતોનો મૂળ હેતુ પૂર્ણપુરૂષ ભગવાનની ઈન્દ્રિયાતીત સેવા ભક્તિ મેળવવાનો છે. તેથી બધા વર્ગના લોકો ભગવાનની સેવા ભક્તિની કળા શીખવા મંડ્યા છે. વિદ્યા લક્ષ્ય પર ખાત્રીપૂર્વક પહોચાડે તેવો પંથ શ્રી રૂપ ગોસ્વામીએ તેમના પુસ્તક ભક્તિ–રસામૃત–સિંધૂ માં વર્ણવ્યો છે. એ પુસ્તક અમે અંગ્રેજી ભાષામાં નેકટર ઓફ ડિવોશન તરીકે રજુ કર્યું છે. વિદ્યાની કેળકણી શ્રીમદ્ ભાગવત (૧.૨.૧૪)માં નિચેના શબ્દોથી ટુંકમાં કહેવામાં આવી છે:

*તસ્માદ્ એકેન મનસા ભગવાન સાત્વતમ્ પતિ:*
*શ્રોતવ્ય: કીર્તિતવ્યશ્ચ ધ્યેય: પૂજ્યશ્ચ નિત્યદા*

**'તેથી ભક્તોએ પૂર્ણ પુરૂષ ભગવાન વિશે સતત સાંભળવું જોઈએ, તેમના ગુણગાન કરવા જોઈએ, તેમને યાદ કરવા જોઈએ, અને તેમની પૂજા કરવી જોઈએ.'**

જો ધર્મ, અર્થ, કામ, અને મોક્ષનું ધ્યેય ભગવાનની ભક્તિ સેવા મેળવવાનું ન હોય તો તે બધા શ્રી ઈશોપનિષદના આ પછીના મંત્રોમાં કહ્યું છે તે મુજબ અવિદ્યાના માત્ર જુદા જુદા રૂપો જ છે. આ યુગમાં વિદ્યા કેળવવા માટે માણસે હંમેશા યોગીઓના ભગવાન પૂર્ણપુરૂષ પર મનથી તીવ્ર ધ્યાનસ્થિર થઈને તેમના વિશે સાંભળવું, તેમના નામના જાપ કરવા, અને તેમની પૂજા કરવી જોઈએ.

### મંત્ર ૧૨

**અન્ધમ્ તમ: પ્રવિશન્તિ યે'સંભૂતિમ્ ઉપાસતે**
**તતો ભૂય ઈવ તે તમો ય ઉ શંભૂત્યામ્ રતા:**

**જેઓ દેવતાઓની પૂજામાં વ્યસ્ત છે તેઓ અજ્ઞાનના સૌથી વધુ અંધકારમય પ્રદલશમાં પ્રવેશ કરે છે, અને જેઓ અવ્યક્તિગત નિરપેક્ષ પરમને પૂજે છે તેઓ તો તેથી પણ વધુ અંધકારમય પ્રદેશમાં પ્રવેશ કરે છે.**

ભાવાર્થ: જેમને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ નથી તેને સંસ્કૃતમાં *અ સંભૂતિ* કહે છે. *સંભૂતિ* તે નિરપેક્ષ પૂર્ણપુરૂષ ભગવાન છે, કે જે દરેક વસ્તુથી પૂર્ણ રીતે સ્વતંત્ર છે. ભગવદ્ ગીતા (૧૦.૨)માં નિરપેક્ષ પૂર્ણપુરૂષ ભગવાન શ્રી કૃષ્ણ કહે છે:

ન મે વિદુ: સુરગણા: પ્રભવમ્ ન મહર્ષય:
અહમ્ આદિર્ હિ દેવાનામ્ મહર્ષીણામ્ ચ સર્વશ:

'મારૂ ઉદ્દભવ સ્થાન નથી દેવતાઓના સમુહો જાણતા કે નથી મહાન ઋષિઓ જાણતા. દેવતાઓનું અને ઋષિઓનું ઉદ્ગમ સ્થાન હું છું.' આ રીતે દેવતાઓને, મહાન ઋષિઓને, અને સિધ્ધોને જે શ

ક્ત છે તેનું મૂળ કૃષ્ણ છે. એટલી બધી શક્તિ હોવા છતાં કૃષ્ણ પો તે પોતાની આંતરિક શક્તિથી માણસના રૂપમાં કેમ આવે છે તે તેઓ ને જાણવું ઘણું મુશ્કેલ છે.

બધા તત્વજ્ઞાનીઓ, અને મહાન ઋષિઓ કે સિધ્ધો પોતાના નાનકડા મગજ વડે નિરપેક્ષ ને સાપેક્ષથી અલગ ઓળખવા પ્રયત્ન કરે છે. આ તેમને નિરપેક્ષના કોઈ સ્પષ્ટ પગેરાના સાક્ષાત્કાર વગર માત્ર સાપેક્ષને નકારવાની હદ સુધી પહોંચવામાં મદદ કરે છે. નકારથી બનેલી નિરપેક્ષની વ્યાખ્યા પૂર્ણ નથી. આવી નકારાત્મક વ્યાખ્યા માણસને પોતાનો ખ્યાલ ઉત્પન્ન કરવા દોરે છે. આ રીતે માણસ કલ્પે છે કે નિરપેક્ષ નિરાકાર અને નિર્ગુણ હોવું જોઈએ. નકારાત્મક ગુણો હકારત્મક ગુણોની માત્ર ઉલટી વ્યખ્યા છે અને તેથી તે પણ સાપેક્ષ છે. આ રીતે નિરપેક્ષનો ખ્યાલ કરતો માણસ બહુ બહુ તો ભગવાનના અવ્યક્તિગત તેજ, કે જેને બ્રહ્મ કહેવાય છે, ત્યાં સુધી જ પહોંચી શકે છે, પણ તે પૂર્ણપુરૂષ ભગવાન સુધી આગળ પ્રગતિ કરી શકતો નથી.

આવા મનથી તર્ક, અંદાજ, કરવા વાળાઓ જાણતા નથી કે કૃષ્ણ નિરપેક્ષ પૂર્ણપુરૂષ ભગવાન છે, અને તેના ઈન્દ્રિયાતીત શરીરમાંથી નિકળતું આંખો અંજાઈ જાય તેવુ તેજ તે અવ્યક્તિગત બ્રહ્મ છે, અને ભગવાનની બધે જે હયાતી જણાય છે તે તેનું પરમાત્મા સ્વરૂપ છે. તેઓ એ પણ નથી જાણતા કે કૃષ્ણને પોતાનું સનાતન પરમાનંદ અને જ્ઞાનના ઈન્દ્રિયાતીત ગુણોવાળું રૂપ છે. અસ્વતંત્ર દેવતાઓ અને મહર્ષિઓઓ ખામી વાળો ખ્યાલ એવો છે કે કૃષ્ણ એક શક્તિશાળી દેવતા છે, અને બ્રહ્મતેજ છે તે પરમ સત્ય છે. કૃષ્ણના ભક્તો કે જેઓ એકનિષ્ઠ ભક્તિથી તેનું શરણું સ્વીકારે છે તેઓ જોકે જાણી શકે છે કે તે નિરપેક્ષ પરમ પુરૂષ છે, અને ફૂવારામાંથી પાણી નીકળે તેમ દરેક વસ્તુ તેમાંથી ઉદ્દભવે છે. આવા ભક્તો કૃષ્ણની પ્રેમથી સેવા કરે છે.

ભગવદ્ ગીતા (૭.૨૦)માં પણ કહેલું છે કે ઈન્દ્રિયોના વિષયો ભોગવવાની તીવ્ર ઝંખનાઓને કારણે ગુંચવણમાં પડેલા માણસો પોતાની સમસ્યાનોમાંથી તાત્પુરતો છુટકારો મેળવવા માટે દેવતાઓને ભજે છે. માત્ર મંદબુધ્ધિવાળાઓ જ અમુક દેવતાઓની શક્તથી પોતાની મુશ્કેલીઓનોમાંથી તાત્પુરતી રાહત મેળવે છે. જીવ ભૈતિક રીતે સપડાયેલો ફસાયેલો છે તેથી તેને ભૌતિક બંધનમાંથી પૂર્ણ રીતે મુક્ત કરવાનો છે. તો જ તેને આધ્યાત્મિક સ્તર પર કે જ્યાં તેને સનાતન પરમાનંદ અને જ્ઞાન મળે છે ત્યાં કાયમી રાહત મળે. ભગવદ્ ગીતા (૭.૨૩)માં એમ પણ કહેલું છે કે દેવતાઓને ભજનારા દેવતાઓના લોકમાં જઈ શકે છે. ચંદ્રને પૂજનારા ચંદ્રલોકમાં જઈ શકે છે, સૂર્યને પૂજનારા સૂર્યલોકમાં જઈ શકે છે, વગેરે. આધુનિક વૈજ્ઞનિકો રોકેટ વડે ચંદ્ર પર જવાનો પહાપ્રયાસ કરી રહ્યા છે, પણ આ કાંઈ ખરેખર નવો પ્રયાસ નથી. પોતાની વિકસેલી સભાનતાથી સ્વાભાવિક છે કે માણસો અતરીક્ષયાનો વડે, યોગશક્તિ વડે, કે દેવતાઓને ભજીને આકાશમાં મુસાફરી કરવા ને બીજા ગ્રહો પર પહોંચવા ઈચ્છે છે. વેદ સાહિત્યોમાં એમ કહેલું છે કે આ ત્રણમાંની કોઈ પણ એક રીતે માણસ બીજા ગ્રહો પર જઈ શકે છે, પણ સૌથી સામાન્ય રીત જે ગ્રહ પર જવું હોય તેના દેવતાને ભજવાની છે. જોકે આ ભૌતિક વિશ્વમાં બધા જ ગ્રહો તાત્મુરતા રહેઠાણો છે, માત્ર વૈકુંઠલોક ગ્રહો છે તે જ કાયમી રહેઠાણો છે. આ વૈકુંઠો આધ્યત્મિક વિશ્વમાં છે, ભગવાન પોતે જ ત્યાં રાજ કરે છે. ભગવદ્ ગીતા (૮.૧૬)માં કહ્યું છે:

*આબ્રહ્મ ભુવનાલ્લોકા: પુનરાવર્તિનોऽર્જુન*
*મામુપ્યેત તુ કૌંતેય પુનર્જન્મ ન વિદ્યતે*

**'હે અર્જુન! બ્રહ્મલોકથી માંડીને નીચેના બધા લોકમાંથી અહીં પાછું આવવાનું (જન્મ મરણની ઘટમાળમાં પડવાનું) હોય છે. પરંતુ જે મામરા પરમ ધામને (વૈકુંઠને) પામે છે તેને, હે કૌન્તેય! ફરી જન્મ મરણ લેવાનું રહેતું નથી.'**

શ્રી ઈશોપનિષદ્ સુચવે છે કે એક યા બીજા સાધન વડે ભૌતિક ગ્રહો પર ભમતો જીવ વિશ્વના સૌથી વધુ અંધકારમય પ્રદેશમાં રહે છે. જે રીતે નાળીયેર તેના છાલાથી ઢંકાયેલું છે તે રીતે આખું વિશ્વ જબરજસ્ત ભૌતિક તત્વોથી ઢંકાયેલું છે. આ આવરણ એટલું બધું ઘટ્ટ છે કે અંદર ઘોર અંધકાર છે, અને તેથી પ્રકાશ માટે સૂર્ય અને ચંદ્ર જેવા ગ્રહોની જરૂર પડે છે. વિશ્વની બહાર અનંત બ્રહ્મજ્યોતિ પથરાયેલી છે અને વૈકુંઠો થી ભરપૂર છે. બ્રહ્મજ્યોતિમાં સૌથી ઊંચો ગ્રહ કૃષ્ણલોક કે ગોલોક–વૃંદાવન છે કે જેમાં પૂર્ણપુરૂષ ભગવાન શ્રી કૃષ્ણ પાતે રહે છે. ભગવાન કૃષ્ણ આ કૃષ્ણલોકની બહાર કદી જતા નથી. પોતાના સનાતન સહવાસીઓ સાથે તે ત્યાં રહે છે છતાં તે સમસ્ત ભૌતિક અને આધ્યાત્મિક પ્રગટ વિશ્વમાં સવત્ર છે. આ હકિકત ચોથા મંત્રમાં કહેલી જ છે. જેમ સૂર્ય પોતાના પ્રકાશથી સવત્ર હાજર છે અને છતાં તે પોતાનું સ્થાન છોડતો નથી તેમ ભગવાન સર્વત્ર છે પણ પોતાનું સ્થાન છોડતા નથી.

માત્ર ચંદ્ર પર જવાથી જીવનની સમસ્યાનો ઉકેલ થઈ શકતો નથી. માત્ર નામ અને કીર્તિ માટે ઘણાં ખોટા ભગતો ધર્મ પ્રવર્તક થયા છે. આવા ખોટા ભગતો આ ભૌતિક જગતથી છુટવા કે આધ્યાત્મિક જગતમાં પહોંચવા ઈચ્છતા નથી. ભગવાનની ભક્તિના ઢાંકણ નીચે તેઓ આ જગતમાં પરીસ્થિતિ જેમ છે તેમ જાળવી રાખવા માગે છે. નાસ્તિકો અને અવ્યક્તિગતવાદીઓ આવા મૂર્ખ ખોટા ભગતોને નાસ્તિકવાદ શીખવીને ઘોર અંધકારમય પ્રદેશોમાં જાય છે. સર્વોપરી ભગવાન છે તેવું નાસ્તિક માણસ માનતો નથી, અને સર્વોપરી ભગવાનના અવ્યક્ગિત દેખાવ પર ભાર મૂકીને અવ્યક્તગતવાદી નાસ્તિકની માન્યતાને ટેકો આપે છે. અહીં સુધી શ્રી ઈશોપનિષદ્નો કોઈ મંત્ર આપણે જોયો નથી કે જેમાં 'સર્વોપરી ભગવાન નથી' તેવું કહ્યું હોય. એમ કહ્યું છે કે તે કોઈનાથી પણ વધુ ઝડપે દોડી શકે છે. જેઓ બીજા ગ્રહો પાછળ દોડે છે તેઓ ખરેખર વ્યક્તિઓ છે, અને જો ભગવાન તે સૌ કરતાં વધુ ઝડપે દોડી શકતા હોય તો પછી તેમને અવ્યક્તિગત કેમ ગણી શકાય? સર્વોપરી ભગવાન અવ્યક્તિગત છે તેવો ખ્યાલ અજ્ઞાનનું એક બીજું રૂપ છે અને તે ખ્યાલ પરમ સત્યના અનુત્તમ ખ્યાલમાંથી ઉદ્દભવે છે.

અજ્ઞાની ખોટા ભગતો અને કહેવાતા અવતારો કે જેઓ વેદ સિધ્ધાંતો નો સીધ્ધો ભંગ કરનારા છે તેમને ઉભા કરનારાઓ તેમને અનુસરનારાઓને ગેર રસ્તે દોરતા હોવાથી વિશ્વના ઘોર અંધકારમય પ્રદેશમાં જશે. જેમને વેદોનું બરાબર જ્ઞાન નથી તેવા મૂર્ખ લોકો પાસે આવા અવ્યક્તિગતવાદીઓ પોતે અવતારો છે તેવો દેખાવ કરે છે. આવા મૂર્ખ અવ્યક્તિગતવાદીઓને જો કાંઈ જ્ઞાન હોય

તો તે તેઓ અજ્ઞાની હોય તેના કરતાં પણ વધુ ભય જનક છે. આ વા અવ્યક્તિગતવાદીઓ શાસ્ત્રમાં કહ્યું છે તે મુજબ દેવતાઓને પ ણ ભજતા નથી. અમુક સંજોગોમાં દેવતાઓને પૂજવાનું શાસ્ત્રમાં કહેલું છે, પણ તેમ પણ કહેલું છે કે સામાન્ય રીતે તેમ કરવાની જરૂ ર નથી. ભગવદ્ ગીતા (૭.૨૩)માં સ્પષ્ટ કહેલું છે કે દેવતાઓને ભજવાથી જે ફળ મળે છે તે કાયમી નથી. આ આખું ભૌતિક જગ ત જ કાયમી નથી તો પછી આ અંધકારમય જગતમાંથી જે મળે તે કેમ કાયમી હોય? સવાલ એ છે કે સાચું અને કાયમી જીવન કેમ મેળવવું?

સર્વોપરી ભગવાન પાસે જવાનો એક રસ્તો તેની સેવા ભ ક્તિ છે. ભગવાન કહે છે કે જેવો માણસ સેવા ભક્તિ કરીને તેની પાસે પહોંચે છે કે તુરત તે જનમ મરણના બંધનમાંથી સંપૂર્ણ મુક્તિ ત પામે છે. બીજા શબ્દોમાં, ભૌતિક પંજામાંથી પૂર્ણ રીતે છૂટવાનો મુક્તિનો માર્ગ જ્ઞાન અને વૈરાગ્યના સિધ્ધાંતો પર આધારિત છે. ખોટા ધર્મ પ્રવર્તકોને નથી સાચું જ્ઞાન કે નથી વૈરાગ્ય, કારણકે મોટા ભાગના તેઓ ભૌતિક બંધન રૂપ સોનાની સાકળમાં, માનવતાવાદ ના અને પરોપકારવાદ પડછાયામાં, અને ધર્મ સિધ્ધાંતીઓના વેશ માં રહેવા ઇચ્છે છે. ધાર્મિક લાગણીનો ખોટો દેખાવ કરીને તેઓ ભક્તિ–સેવાની નાટક કરે છે અને તે સાથે અનેક પ્રકારની અધાર્મિ ક પ્રવૃત્તિઓ કરતા હોય છે. આ રીતે તેઓ ધર્મગુરૂઓ અને ભગવ ાનના ભક્તો હોવાની છાપ પ્રાપ્ત કરે છે. આવા ધર્મ સિધ્ધાંતોનો ભંગ કરવાવાળાઓને સત્તાધીશ આચાર્યો, પવિત્ર ગુરૂઓ કે જેઓ ક ડક ગુરૂ પરંપરામાં હોય છે, તેમના પર જરાય માન હોતું નથી. લો કોને ગેર રસ્તે દોરવા માટે તેઓ પોતે જ કહેવાતા આચાર્યો બને છે, પણ તેઓ આચાર્યોના કોઈ પણ સિધ્ધાંતો પળતા નથી.

આવા દુષ્ટો માનવ સમાજમાં સૌથી વધુ ખતરનાક તત્વો છે. તેઓ સરકારના કાયદાની સજમાંથી છટકી જાય છે કારણ કે ક ોઈ સરકાર ધાર્મિક નથી. પણ તેઓ સર્વોપરી ભગવાનના કાયદામાં થી છટકી શકવાના નથી, કારણ કે ભગવદ્ ગીતા (૧૬.૧૯–૨૦)માં ભગવાન કહે છે કે ધર્મ પ્રવર્તકના વેશ વાળા ઈર્ષાળુ રાક્ષસોને નરક ના ઘોર અંધકારમય પ્રદેશમાં નાખવામાં આવશે. શ્રી ઈશોપનિષદ્ આ વાતની ખાત્રી કરાવે છે કે આ ખોટા ધર્મ પ્રવર્તકો પોતાનો ધર્મ ગુરૂનો ધંધો કે જે તેઓ માત્ર ઈન્દ્રિયો સંતોષવા માટે કરે છે તે પતે પછી વિશ્વના સૌથી વધુ ગંદા પ્રદેશમાં જવાના છે.

## મંત્ર ૧૪

સમ્ભૂતિં ચ વિનાશં ચ યસ્તદ્ વેદોભયમ્ સહ
વિનાશેન મૃત્યું તીર્ત્વા સમ્ભૂત્યામૃતમશ્નુતે

**સર્વોપરી ભગવાન અને તેના ઈન્દ્રિયાતીત નામ, તે જ રીતે આ ભૌ તિક ક્ષણિક સર્જન અને તે સાથે તેના ક્ષણિક દેવતાઓ, માનવો, અ ને પશુઓ માણસે ઉત્તમ રીતે જાણવા જોઈએ. જ્યારે માણસ આ બધું જાણે છે ત્યારે તે મોત અને તે સાથે ક્ષણભંગુર વિશ્વ સર્જનની આગળ નિકળી જાય છે, અને તે ભગવાનના સનાતન ધામમાં તે નું પરમાનંદ અને પૂર્ણ જ્ઞાન યુક્ત સનાતન જીવન માણે છે.**

ભાવાર્થ: પોતાની કહેવાતી જ્ઞાન પ્રગતિ વડે માનવ સંસ્કૃતિએ અંત રીક્ષયાનો અને અણું બોમ્બ સહીત ઘણી વસ્તુઓ બનાવી છે. અ ને છતાં તે જનમ, મરણ, ઘડપણ, અને રોગોથી મુક્તિ મેળવવામાં નિષ્ફળ ગઈ છે. જ્યારે જ્યારે કોઈ બુધ્ધિમાન માણસ કહેવાતા વૈજ્ઞ ાનિકોને આ યાતનાઓ વિશે સવાલ કરે છે ત્યારે વૈજ્ઞાનિક બહુ હોંિ શયારીથી જવાબ આપે છે કે ભૌતિક વિજ્ઞાન આગળ વધી રહ્યું છે અને આખરે માણસને મોત અને ઘડપણથી મુક્તિ આપી શકાશે. આવા જવાબો વૈજ્ઞાનિકોનું ભૌતિક કુકરત વિશેનું ઘોર અજ્ઞાનની સ ાબિત કરે છે. ભૌતિક કુદરતમાં દરેક વસ્તુ પદાર્થના કડક કાયદા નિ ચે છે, અને દરેક જીવને પરિવર્તનની છ કક્ષામાંથી: જનમ, મોટું થ વું, જળવાઈ રહેવું, પરિવર્તન થવું, બગડવું, અને અંતે મરણ પામવું તેમાંથી, પસાર થવું પડે છે. જે કોઈ જીવ ભૌતિક કુદરત સાથે જો ડાયેલો હોય તેને આ છ પરિવર્તનોમાંથી પસાર થવું જ પડે છે. તે થી, કોઈ પણ જીવ – દેવ, માણસ, પ્રાણી, કે ઝાડ – આ ભૌતિક જ ગતમાં કાયમ માટે જીવી શકે જ નહીં.

જીવની જાત પ્રમાણે તેની આયુષ્ય અલગ અલગ હોઈ શકે. ભૌતિક જગતનો મુખ્ય જીવ, બ્રહ્મા, લાખ્ખો વર્ષ જીવી શકે, જ્યારે એક નાનું જંતુ થોડા કલાકો જ જીવે. પણ વાત એ છે કે કો ઈ પણ જીવ કાયમ ન જીવી શકે. અમુક ચોક્કસ પરિસ્થિતિમાં જી વો જન્મે છે, મોટા થાય છે, બચ્ચાં ઉત્પન્ન કરે છે, ધીર ધીરે નબળા થાય છે, અને અંતે વિલીન થાય છે. આ કાયદા પ્રમાણે લાખ્ખો વિ શ્વોના બ્રહ્માઓમાંના કોઈ આજ કાલમાં મરવાના જ છે. તેથી આ ખું ભૌતિક વિશ્વ મૃત્યુલોક કહેવાય છે.

ભૌતિક વૈજ્ઞાનિકો અને રાજકારનીઓ આ સ્થાનને મોત વગરનું બનાવવાના પ્રયત્નો કરે છે, કારણકે તેમને મોત વગરની આધ્યાત્મિક કુદરતની કોઈ ખબર નથી. તેમને વેદિક સાહિત્યનું જ્ઞાન નથી તેથી આમ છે. વેદિક સાહિત્ય પરિપક્વ ઈન્દ્રિયાતીત અનુભવોથી ભરપૂર છે. દુર્ભા ગ્ય એ છે કે આધુનિક માણસને વેદ, પુરાણો, અને બીજા શાસ્ત્રોમાંથી જ્ઞાન મેળવવામાં વિરોધ છે.

વિષ્ણું પુરાણ (૬.૭.૬૧)માંથી આપણને માહિતી મળે છે કે સર્વોપરી ભગવાન વિષ્ણુંને પરા અને અપરા નામની જુદી જુદી શક્તિઓ છે. ભોતિક શક્તિ કે જેમાં આપણે હાલ સંડોવાયેલા છી એ તે અવિદ્યા, કે ઉતરતી શક્તિ કહેવાય છે. અને જે પરા શક્તિ છે તે આનાથી ચડીયાતી શક્તિ છે. તે પરા શક્તિ ભગવાનનું સના તન, મોત વગરનું સર્જન છે ગીતા (૮.૨૦).

બધા ભૌતિક ગ્રહો – ઉપરના, નિચેના, અને સૂર્ય, ચંદ્ર, બુધ સહીત વચલા – સમસ્ત વિશ્વમાં છવાએલા છે. આ ગ્રહો મા ત્ર બ્રહ્માના જીવન દરમિયાન જ હયાત હોય છે. કેટલાક નિચલા ગ્રહો જોકે બ્રહ્માના એક દિવસના અંતે વિલીન થઈ જાય છે અને બ્રહ્માના બીજા દિવસમાં તેમને ફરી બનાવવામાંઆવે છે. ઉપરના ગ્રહોમાં સમય જુદી રીતે ગણવામાં આવે છે. ઉપરના ઘણાં ગ્રહોમાં આપણા એક વરસનો એક દિવસ થાય છે. પૃથ્વી પર ચાર યુગો િ વતે ત્યારે ત્યાં ખાલી બાર હજાર વરસ જ થયા હોય. એટલા લાંબા સમયથી હજાર ગણો સમય બ્રહ્માનો એક દિવસ થાય છે, અને રા ત્રી પણ તેટલી જ થાય છે. આવા મોટા દિવસ વાળા સો વરસ બ્ર

હ્મા જીવે છે. બ્રહ્માના જીવનને અંતે આ સમસ્ત વિશ્વનો નાશ થ
ાય છે.

જે જીવો સૂર્ય અને ચંદ્ર પર રહે છે, અને જે જીવો મૃત્યુ લોક ગ્રહોમાં કે જે ગ્રહોમાં આ પૃથ્વી અને તેની નિચેના ગ્રહોનો સ માવેશ થાય છે, તે બધા જીવો બ્રહ્માની રાત્રીમાં પ્રલયના પાણીમાં ડૂબી જાય છે. એ રાત્રીના સમયમાં કોઈ જીવ પ્રગટ રહેતું નથી, જોકે આધ્યાત્મિક રીતે તેઓ હયાત રહે છે. આ અપ્રગટ સ્થિતિ અ વ્યક્ત કહેવાય છે. વળી, બ્રહ્માના જીવનને અંતે જ્યારે સમસ્ત વિ શ્વનો પ્રલય થાય છે ત્યારે બીજી અવ્યક્ત સ્થિતિ થાય છે. અને આ બંને અવ્યક્ત સ્થિતિની પર એક આધ્યાત્મિક આકાશ અને કુદ રત છે. આ આકાશમાં અનેક આધ્યાત્મિક ગ્રહો છે, અને ભૌતિક િ વશ્વના બધા જ ગ્રહો નાશ પામે તો પણ આ સનાતન ગ્રહો નો કદ ી નાશ થતો નથી. અનેક બ્રહ્માઓના તાબા નિચેનું આ પ્રગટ વિશ્વ ભગવાનની માત્ર ચોથા ભાગની શક્તિનું પ્રદર્શન છે. બ્રહ્માની સ ત્તા બહાર આધ્યાત્મિક કુદરત છે કે જે ત્રિપાદ-વિભૂતિ – ભગવાન નું ત્રણ ચતુર્થાંશ શક્તિ – કહેવાય છે.

આધ્યાત્મિક કુદરતમાં રહેતા જે સર્વોપરી અધિષ્ઠાતા પુરૂ ષ છે તે ભગવાન કૃષ્ણ છે. ગીતા (૮.૨૨)માં ખાત્રી પૂર્વક કહ્યું છે તેમ, તેની પાસે માત્ર એકનિષ્ઠ ભક્તિ-સેવાથી જ જઈ શકાય છે, જ્ઞાન, યોગ, કે કર્મથી નહીં. કર્મીઓ સત્યલોકના ગ્રહો સુંધી પહો ચી શકે કે જેમાં સૂર્ય અને ચંદ્રનો સમાવેશ થાય છે. જ્ઞાની અને યો ગીઓ બ્રહ્મલોક જેવા તેથી પણ ઊંચા ગ્રહો પર પહોંચી શકે. અને જ્યારે ભક્તિ-સેવાથી વધુ લાયકાતવાળા થાય છે ત્યારે તેમને આધ યાત્મિક કુદરત – ઝળહળતું બ્રહ્મ-આકાશ અથવા વૈકુંઠ ગ્રહો – માં તેમની લાયકાત પ્રમાણે દાખલ થવા દેવામાં આવે છે. જોકે એ વા ત ચોક્કસ છે કે ભક્તિ-સેવાની તાલીમ ન હોય તેવા કોઈ પણ જી વો આધ્યાત્મિક વૈકુંઠ ગ્રહોમાં દાખલ થઈ શકતા નથી.

ભૌતિક વિશ્વમાં બ્રહ્માથી માંડીને એક કીડી સુધી બધાં જીવો ભૌતિક કુદરત પર પોતાની સત્તા ચલાવવા પ્રયત્નો કરે છે, અ ને આ ભૌતિક રોગ છે. જ્યાં સુધી આ ભૌતિક રોગ ચાલુ રહેવાનો ત યાં સુધી જીવને શરીરના પરિવર્તનોમાંથી પસાર થવું જ પડવાનું. જીવ માણસનો, દેવનો, કે પ્રાણીનો આકાર લે, પણ મૂળે તેને આ બે પ્રલયો – બ્રહ્માની રાત્રીનો અને બ્રહ્માના મરણ પછીનો – દરમિય ાન અપ્રગટ સ્થિતિ ભોગવવી જ પડવાની. જો આપણે જનમ મર ણ અને તે સાથે ના રોગ અને ઘડપણની યાતનાઓના ચક્કરોમાંથી છુટવું હોય તો આપણે આધ્યાત્મિક ગ્રહોમાં પ્રવેશવા પ્રયત્ન કરવો જ જોઈએ. ભગવાન કૃષ્ણ આ દરેક આધ્યાત્મિક ગ્રહોમાં પોતાના પૂર્ણ ભાગથી સત્તા ચલાવે છે.

કૃષ્ણ ઉપર કોઈ સત્તા ચલાવી શકતું નથી. બધ્ધ આત્મ ા ભૌતિક કુદરત પર સત્તા જમાવવાના પ્રયત્નો કરે છે અને પરિણા મે કુદરત જ તેના પર સત્તા ચલાવે છે અને તેથી જીવ વારંવાર જન મ મરણ ભોગવે છે. ભગવાન ધર્મના સિધ્ધાંતો – ભગવાનને શર ણે જવાનું વલણ – ફરી સ્થાપવા અહીં આવે છે. ભગવદ્ ગીતા (૧ ૮.૬૬)માં ભગવાનની આ છેલ્લી શિખામણ છે, પણ મૂર્ખ માણસો એ કુનેહબાજીથી આ મુખ્ય શિખામણનો અવળો અર્થ કરીને લોક -સમુહને અનેક માર્ગે દોર્યા છે. લોકોને હોસ્પિટલો બનાવવા આ ગ્રહો કરવામાં આવ્યા છે, પણ ભક્તિ-સેવાના શિક્ષણથી આધ્યાતિ મક ગ્રહોમાં જવાની કોઈ દોરવણી આપતું નથી. તેમને માત્ર તાત મુરતી રાહત મેળવવાનું શિખવવામાં આવે છે કે જે કદી જીવને સા ચું સુખ નહીં આપી શકે. કુદરતની વિનાશક શક્તિ સામે લડવા મ ાટે તેઓ અનેક જાહેર અને અર્ધ-સરકારી સંસ્થાઓ શરૂ કરે છે, પ ણ તેઓને ખબર નથી કે આ જીતી ન શકાય તેવી કુદરતને કેમ શાં ત કરવી. ઘણા માણસોને ભગવદ્ ગીતાના મહાન સ્નાતક, વિદ્વાન , તરીકે જાહેર કરવામાં આવ્યા છે, પણ ગીતાનો કુદરતને શાંત કરવ ાનો સંદેશો તે વિદ્વાનોના ધ્યાનમાં જ આવતો નથી. બળવાન કુદર ત ભગવદ્-ભાવના જગાવવાથી જ શાંત પાડી શકાય એમ ભગવદ્ ગીતા (૭.૧૪)માં ચોખ્ખું કહ્યું છે.

શ્રી ઈશોપનિષદનો આ મંત્ર શિખવે છે કે માણસે સંભૂતિ (ભગવાન) અને વિનાશ (તાત્પુરતું ભૌતિક પ્રાગટ્ય) બંને એક સા થે સ્પષ્ટ રીતે જાણવા જોઈએ. ખાલી તાત્પુરતું ભૌતિક પ્રાગટ્ય જા ણવાથીમાણસ કાંઈ બચાકી શકતો નથી સમયના વહેણમાં હર ક્ષણે વિનાશ જો. હોસ્પિટાલો ખોલીને આ વિનાશમાંથી કોઈને બચાવી શકાતું નથી. માત્ર પરમાનંદ પૂર્ણ જાગૃતિવાળા સનાતન જીવનન ા પૂર્ણ જ્ઞાનથી કોઈને પણ બચાવી શકાય છે. આખ્ખી વેદિક યોજ ના માણસોને આ સનાતન જીવન મેળવવાની કળા શિખવવા માટે છે. ઈન્દ્રિય સુખ માટેની તાત્પુરતી આકર્ષક વસ્તુઓ વડે ઘણી વ ખત માણસો ગેર રસ્તે દોરાઈ જાય છે, પણ ઈન્દ્રિય સુખના ભોગો ને સેવા આપવી તે ખોટો અને આધ્યામિક પતનનો રસ્તો છે.

તેથી આપણે આપણા માણસોને સાચી રીત વડે બચાવવા જોઈએ. સત્ય ગમે છે કે નથી ગમતું તે સવાલ જ નથી. સત્ય છે જ. જો આપણે જનમ મરણના ચક્કરોથી છુટવું હોય તો આપણે ભગવાનની ભક્તિ-સેવા અપનાવવી જ જોઈએ. આમાં કોઈ બાં ધ છોડનો અવકાશ નથી કારણ કે આ જરૂરીઆતની બાબત છે.

## મંત્ર ૧૫

*હિરણ્યમયેન પાત્રેણ સત્યસ્યાપિહિતમ્ મુખમ્*
*તત ત્વમ્ પૂષન્નપાવૃણુ સત્યધર્માય દ્રષ્ટયે*

**ઓ મારા ભગવાન, બધા જીવોના પોષક, તમારૂ સાચું વદન તમારા આખ આંજી નાખતા પ્રખર તેજથી ઢંકાયેલું છે. એ તેજ-પડદાને ખસેડો અને તમારા શુધ્ધ ભક્તને તમારૂં દર્શન આપો.**

ભાવાર્થ: ભગવદ્ ગીતા (૧૪.૨૭)માં ભગવાન પોતાના વ્યક્તિગત આકારનું બ્રહ્મજ્યોતિ પ્રખર તેજ આ રીતે વર્ણવે છે:

*બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમ્ અમૃતસ્યાવ્યયસ્ય ચ*
*શાસ્વતસ્ય ચ ધર્મસ્ય સુંખસ્યૈકાન્તિકસ્ય ચ*

**અમર, અવિનાશી, સનાતન અને સર્વશ્રેષ્ઠ સુખની સ્થિતિરૂપ નિર્ગુ ણ બ્રહ્મનો આધાર હું જ છું.**

બ્રહ્મ, પરમાત્મા, અને ભગવાન એ નિરપેક્ષ સત્યના ત્રણ પાસાં છે. ભગવાન તરફ વળેલા નવા સાધકને બ્રહ્મના પાસાનો બહુ સરળતાથી અનુભવ થાય છે. પછી સાધક જ્યારે થોડી પ્રગતિ કરે ત્યારે તેને પરમાત્મા – સર્વોપરિ આત્મા – નો અનુભવ થાય છે, અને અખરે તેને પરમ સત્યના ભગવાન પાસાનો અનુભવ થાય છે. આ વાત ભગવદ્ ગીતામાં ખાત્રી પૂર્વક કહેવામાં આવી છે, કે જ્યાં ભગવાન કહે છે કે તે પરમ સત્યનો આખરી સાક્ષાત્કાર છે કે જે બ્રહ્મ જ્યોતિ અને સર્વત્ર પ્રસરેલા પરમાત્માનું ઉદ્ગમ સ્થાન છે. ગીતામાં ભગવાન કહે છે કે તે બ્રહ્મજ્યોતિનો, પરમ સત્યના અવ્યક્તિગત ખ્યાલનો, મૂળ મહાસરોવર છે, અને તેની અનંત શક્તિઓને સમજાવવાની કોઈ જરૂર નથી.

*અથવા બહુનૈતેન કિમ્ જ્ઞાતેન તવાર્જુન*
*વિષ્ઠભ્યાહમિદમ્ કૃત્સ્નમેકાંશેન સ્થિતો જગત્*

'અથવા હે અર્જુન! આ બધું બહુ વિસ્તારથી જાણવાની તારે શી જરૂર છે! આ આખા વિશ્વને હું મારા અંશમાત્રથી જ વ્યાપી રહેલો છું.' (ગીતા ૧૦.૪૨). આ રીતે તેના એક પૂર્ણ વિભાગ સર્વત્ર પ્રસરેલા પરમાત્માથી ભગવાન સંપૂર્ણ ભૌતિક વિશ્વ સર્જનને જાળવી રાખે છે. તે આધ્યાત્મિક વિશ્વનું બધું સર્જન પણ જાળવી રાખે છે. તેથી શ્રી ઈશાપનિષદ્‌ના શ્રુતિ મંત્રમાં ભગવાનને *પોષણ* – આખરી જાળવણી કરનાર – કહ્યા છે.

પરમ પુરૂષ ભગવાન કૃષ્ણ હંમેશ ઈન્દ્રિયાતીત પરમ આનંદમાં છે *(આનંદમયો 'ભ્યાસાત્)*. પાંચ હજાર વરસપહેલાં જ્યારે તે વૃંદાવન, ભારતમાં હાજર હતા ત્યારે અરે તેમની બાળલીલાથી માંડીને હંમેશ તે ઈન્દ્રિયાતીત પરમ આનંદમાં રહ્યા હતા. અઘ, બક, પુતના, અને પ્રલંબ, વગેરે રાક્ષસોને મારવાનું કામ ભગવાનનું માત્ર આનંદ ભ્રમણ હતું. વૃદાવનના ગામડામાં ભગવાને પોતાની મા, ભાઈ, અને મિત્રો સાથે તેમણે આનંદ માણ્યો. જ્યારે તેમણે નટખટ માખણચોરનો પાઠ ભજવ્યો ત્યારે માખણ ચોરીને ભગવાને તેમના શુધ્ધ ભક્તોને આનંદ આપ્યો. ભગવાનની માખણચોર તરીકેની કીર્તિ ઠપકાપાત્ર નથી કારણકે માખણ ચોરીને ભગવાને તેના શુધ્ધ ભક્તોને આનંદ આપ્યો. ભગવાને ત્યાં જે કાંઈ લીલા કરી તે બધી તેમણે પોતાના ત્યાંના સહયોગીઓને આનંદ આપવા માટે કરી હતી. જેઓ નિરપેક્ષ સત્યને શોધવા આવેલા તે શુષ્ક તર્કવાદીઓને અને કહેવાતા હઠયોગના કસરતી ખેલાડીઓને આકર્ષવા માટે ભગવાને આ લીલાઓ કરી.

ગોપ બાળકો સાથેની ભગવાનની બાળલલિો વિશે શુકદેવ ગોસ્વામી શ્રીમદ્ ભાગવત(૧૦.૧૨.૧૧)માં કહે છે,

*ઈત્થં સતાં બ્રહ્મસુખાનુભૂત્યા દાસ્યં ગતાનાં પરદૈવતેન*
*માયાશ્રિતાનાં નરદારકેણ સાકં વિજહ્રુ: કૃતપુણ્યપુંજા:*

'પરમ પુરૂષ ભગવાન કે જે અવ્યક્તિગત આનંદમય બ્રહ્મ અનુભવાય છે, જેને તેના ભક્તો સર્વોપરી ભગવાન તરીક પૂજે છે, અને સામાન્ય માણસો જેને સામાન્ય માણસ માને છે, તે ભગવાન ગોપ બાળકો સાથે રમ્યા કે જેમણે પોતાનું આ ભાગ્ય અનેક જન્મોમાં અનેક પુન્યો કરીને મેળવ્યું હતું.'

આ રીતે ભગવાન પોતાના આધ્યાત્મિક સહયોગીઓ સાથે શાંત, દાસ, મિત્ર, વાત્સલ્ય, માધુર્યના જુદા જુદા સંબંધથી ઈન્દ્રિયાતીત પ્રેમ લીલામાં હંમેશ વ્યસ્ત રહે છે.

એમ કહેવાય છે કે ભગવાન કદી વૃદાવન છોડતા નથી, તો પછી, કોઈ સવાલ કરી શકે કે, તે સર્જનનું કામકાજ કઈ રીતે કરે છે. ગીતા (૧૩.૧૪)માં આનો જવાબ છે: સમસ્ત ભૌતિક સર્જનમાં ભગવાન પોતાના પુરૂષ અવતાર નામે જાણીતા પૂર્ણ વિભાગથી વ્યાપ્ત છે. જોકે ભગવાનને વ્યક્તિગત રીતે ભૌતિક સર્જન, ભરણપોષણ, અને નાશ સાથે કોઈ લેવા દેવા નથી, પણ તે પોતાના પૂર્ણ વિસ્તાર પરમાત્મા દ્વારા આ બધું બનવાનું કારણ બને છે. દરેક જીવ આત્મા છે અને મુખ્ય આત્મા કે જે બધા આત્મા પર કાબુ રાખે છે તે પરમાત્મા છે.

ભગવાનના સાક્ષાત્કારની આ પધ્ધતિ એક મહાન વિજ્ઞાન છે. ભૌતિકવાદીઓ ભૌતિક સર્જનના માત્ર ચોવીશ તત્વોનું જ ધ્યાન અને વિશ્લેશણ કરીશકે છે, કારણ કે તેમને પુરૂષ, ભગવાન વિશે બહુજ ઓછી માહિતી છે. અવ્યક્તિગતવાદીઓ બ્રહ્મજ્યોતિના ઝળહળતા તેજથી માત્ર ગુંચવાઈ ગયા છે. જો કોઈને પૂર્ણ નિરપેક્ષ સત્ય જોવું હોય તો તેણે ચોવીશ તત્વાની અને ઝળહળતી બ્રહ્મ જ્યોતિની પાર જવું જ રહ્યું. શ્રી ઈશોપનિષદ્ આ દિશા તરફ ધ્યાન દોરે છે, હિરણ્યમય–પાત્ર, ઝળહળતા બ્રહ્મતેજરૂપ પડદાને દૂર કરવાની પ્રાર્થના કરે છે. જ્યાં સુધી આ પડદો દૂર કરવામાં ન આવે ત્યાં સુધી નિરપેક્ષ સત્યનો ખરો સાક્ષાત્કાર કદી ન મેળવી શકાય.

ભગવાન પુરૂષને વિષ્ણુ–તત્વ પણ કહેવાય છે. તેના ત્રણ પાસામાંનુ એક પરમાત્મા પાસું છે. આ પરમાત્મા વિશ્વના દરેક જીવની અંદર છે, અને તે જ ત્રણ દેવતાઓ – બ્રહ્મા, વિષ્ણુ, મહેશ – માંના વિષ્ણુ છે, અને તે ક્ષીરોદકશાઈ વિષ્ણુ તરીકે પણ જાણીતા છે. બધાય જીવોની અંદરના પરમાત્મા એક સાથે મળીને તે તત્વ છે તેને ગર્ભોદકશાઈ વિષ્ણુ કહે છે. આ બંનેથી પર કારણોદકશાઈ વિષ્ણુ છે કે જે ક્ષીર સમુદ્રમાં આડા પડેલા છે. યોગ પધ્ધતી ગંભીર સાધકને ભૌતિક વિશ્વના ચોવીશ તત્વોની પેલે પાર જઈને વિષ્ણુ–તત્વને મળવાનું શિખવે છે. પ્રયોગાત્મક તત્વજ્ઞાનની સંસ્કૃતિ માણસને અવ્યક્તિગત બ્રહ્મજ્યોતિ – ભગવાન શ્રી કૃષ્ણના ઈન્દ્રિયાતીત શરીરમાંથી નિકળતા ઝળહળતા તેજ – નો સાક્ષાત્કાર કરવામાં મદદ કરે છે. આની ખાત્રી ભગવદ્ ગીતા (૧૪.૨૭)માં આપી છે, અને બ્રહ્મસંહિતા (૫.૪૦)માં પણ કહ્યું છે:

*યસ્ય પ્રભા પ્રભવતો જગદ્–અંડ–કોટિ*
*કોતિશ્વ અશેષ–વસુધાદિ વિભુતિ–ભિન્નમ્*
*તદ્ બ્રહ્મ નિષ્કલમ્ અનંતમ્ અશેષ–ભૂતમ્*
*ગોવિંદમ્ આદી પુરૂષમ્ તમહમ્ ભજામિ*

**'અનંત કોટિ બ્રહ્માંડોમાં અગણિત ગ્રહો છે, અને આ દરેક ગ્રહ પોતાના વિશ્વ બંધારણમાં બીજા બધા ગ્રહોથી અલગ છે. આ બધા ગ્રહો બ્રહ્મજ્યોતિના એક ખૂણામાં રહેલા છે. આ બ્રહ્મજયયોતિ જે સર્વો**

**પરી ભગવાન પુરૂષના શરીરમાંથી નિકળતું માત્ર તેજ પ્રકાશ જ છે તે ભગવાનને હું ભજું છું.'** નિરપેક્ષ સત્યનો ખરો સાક્ષાત્કાર થયા પછી બ્રહ્મસંહિતાનો આ મંત્ર બોલવામાં આવ્યો છે, અને શ્રી ઈશો પનિષદ્‌નો શ્રુતિ મંત્ર ખાત્રી કરાવે છે કે આ મંત્ર સાક્ષાત્કારની રીત છે. ભગવાનનું સાચું રૂપ માણસ જોઈ શકે તે માટે બ્રહ્મજ્યોતિ ખ સેડવાની ભગવાનને આ સાદી પ્રાર્થના છે.

ઉત્તમ જ્ઞાન એટલે કૃષ્ણને બ્રહ્મનું મૂળ જાણવું તે. બ્રહ્મ નું મૂળ કૃષ્ણ છે. શ્રીમદ્ ભાગવત જેવા શાસ્ત્રામાં કૃષ્ણનું વિજ્ઞાન ઉત્તમ રીતે વર્ણવવામાં આવ્યું છે. ભાગવતમાં તેના લેખક શ્રી વ્યા સદેવે સિધ્ધ કર્યુ છે કે માણસને જેવો સરક્ષાત્કાર થાય તે મુજબ પ રમ સત્યને બ્રહ્મ, પરામત્મા, કે ભગવાન તરીકે વર્ણવવામાં આવ્યું છે. શ્રી વ્યાસદેવ કદી કહેતા નથી કે સામાન્ય જીવ પરમ સત્ય છે. સામાન્ય જીવને કદી સર્વશકિતમાન પરમ સત્ય ન માનવો જોઈએ. જો તે સર્વશકિતમાન હોત તો જીવને ભગવાનનું રૂપ જોવા માટે ઝળહળતું બ્રહ્મતેજ ખસેડવાની ભગવાનને પ્રાર્થના કરવાની કોઈ જરૂર ન હોત.

આખરી નિર્ણય એ છે કે પરમ સત્યના શકિતશાળી આધ યત્મિક પ્રાગટ્યની ગેરહાજરીમાં અવ્યકિ્તગત બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. તે પ્રમાણે, જ્યારે માણસને ભગવાનની આધ્યત્મિક શકિત ઓની જાણ ન હોઈને તે ભગવાનની ભૌતિક શકિતઓનો સાક્ષાત્કાર કરે છે ત્યારે તેને પરમાત્માનો સાક્ષાત્કાર મેળવે છે. આ રીતે બ્રહ્મ અને પરમાત્માનો સાક્ષાત્કાર પરમ સત્યના વિભાગનો સાક્ષાત્કાર છે. પણ જ્યારે માણસને બ્રહ્મજ્યોતિ ખસ્યા પછી ભગવાન કૃષ્ણ નો તેની સર્વ શકિત સાથે સાક્ષાત્કાર થાય છે ત્યારે તેને *વાસુદેવ: સર્વમિતિ* – વાસુદેવ નામે જાણીતા ભગવાન કૃષ્ણ સર્વ – બ્રહ્મ, પર માત્મા, અને ભગવાન – છે તેવો સાક્ષાત્કાર થાય છે. તે ભગવાન મૂળ છે અને બ્રહ્મ અને પરમાત્મા તેની શાખાઓ છે.

ભગવદ ગીતામાં ત્રણ પ્રકારના સાધકો – બ્રહ્મને પૂજનાર ા જ્ઞાનીઓ, પરમાત્માને પૂજનારા યોગીઓ, અને કૃષ્ણ ભગવાનના ભક્તો –ની વિશ્લષણ કરીને સરખામણી કરવામાં આવી છે. ગીતા (૬.૪૬-૪૭)માં કહ્યું છે કે બધા સાધકોમાં જ્ઞાની, જે વેદિક જ્ઞાન મેળવે છે તે, ઉત્તમ છે, પણ યોગીઓ જ્ઞાનીઓ કરતાં ઉત્તમ છે અને કર્મીઓ કરતાં તો અતિ ઉત્તમ છે. અને એ બધા યોગીઓમાં પણ જે પોતાની બધી શકિતઓથી ભગવાનની સતત સેવા કરે છે તે ભક્ત સર્વોત્તમ છે. ટુંકમાં કર્મી કરતાં તત્વજ્ઞાની ઉત્તમ છે, અને તત વજ્ઞાની કરતાં યોગી ઉત્તમ છે. અને બધા યોગીઓમાં જે ભકિતીયોગી છે કે જે સતત ભગવાનની સેવામાં વ્યસ્ત છે તે સર્વોત્તમ છે. શ્રી ઈશોપનિષદ આપણને આ સંપૂર્ણતા તરફ દોરે છે.

### મંત્ર ૧૬

***પૂષન્નેકર્ષે યમ સૂર્ય પ્રાજાપત્ય વ્યૂહ રશ્મીન્ સમૂહ***
***તેજો યત્ તે રૂપં કલ્યાણમત્ તત્ તે પશ્યામિ***
***યોસાવસૌ પુરુષ: સો 'હમસ્મિ***

**ઓ મારા ભગવાન, ઓ આદી તત્વજ્ઞાની, વિશ્વનું ભરણ પોષણ કર નાર, ઓ નિયામક સિધ્ધાંત, શુધ્ધ ભક્તોની મંજીલ, મનુષ્યજાતના પ્રજાપતીઓના શુભેચ્છક, તમારા ઈન્દ્રિયાતીત કિરણોનું તેજ હઠાવવાની કૃપા કરો કે જેથી હું તમારૂં પરમાનંદરૂપ જોઈ શકું. તમે સનાતન સર્વોપરી ભગવાન પુરૂષ છો, જેમ સૂર્યમાં હું છું.**

જેમ સૂર્ય અને તેના કિરણો ગુણથી એક છે તેમ ભગવાન અને જીવો ગુણથી એક છે. સૂર્ય એક છે પણ તેના કિરણોના અણુંઓ અસંખ્ય છે. સૂર્યના કિરણો સૂર્યનો એક ભાગ છે, કિરણો સહીતનો સૂર્ય પૂર્ણ સૂર્ય છે. સૂર્યની અંદર સૂર્યદેવ રહે છે તે રીતે સર્વોપરી આધ્યાત્મિક ગ્રહ ગોલોક વૃદાવન કે જેમાથી બ્રહ્મજ્યોતિનું તેજ ફેલાય છે તેમાં સનાતન ભગવાન રહે છે તેવું બ્રહ્મસંહિતા (૫.૨૯)માં આ રીતે કહ્યું છે:

***ચિંતામણી–પ્રકર–સદ્મસુ કલ્પવૃક્ષ***
***લક્ષાવૃતેષુ સુરભીરભિપાલયન્તમ્***
***લક્ષ્મી–સહસ્ત્ર–શત–સમ્ભ્રમ–સેવ્યમાનમ્***
***ગોવિંદમ્ આદીપુરૂષમ્ તમહમ્ ભજામિ***

**'હું આદી ભગવાન, પ્રથમ પ્રજાપતી, ગાયોને ચાવનાનારા, ચિંતામણીથી ભરપૂર ધામોમાં સર્વ ઈચ્છાઓ પૂર્ણ કરનારા, અને લાખ્ખો લક્ષ્મીઓ વડે પ્રેમ અને માન પૂર્વક હંમેશ સેવાતા ગોવિંદને ભજું છે.'**

બ્રહ્મજ્યોતિનું વર્ણન બ્રહ્મસંહિતામાં છે. ત્યાં કહ્યું છે કે જેમ સૂર્યના ગ્રહમાંથી કિરણો નિકળે છે તેમ સર્વોપરી આધ્યાત્મિક ગ્રહ ગોલોક વૃદાવનમાંથી જે કિરણો નિકળે છે તે બ્રહ્મજ્યોતિ છે. જ્યાં સુંધી માણસ બ્રહ્મજ્યોતિથીઆગળ ન વધે ત્યાં સુંધી તેને ભગવાનના ધામની માહિતી ન મળી શકે. અવ્યકિ્તગતવાદી તત્વજ્ઞાનીઓ ઝળહળતી બ્રહ્મજ્યોતિથી આંધળા બની જાય છે અને તેથી તેઓ ભગવાનનું સાચું ધામ કે તેનું ઈન્દ્રિયાતીત રૂપ જોઈ શકતા નથી. આવા અલ્પજ્ઞાની અવ્યકિતગતવાદી વિચારકો કૃષ્ણ ભગવાનનું સંપૂર્ણ આનંદમય ઈન્દ્રિયાતીત રૂપ સમજી શકતા નથી. આ પ્રાર્થનામાં તેથી શ્રી ઈશાપનિષદ્ ભગવાનને બ્રહ્મજ્યાતિનું તેજ ખસેડવા અરજી કરે છે કે જેથી તેના શુધ્ધ ભક્તો તે રૂપ જોઈ શકે.

અવ્યકિતગત બ્રહ્મજ્યોતિનો સાક્ષાત્કાર કરીને માણસ સર્વોપરીના મંગલ પાસાનો અનુભવ કરે છે, અને સર્વવ્યાપક પરમાત માનો સાક્ષાત્કાર કરીને તેથી પણ વધુ મંગલનો અનુભવ થાય છે. સ્વયં ભગવાનને રૂબરૂ મળીને ભક્ત સર્વોપરીના સૌથી વધુ મંગલ ગુણનો અનુભવ કરે છે. પરમ સત્યને અવ્યકિ્તગત ન કહી શકાય કારણકે તેને આદી તત્વજ્ઞાની અને વિશ્વને જાળવનાર અને શુભેચ્ક તરીકે વર્ણવેલ છે. શ્રી ઈશોપનિષદ્‌નો આ ચુકાદો છે. *પુશાન* (જાળવનાર) શબ્દ ખાસ અગત્યનો છે. જોકે ભગવાન જીવોને જાળવે છે, પણ તે તેના ભક્તોને ખાસ જાળવે છે. અવ્યકિ્તગત બ્રહ્મ જ્યોતિને ઓળંગ્યા પછી વ્યકિ્તગત ભગવાન અને તેમનું સૌથી વધુ મંગલ સનાતન રૂપ જોયા પછી ભક્ત નિરપેક્ષ સત્યનો પૂર્ણ સાક્ષાત કાર કરે છે.

*ભાગબત સંદર્ભ*માં શ્રી જીવા ગોસ્વામી કહે છે, 'ભગવાન પુરૂષમાં નિરપેક્ષ સત્યના ખ્યાલનો સંપૂર્ણ સાક્ષાત્કાર થાય છે કારણકે ભગવાન સર્વશકિતમાન છે અને તેને પૂરી ઈન્દ્રિયાતીત શકિતઓ છે. નિરપેક્ષ સત્યની બધી શકિતઓનો સાક્ષાત્કાર બ્રહ્મજ્યોતિમાં થતો નથી. તેથી બ્રહ્મનો સાક્ષાત્કાર ભગવાનના એક વિભાગનો સાક્ષાત્કાર છે. ઓ વિદ્વાન ઋષિઓ, ભગવાન શબ્દનો પહેલો અક્ષર બમણા મહત્વનો છે: એકતો 'એ કે જે પૂર્ણ રીતે જાક્ષવે છે' તે અર્થમાં , અને બીજું 'રક્ષક'ના અર્થમાં. બીજા અક્ષર ગ નો અર્થ માર્ગદર્શક, નેતા, અનદવા સર્જનહાર છે. વા અક્ષર સુચવે છે કે તે દરેક જીવમાં રહે છે અને દરેક જીવ તેમાં રહે છે. બીજા શબ્દોમાં, ઈન્દ્રિયાતીત અવાજ 'ભગવાન' અનંત જ્ઞાન, ક્ષમતા, શકિત, શોભા –વૈભવ, તાકાત, અને સત્તા એ બધું જરા પણ ભૌતિક ઘેલછા વગર દર્શાવે છે.

ભગવાન તેના ભકતોને પૂર્ણ રીતે જાળવે છે, અને તે તેમને પ્રગતિપૂર્વક ઉત્તમ ભકિતના રસ્તે દોરે છે. તેના ભકતોના માર્ગદર્શક તરીકે તે આખરે ભકિત–સેવાનું ઈચ્છિત ફળ – પોતાની જાતને જ – ભકતને આપે છે. ભગવાનની કારણ વગરની કરૂણાને કારણે ભકતો ભગવાનને સામોસામ રૂબરૂ જુએ છે. આ રીતે ભગવાન તેના ભકતોને સર્વોત્તમ આધ્યાત્મિક ગ્રહ, ગોલોક વૃંદાવન પહોચાડવામાં મદદ કરે છે. પોતે સર્જનહાર હોઈને તે પોતાનો ભકત આખરે પોતાની પાસે આવી શકે તે માટે તેને જરૂરી બધી લાયકાતો આપે છે. ભગવાન બધા કારણોનું મૂળ કારણ છે, એવું કાંઈ નથી કે જે ભગવાનું કારણ હોય. પોતાની આંતરિક શકિત પ્રગટ કરીને પોતે પોતાની જાતથી આનંદ માણે છે. બાહ્ય શકિત હકીકતમાં તણે પ્રગટ કરી નથી, કારણ કે તે પોતાનો 'પુરૂષ' તરીકે વિસ્તાર કરે છે, અને આ રૂપમાં તે ભૌતિક સર્જનના ગુણો–વિશેષતાઓ જાળવે છે. આવા પોતાના વિસ્તારથી તે વિશ્વનું સર્જન, જાળવણી , અને સંહાર કરે છે.

જીવો પણ ભગવાના છુટા પડેલા વિસ્તારો છે. કેટલાક જીવો પોતે ભગવાન થવા અને ભગવાનની જેમ વર્તવા ઈચ્છે તેથી ભગવાન તેમને વિશ્વ સર્જનમાં દાખલ થવા દે છે કે જ્યાં તેઓ પ્રકૃતિ પર પોતાનો કાબુ જમાવવાના પ્રયત્નો કરી શકે. અનેક જીવોની હાજરીને કારણે સમસ્ત વિશ્વ આઘાત–પ્રત્યાઘાત, ક્રિયા–પ્રતીક્રયામાં ખળભળેલું છે. આમ જીવોને કુદરત પર કાબુ જમાવવા માટે પૂરી સગવડ આપવામાં આવી છે, પણ મૂળ નિયામક ભગવાન પોતે તેનો પરમાત્મા તરીકેનો પૂર્ણ વિભાગ છે કે જે પુરૂષોમાંનો એક છે.

આ રીતે આત્મા અને પરમાત્મા વચ્ચે બહુજ મોટો તફાવત છે. પરમાત્મા કાબુ કરનાર છે, અને આત્મા કાબુમાં રહેલો છે. તેથી તે બંને એકજ સ્તર પર ન હોઈ શકે. પરમાત્મા આત્માને પૂરો સહકાર આપે છે, તેથી તે જીવના સતત સાથી તરીકે જાણીતો છે.

ભગવાનનું જે સર્વવ્યાપી પાસું છે તે બ્રહ્મ નામથી જાણીતું છે. બ્રહ્મ જાગૃતિની અને સુષુપ્તિની કોઈ પણ પરિસ્થતીમાં હયાત છે, અને જે બળવાન સ્થિતીઓમાંથી બધ્ધ અને મુકત આત્માઓ તરીકે જીવ શકિત ઉદ્દભવે છે તેમાં પણ હયાત છે. ભગવાન બ્રહ્મ અને પરમાત્માનું ઉદ્દગમ સ્થાન છે, તેથી તે બધા જીવો અને તે સિવાય જે કાંઈ હયાત છે તે બધાનું પણ ઉદ્દગમ સ્થાન છે. જે આ જાણે છે તે તુરત ભગવાનની ભકિત–સેવામાં જોડાય છે. આવો શુધ્ધ અને જાણકાર ભગવાનનો ભકત હૃદય અને આત્માથી પૂર્ણ રીતે ભગવાન સાથે જોડાયેલો છે. જ્યારે આવો ભકત તેના જેવા બીજા ભકતો સાથે જોડાય છે ત્યારે તેઓ ભગવાનની ઈન્દ્રિયાતીત લીલાઓના ગુણગાન સિવાય બીજું કાંઈ કરતા નથી. જેઓ શુધ્ધ ભકતો જેટલા ઉત્તમ નથી અને જેઓએ ભગવાનના માત્ર બ્રહ્મ કે પરમાત્મા પાસાનો સાક્ષાત્કાર કરેલો છે તેઓ આ ઉત્તમ ભકતોની પ્રવૃત્તિની કદર કરી શકતા નથી. ભગવાન હંમેશ આ શુધ્ધ ભકતોના હૃદયમાં જરૂરી જ્ઞાન આપીને હંમેશ મદદ કરે છે. આ રીતે ભગવાનની વિશેષ કૃપાથી તેમનો બધો અજ્ઞાનરૂપ અંધકાર દૂર થાય છે. અંદાજબાજ તત્વજ્ઞાનીઓ અને યોગીઓ આ કલ્પી શકતા નથી કારણ કે તેઓ થોડે ઘણે અંશે પોતાની શકિત પર આધાર રાખે છે. કઠ ઉપનિષદ્દમાં કહ્યું છે તેમ, ભગવાનને માત્ર તે જ જાણી શકે કે જેના ઉપર ભગવાન કૃપા કરે, અને બીજો કોઈ નહીં. આવી વિશેષ કૃપા માત્ર તેના શુધ્ધ ભકતો પર જ કરવામાં આવે છે. શ્રી ઈશોપનિષદ આ રીતે ભગવાનની કૃપા તરફ નિર્દેશ કરે છે કે જે કૃપા બ્રહ્મજ્યોતિની સીમા બહાર છે.

## મંત્ર ૧૭

**વાયુરનિલમમૃતમથેદ ભસ્માન્તં શરીરમ્**
**ૐ ક્તો સ્મર કૃતં સ્મર ક્તો સ્મર કૃતં સ્મર**

**ભલે આ તાત્પુરતું શરીર બળીને ખાખ થઈ જાય, અને ભલે જીવનો પ્રાણ વાયુ સમસ્ત હવામાં મળી જાય. હવે ઓ મારા ભગવાન, કૃપા કરીને મારા બધા બલીદાનો યાદ કર, અને મહેરબાની કરીને મેં તારે માટે જે કાંઈ કર્યુ છે તે બધું યાદ કર કારણ કે આખરી લાભ મેળવનાર તું જ છે.**

ભાવાર્થ: આ તાત્પુરતું શરીર ખરખર એક પરદેશી પોશાક છે. ભગવદ્દ ગીતા (૨.૧૩, ૧૮.૩૦)માં ચોખ્ખું કહેલું છે કે ભૌતિક શરીરના નાશ પછી જીવનો નાશ થતો નથી અને જીવ પોતાની ઓળખાણ પણ ગુમાવતો નથી. જીવ પોતે અવ્યકિતગત કે નિરાકાર નથી. તેથી ઉલટું, ભૌતિક પોશાક (શરીર) જ નિરાકાર છે કે જે અવિનાશી વ્યકિત (જીવ)નો આકાર ધારણ કરે છે. કોઈ જીવ તેના મૂળ રૂપે નિરાકાર નથી. જેઓ અલ્પજ્ઞાની છે તેઓ જ એમ વિચારે કે તે નિરાકાર છે. આ મંત્ર એ સત્યની ખાત્રી કરાવે છે કે ભૌતિક શરીરના નાશ પછી જીવ હયાત રહે છે.

આ ભૌતિક જગતમાં ભૌતિક કુદરત જીવોના ઈન્દ્રિય સુખો ભોગવવાની ઈચ્છાઓ અનુસાર અનેક પ્રકારના શરીરો રચીને અદ્દભૂત કાર્યદક્ષતાનુ પ્રદર્શન કરે છે. જે જીવને ગુ નો સ્વાદ લેવો હોય તેને ભૂંડનું શરીર આપવામાં આવે છે કે જેથી તે ગુ ખાઈ શકે છે. તે જ પ્રમાણે, જેને માંશ ખાવું હોય તેને વાઘનું શરીર આપવામાં આવે છે કે જેથી તે બીજા પ્રાણીઓનું લોહી માંશ ખાઈને આનંદથી માણી શકે. મનુષ્ય શરીર ગુ કે માંશ ખાવા માટે નથી, કારણકે તેના દાંતનો ઘાટ અલગ છે, અને ભલે તે ગમે તેટલો જંગલી–અસં

સ્કૃત હોય પણ તેને ગુ નો સ્વાદ લેવાની કોઈ ઈચ્છા નથી. મનુષ્ય ના દાંત એવા છે કે તે ફળ અને શાકભાજી કાપી અને ચાવી શકે, અને બે દાંત એવા પણ છે કે તે તે માંશ ખાઈ શકે.

બધા માણસો ને પ્રાણીઓના ભૌતિક શરીરો જીવ માટે પ રદેશી છે. જીવની ઈન્દ્રિય સુંખ ભોગની ઈચ્છા પ્રમાણે શરીરો બદ લે છે. ઉત્ક્રાંતિના ચક્કરમાં જીવ એક પછી એક શરીરો બદલે છે. જ્યારે વિશ્વ પાણીથી ભરપૂર હતું ત્યારે જીવે જળચરનો આકાર લી ધો. પછી તેણે ક્રમસર વનસ્પતિ, કીડાં, પક્ષી, પ્રાણી, અને પછી મા ણસનો આકાર લીધો. જ્યારે આ મનુષ્ય–શરીર આધ્યાત્મિક જ્ઞાન મેળવે છે ત્યારે તે સર્વોચ્ચ વિકસીત મનુષ્યાકાર થાય છે. આધ્યાતિ મક જ્ઞાનનો સર્વોચ્ચ વિકાસ આ મંત્રમાં કર્ણવવામાં આવ્યો છેઃ મ ાણસે આ ભૌતિક શરીર છોડી દેવું જોઈએ કે જે બળીને ખાખ થવા નું છે, અને પ્રાણ વાયુને હવાના સનાતન સરોવરમાં ભળી જવા દે વું જોઈએ. જીવાના શરીરની અંદરની ક્રિયાઓ અનેક પ્રકારના પ્રા ણ વાયુઓના ચાલવાથી થાય છે. યોગીઓ સામન્ય રીતે શરીરના વાયુઓ પર કાબુ કરવાનો અભ્યાસ કરે છે. આથી આત્મા નિચેના ચક્રમાંથી ઉપરના ચક્રમાં જાય છે અને અંતે સૌથી ઉપરના બ્રહ્મરંધ્ર ચક્રમાં જાય છે. તે પછી ઉત્તમ યોગી પોતાને કોઈપણ ઈચ્છિત ગ્ર હમાં લઈ જઈ શકે છે. ભૌતિક શરીર છોડીને બીજું શરીર ગ્રહણ ક રવાની આ રીત છે, પણ આ મંત્રમાં સુચવ્યું છે તેમ, ઉત્તમ શરીર– બદલી ત્યારે શક્ય બને છે કે જ્યારે જીવ ભૌતિક શરીર સદંતર છોડ ી દે છે. ત્યારે તે આધ્યાત્મિક આકાશમાં પ્રવેશ કરી શકે છે કે જ્યાં િ બલકુલ બીજી જાતનું – આધ્યાત્મિક – શરીર ધારણ કરી શકે છે કે જે કદી મોત કે પરિવર્તન પામતું નથી.

ભૌતિક જગતમાં કુદરત જીવને તેની ઈન્દ્રિયોને સંતોષવા ની જુદી જુદી ઈચ્છાઓને કારણે શરીર બદલવા વિવશ કરે છે. સૂક્ષ્ મ જંતુઓથી માંડીને બ્રહ્મા અને દેવતાઓના સર્વોત્તમ જીવ શરીરો માં આ બધી અલગ અલગ ઈચ્છાઓનું દર્શન થાય છે. આ બધા જીવોને ભૌતિક તત્વાના બનેલા અનેક ઘાટના શરીરો છે. બુધ્ધિમ ાન માણસ આ બધા જીવોના શરીરોમાં નહીં પણ તેમની આધ્યાતિ મક ઓળખાણમાં એકતા જુએ છે. શરીર ભુંડનું કે બ્રહ્માનું ગમે તે હોય, પણ તેમાંનો જીવ ભગવાનનો જ એક અંશ છે. જીવ પોતા ના પુન્ય અને પાપ કર્મ અનુસાર અનેક શરીરો ધારણ કરે છે. મનુ ષ્ય શરીર ઉત્તમ રીતે વિકસેલું છે અને અને તેમાં પૂર્ણ ચેતના છે. વેદ સાહિત્ય મુજબ સર્વોત્તમ માણસ અનેક જન્મોમાં જ્ઞાન સંપાદ ન કરીને પછી ભગવાનનું શરણું સ્વીકારે છે. જ્યારે તે જ્ઞાની જીવ ભગવાન વસુદેવને શરણે જાય છે ત્યારે જ તે જ્ઞાનની ઉત્તમ પરાકા ષ્ઠા પર પહોંચે છે. પોતાની આધ્યાત્મિક ઓળખાણનું જ્ઞાન પામ્યા પછી પણ જો માણસ એ ન જાણી શકે કે જીવો પૂર્ણપુરૂષ ભગવાન ના સનાતન વિભાગો છે અને તે વિભાગો કદી પણ પૂર્ણપુરૂષ ન બ ની શકે તો તે માણસ ફરી ભૌતિક જગતમાં જન્મ લેવાનો જ; અરે બ્રહ્મજ્યોતિમાં એકાકાર થયલો હોય તો પણ ત્યાંથી જરૂર પાછો પડ વાનો.

ભગવાનના ઈન્દ્રિયાતીત શરીરમાંથી પ્રસરતું બ્રહ્મતેજ હ યાતીના પૂર્ણ ભાન વાળા વ્યક્તિગત આધ્યાત્મિક તણખલાઓથી ( જીવોથી) ભરપૂર છે. કયારેક આ જીવો ઈન્દ્રિયો વડે સુ ખો માણ વા ચાહે છે, અને તેથી તેઓ ભૌતિક જગતમાં મુકાય છે કે જ્યાં તે ઓ ઈન્દ્રિયોની સત્તા નીચે ખોટા સત્તાધીશ બને છે. સત્તાધીશ બન વાની ઈચ્છા જીવોનો ભૌતિક રોગ છે, કારણકે ઈન્દ્રિય સુખોની લગ ની ને કારણે જીવ ભૌતિક જગતમાં એક પછી એક અનેક શરીરોમાં ભ્રમણ કરે છે. બ્રહ્મજ્યોતિમાં વિલીન થવું તે પક્વ જ્ઞાન નથી. મ ાત્ર ભગવાનનું સંપૂર્ણ શરણું સ્વીકારીને અને આધ્યાત્મિક સેવાનો ભાવ વિકસાવીને જ માણસ સર્વોતમ સ્તરપર પહોંચી શકે છે.

આ મંત્રમાં જીવ ભૌતિક શરીર અને વાયુથી મુક્ત થયા પછી ભગવાનના આધ્યાત્મિક સામ્રજ્યમાં પ્રવેશ કરવાની પ્રાર્થના કરે છે. ભક્ત પોતાનું શરીર બળીને રાખ થાય તે પહેલાં કરેલા પોત ાના કર્મો અને બલીદાનોને યાદ કરવાની ભગવાનને પ્રાર્થના કરે છે . આ પ્રાર્થના મરણ વખતે પોતાના બધા કર્મોના અને આખરી ધ્યે યના ભાન સાથે કરવામાં આવી છે. જે માણસ ભૌતિક કુદરતના પૂ ર્ણ તાબામાં છે તે પોતાના જીવનમાં કરેલા હીન કર્મો યાદ કરે છે અને પરિણામે મરણ પછી બીજું ભૌતિક શરીર મેળવે છે. ભગવદ્ ગીતા (૮.૬) આ સત્યની ખાત્રી આપે છે:

***યમ્ યમ્ વાપિ સ્મરન્ ભાવમ્ ત્યજત્યંતે કલેવરમ્***
***તં તમેવૈતિ કૌંતેય સદા તદ્દભાવ ભાવિતા:***

**'અથવા તો, જે જે ભાવનું સ્મરણ કરતો મનુષ્ય દેહ ત્યાગે છે, હે કૌં તેય, તે જ ભાવને તે નિઃસંદેહ બીજા શરીરમાં પામે છે.'** આ રીતે મરતા પ્રાણીની વાસનાઓને મન બીજા જન્મમાં લઈ જાય છે.

મનુષ્ય પોતાના પસાર થયેલા જીવનની પ્રવૃત્તિઓને રા ત્રીના સપનાંઓની જેમ યાદ રાખી શકે છે કે જે ક્ષમતા અવિકસીત મન વાળા સાદા પ્રાણીઓને નથી. તેથી મનુષ્યનું મન ભૌતિક વા સનાઓ વડે ઉત્તેજીત રહે છે, અને પરિણામે તે આધ્યાત્મિક શરીર વડે આધ્યાત્મિક સામ્રાજ્યમાં પ્રવેશ કરી શકતો નથી. પણ ભક્ત ભગવાનની ભક્તિ–સેવા કરીને ભગવાન માટે પ્રેમભાવ વિકસાવે છે. જો કોઈ ભક્ત મરણ વખતે પોતાની ભગવાન સેવા યાદ ન કરે તો પણ ભગવાન તેને ભૂલતા નથી. આ પ્રાર્થના ભગવાનને ભક્ તના બલીદાનો યાદ કરાવવા માટે આપવામાં આવી છે, પણ એવી કોઈ યાદી ન હોય તો પણ ભગવાન તેના શુધ્ધ ભક્તની ભક્તિ સે વા ભૂલતા નથી.

ભગવાન પોતાના ભક્ત સાથેનો પોતાનો ગાઢ સંબંધ ગી તા (૯.૩૦–૩૪)માં સ્પષ્ટ રીતે વર્ણવે છેઃ ' અતિશય દુરાચારી પ ણ જો અનન્ય ભક્તિભાવે મને ભજતો હોય તો તેને સાધુ જ ગણવો, કારણ કે તે યોગ્ય નિશ્ચયવાળો છે. એ થોડી વારમાં જ ધર્માત્મા થ ાય છે અને શાશ્વત શાંતિને પામે છે. હે કૌંતેય, તું નક્કી જાણી લે કે મારો ભકત કદી નાશ પામતો નથી. હે પાર્થ, સ્ત્રીઓ, વૈશ્યો, તથ ા શૂદ્રો અને પાપયોનિમાં જન્મેલાં પણ મારો આશરો લઈને પરમ ગતિને પામે છે, તો પછી મારા ભક્ત એવા પવિત્ર બ્રાહ્મણો, ભક્તો અને ક્ષત્રિય રાજર્ષિઓની વાત શી કરવી (એ તો મોક્ષગતિ પામે જ) કે જેઓ આ અનિત્ય અને દુઃખમય મૃત્યુલોકમાં પ્રેમ ભાવથી મને જ ભજે છે. તારૂં મન હંમેશ મારૂં ચિંતન કરવામાં લગાડ, મ

ને દંડવત પ્રણામ કર અને પૂજ. એ રીતે મારામાં મગ્ન થયેલો તું નક્કી મારી પાસે આવીશ.'

શ્રી ભક્તિવિનોદ ઠાકુર આ શ્લોક આ રીતે સમજાવે છે: ' કોઈ માણસ હલકા ચારિત્ર્યનો લાગતો હોય, પણ જો તે સાધુના સાચા રસ્તા પર હોય તો તેને ભક્ત તરીકે સ્વીકારવો જોઈએ. 'હલકુ ચારિત્ર્ય' શબ્દોનો ખરો અર્થ સમજવો જોઈએ. બધ્ધ આત્માને બે કામ કરવાના છે – શરીરની જાળવણી, અને આત્મ સાક્ષાત્કાર. સામાજીક મોભો, માનસીક વિકાસ, પવિત્રતા, તપ, પોષણ, અને જીવવામાટેનો સંગ્રામ, એ બધું શરીરને જાળવવા માટે છે. આત્મ સાક્ષાત્કારનું કામ ત્યારે થાય છે કે જ્યારે માણસ ભગવાનના ભક્ત તરીકે કાર્ય કરે છે. આ બે કામ એક સાથે ચાલે છે કારણ કે બધ્ધ આત્મા પોતાના શરીરની જાળવણીની પ્રવૃત્તિઓ છોડી શકતો નથી. જેમ ભક્તિ સેવાનું કામ વધે છે તેમ શરીર જાળવણીનું કામ ઘટે છે. જ્યાં સુધી ભક્તિ સેવાનું કામ અમુક હદ સુધી વધતું નથી ત્યાં સુધી ક્યારેક સાંસારીકતાનું પ્રદર્શન થવાની શક્યતા છે, પણ એ નોંધ લેવી જોઈએ કે આવી સાંસારીકતા કોઈ લાંબો સમય ચાલી શકે નહીં, કારણ કે ભગવાનની કૃપાથી આવી અનુત્તમતાઓનો થોડા સમયમાં જ અંત આવશે. તેથી ભક્તિ સેવાનો માર્ગ જ ખરો માર્ગ છે. જો કોઈ સાચા રસ્તા પર હોય તો કોઈ વખત સાંસારીકતાનું પ્રદર્શન પણ તેને આત્મ સાક્ષાત્કાર તરફ પ્રગતિ કરવામાં અડચણ કરતું નથી.'

ભક્તિ સેવાની સગવડો અવ્યક્તિગતવાદીઓને ઉપલબ્ધ નથી કારણ કે તેઓ ભગવાનના બ્રહ્મજ્યોતિ લક્ષણ તરફ આકર્ષાયેલા છે. આગલા મંત્રમાં સુચવ્યું છે તેમ તેઓ બ્રહ્મજ્યોતિની પેલી પાર જઈ શકતા નથી કારણ કે તેઓ વ્યક્તિગત ભગવાનમાં માનતા નથી. તેમનો ધંધો માત્ર શબ્દોની ચાલાકી, શબ્દાર્થોના પરિવર્તનોનો અભ્યાસ, અને મનોરચનાઓ કરવાનો જ છે. પરિણામે તેઓ ગીતા (૧૨.૫)માં ખાત્રી પૂર્વક કહ્યું છે તેમ નિષ્ફળ મજુરી કરે છે.

નિરપેક્ષ સત્યના વ્યક્તિગત લક્ષણ સાથેના સતત સંપર્કથી આ મંત્રમાં સુચવેલી બધી સુવિધાઓ સરળતાથી મેળવી શકાય છે. ભક્ત ભગવાનની જે ભક્તિ સેવા કરે છે તે નવ પ્રકારની ઈન્દ્રિયાતીત પ્રવૃત્તિ છે: ૧) ભગવાન વિષે સાંભળવું, ૨) ભગવાનના ગુણગાન કરવા, ૩) ભગવાનને યાદ કરવા, ૪) ભગવાનના ચરણકનળની સેવા કરવી, ૫) ભગવાનની પૂજા કરવી, ૬) ભગવાનને પ્રાર્થનાઓ કરવી, ૭) ભગવાનની સેવા કરવી, ૮) ભગવાન સાથે મૈત્રી ભર્યો સહવાસ માણવો, અને ૯) ભગવાનને બધું જ સમર્પણ કરી દેવું. આ નવ ભક્તિ સેવાના સિધ્ધાંતો એક પછી એક કે બધા એક સાથે પાળીને તે વડે ભક્ત ભગવાન સાથે સતત સંપર્કમાં રહે છે. આ રીતે જીવનના અંતે ભક્ત ભગવાનને સરળતાથી યાદ કરી શકે છે. આ નવમાંનો માત્ર એકજ સિધ્ધાંત અપનાવીને નીચેના ભગવાનના મહાન ભક્તો સર્વોચ્ચ ઉત્તમતા પામ્યા છે: ૧) સાંભળીને શ્રીમદ્ ભાગવતના સૂરવીર પુરૂષ મહારાજ પરીક્ષિતે ઈચ્છિત ફળ મેળવ્યું છે, ૨) માત્ર ભગવાનના ગુણગાન ગાઈને જ શ્રીમદ્ ભાગવતની કથા કહેનારા શુકદેવ ગોસ્વામીએ પોતાની ઉત્તમતા મેળવી છે, ૩) પ્રાર્થના કરીને અક્રુરે ઈચ્છિત ફળ મેળવ્યું છે, ૪) યાદ કરીને પ્રહલાદ મહારાજે ઈચ્છિત ફળ મેળવ્યું છે, ૫) પૂજા કરીને પૃથુ મહારાજે ઈચ્છિત ફળ મેળવ્યું છે, ૬) ભગવાનના ચરણકમળની સેવા કરીને લક્ષ્મીજીએ ઉત્તમતા મેળવી છે, ૭) ભગવાનની વ્યક્તિગત સેવા કરીને હનુમાનજીએ ઈચ્છિત ફળ મેળવ્યું છે, ૮) ભગવાન સાથેની પોતાની મિત્રાચારી વડે અર્જુને ઈચ્છિત ફળ મેળવ્યું છે, અને ૯) પોતાનું સર્વસ્વ સમર્પણ કરીને બલી મહારાજે ઈચ્છિત ફળ મેળવ્યું છે.

હકીકતમાં આ મંત્રની સમજણ અને વાસ્તવિકતામાં બધાજ વેદ મંત્રોનો સાર વેદાંતસૂત્રમાં છે, અને બરાબર સમજણ શ્રીમદ્ ભાગવતમાં આપવામાં આવી છે. વેદજ્ઞાનવૃક્ષનું પરિપક્વ ફળ તે શ્રીમદ્ ભાગવત છે. શ્રીમદ્ ભાગવતમાં આ મંત્ર મહારાજા પરીક્ષિત અને શુકદેવ ગોસ્વામીની મુલાકાતની શરૂઆતના તેમની વચ્ચેના સવાલ–જબાબોમાં સમજાવવામાં આવ્યો છે. ભગવાનના વિજ્ઞાન વિષે સાંભળવું અને જપવું તે ભક્તિયુક્ત જીવમનો બુનિયાદી સિધ્ધાંત છે. સંપૂર્ણ ભાગવત પરીક્ષિત મહારાજે સાંભળ્યું હતું અને શુકદેવ ગોસ્વામીએ જપ્યું હતું. મહારાજા પરીક્ષિતે શુકદેવજીને શિષ્યભાવે સવાલો કર્યા કારણકે તેમના વખતમાં શુકદેવજી બીજા કોઈપણ મોટા યોગી કે ઈન્દ્રિયાતીતવાદીથી વધુ મોટા ગુરૂ હતા.

'દરેક માણસની ખાસ કરીને મરણ વખતે શું ફરજ છે?' આ પરીક્ષિત મહારાજાનો મુખ્ય સવાલ હતો. શુકદેવજીએ જવાબ આપ્યો:

***તસ્માદ્ ભારત સર્વાત્મા ભગવાન ઈશ્વરો હરિઃ***
***શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ ચ સ્મર્તવ્યશ ચેચ્છતાભયમ્***

'જે માણસ બધી ચિંતાઓથી મુક્ત રહેવા ઈચ્છે છે તે દરેક માણસે હંમેશાં ભગવાન પુરૂષ વિશે સાંભળવું જોઈએ, તેમના ગુણગાન ગાવા જોઈએ, અને તેમને યાદ કરવા જોઈએ, કે જે ભગવાન દરેક વસ્તુના સર્વોપરી નિર્દેશક છે, બધી મુશ્કેલીઓને દૂર કરનારા છે, અને બધા જીવોના પરમાત્મા છે.' (ભાગવત ૨.૧.૫).

કહેવાતો માનવ સમાજ સામાન્ય રીતે રાત્રે ઊંઘ અને સંવનન કરે છે, અને દિવસનો સમય જેમ બને તેમ વધુ પૈસા કમાવામાં, નહીંતો કુટુંબના ભરણપોષણ માટે ખરીદી કરવામાં ગાળે છે. લોકાને ભગવાન વિષે વાત કરવાનો કે પૂછપરછ કરવાનો બહૂજ ઓછો સમય છે. તેઓએ અનેક રીતે, ખાસ કરીને ભગવાન અવ્યક્તિગત છે, નિરાકાર છે, કોઈ ઈન્દ્રિય સંવેદન વગરના છે એવું જાહેર કરીને, ભગવાનના અસ્તિત્વને રદીઓ આપી દીધો છે. પણ વૈદિક સાહિત્યમાં – ઉપનિષદો, વેદાંતસૂત્રો, ભગવદ્ ગીતા, કે શ્રીમદ્ ભાગવતમાં – એમ જાહેર કરવામાં આવ્યું છે કે ભગવાન ભાવ લાગણી વાળા છે અને સમસ્ત જીવો પર સર્વોપરી છે. તે અને તેમની ભવ્ય લીલાઓ બંને એક જ છે. તેથી માણસે દુન્યવી રાજકારણીઓ અને સમાજના કહેવાતા મોટા માણસોની પ્રવૃત્તિઓ વિષે સાંભળવામાં એ બોલવામાં પ્રવૃત ન થવું જોઈએ કે જે પ્રવૃત્તિઓ માત્ર કચરો છે, પણ પોતાનું જીવન એવી રીતે વિતાવવું જોઈએ કે જેથી પોતે એક ક્ષણ પણ બગાડયા વગર ભગવાનની પ્રવૃત્તિમાં જોડાઈ શકે.

શ્રી ઈશોપનિષદ્ આપણને આવી ભગવાનની પ્રવૃત્તિઓ તરફ દોરે
છે.

જો માણસ ભક્તિ સેવામાં ટેવાયો ન હોય તો તે મરણ વ
ખતે જ્યારે શરીર બેડોળ અને દુ:ખમય બને છે ત્યારે તે શું યાદ કર
વાનો છે અને ભગવાનને પોતાના બલીદાનો યાદ કરવાની પ્રાર્થના
કેમ કરી શકવાનો છે? બલીદાન કે યજ્ઞ એટલે ઈન્દ્રિયોને ભોગોમ
ાં જે રસ છે તેની મનાઈ કરવી તે. માણસે પોતાના જીવન દરમિયા
ન પોતાની ઈન્દ્રિયોને ભગવાનની સેવામાં જોડીને આ મનાઈ કરવ
ાની કળા શીખી લેવાની જરૂર છે. તો પછી આ કળાનો ઉપયોગ મા
ણસ મરણ વખતે કરી શકે.

## મંત્ર ૧૮

***અગ્ને નય સુપથા રાયે અસ્માન્ વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન્
યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો ભૂયિષ્ઠાં તે નમઉક્તિમ્ વિધેમ***

**'ઓ મારા અગ્નિ જેવા શક્તિમાન સર્વશક્તિમાન ભગવાન! હું મા
રા સર્વ પ્રણામ તને અર્પણ કરૂં છું અને તારે ચરણે જમીન પર દંડવ
ત્ પડુ છું. ઓ મારા ભગવાન!! મહેરબાની કરીને મને તારી પાસે
પહોંચવાના સાચા રસ્તાપર દોર, અને મેં ભૂતકાળમાં જે કાંઈ કર્યુ
છે તે બધું તું જાણે છે, તેથી તું મને મારા ભૂતકાળના પાપકર્મફળોથ
ી મુક્ત કર કે જેથી મારી પ્રગતિમાં કોઈ અડચણ ન રહે.'**

ભાવાર્થ: ભગવાનું શરણું સ્વીકારીને અને તેની અકારણ કરૂણા માટે
પ્રાર્થના કરીને ભક્ત સંપૂર્ણ આત્મસાક્ષાત્કારના રસ્તા પર પ્રગતિ ક
રી શકે છે. ભગવાનને અગ્નિ તરીકે સંબોધવામાં આવ્યા છે કારણ
કે તે કોઈ પણ વસ્તુને બાળીને ભસ્મ કરી શકે છે, શરણે આવેલા ભ
ક્તના પાપોને પણ બાળી નાખી શકે છે. આગલા મંત્રમાં કહ્યું છે
તેમ, પરમ સત્યનું ખરૂં કે આખરી પાસું તે તેની ભગવાન પુરૂષ તર
ીકેની મુખમુદ્રા છે. તેનું અવ્યક્તિગત બ્રહ્મજ્યોતિ પાસું તે પુરૂષ મુ
ખમુદ્રા પરનું ઝળકતું આવરણ છે. આત્મસાક્ષાત્કાર માટે સકામ ક
ર્મ કે કર્મકાંડનો માર્ગ સૌથી ઉતરતી કક્ષાનો છે. સકામ પ્રવૃત્તિ વેદો
માં કહેલા નિયામક સિધ્ધાંતોનો જરાક પણ ભંગ કરે કે તે પ્રવૃત્તિ વિ
કર્મ બનીને કર્તાને હાનિનકારક બની જાય છે. માયાથી ભ્રમિત
જીવો માત્ર ઈન્દ્રિય સુંખો માટે આવા વિકર્મો કરે છે, અને તેથી આ
વી પ્રવૃત્તિઓ આત્મસક્ષાત્કારના રસ્તા પર અડચણ બને છે.

આત્મ સાક્ષાત્કાર મનુષ્ય સિવાય બીજા કોઈ જીવને શક્
ય નથી. ચોર્યાસી લાખ જીવ-શરીરોમાથી બ્રાહ્મણની સંસ્કૃતિ વડે
લાયકાત પામેલું માત્ર મનુષ્ય શરીર જ ઈન્દ્રિયાતીત જ્ઞાન મેળવવા
ની તક આપે છે. બ્રાહ્મણની સંસ્કૃતિમાં સત્યતા, ઈન્દ્રિય નિગ્રહ, સ
હનશીલતા, સાદગી, પૂર્ણ જ્ઞાન, અને ભગવાનમાં પૂર્ણ શ્રધ્ધાનો સ
માવેશ થાય છે. એવું નથી કે માણસ ખાલી પોતાના ઉચ્ચ કુળનો
અભિમાની બને. જેવી રીતે એક મોટા માણસના છોકરાને મોટા મ
ાણસ બનવાની એક તક મળે છે તેવી રીતે બ્રાહ્મણના છોકરાને બ્રા
હ્મણ બનવાની એક તક મળે છે. પણ એ જન્મ-અધીકાર સર્વસ્વ
નથી, કારણેકે તેને હજુ બ્રાહ્મણની લાયકાતો મેળવવાની છે. જેવો
માણસ પોતે બ્રાહ્મણનો પુત્ર છે તેવું અભિમાન કરે છે અને ખરા બ્ર
ાહ્મણની લાયકાતો મેળવવાનું અવગણે છે કે તુરત તે પતીત બને છે
અને આત્મ સાક્ષાત્કારના માર્ગથી નીચે પડે છે. આ રીતે તેનું મનુ
ષ્ય તરીકેનું જીવનકર્તવ્ય નિષ્ફળ થાય છે.

ગીતા (૬.૪૧-૪૨)માં ભગવાને આપણને ખાત્રી આપી
છે કે આત્મ સાક્ષાત્કારના માર્ગથી પડેલા યોગભ્રષ્ટ આત્માઓને સા
રા બ્રાહ્મણો કે ધનવાન વેપારીઓના કુટુંવોમાં જન્મ અપાવીને તેમ
ને પોતાની ભૂલો સુધારવાની તક આપવામાં આવે છે. આવા જન્મ
ોને આત્મ સાક્ષાત્કાર માટે વધુ તકો અને સગવડતાઓ છે. જો આ
વી તકોનો ભ્રમણામાં રહીને દુરૂપયોગ કરવામાં આવે તો માણસ ભ
ગવાને આપેલી મનુષ્ય જીવનની તક ખોઈ બેસે છે.

નિયામક સિધ્ધાંતો એવા છે કે જે મણસ તે પાળે છે તે સ
કામ કર્મના સ્તર ઉપરથી ઈન્દ્રિયાતીત જ્ઞાનના સ્તર ઉપર પ્રગતી ક
રે છે. ઘણા જન્મો પછી અને ઈન્દ્રિયાતીત જ્ઞાનના સ્તર ઉપર પહોં
ચ્યા પછી જ્યારે માણસ ભગવાનને શરણે જાયછે ત્યારે તે સર્વોત્તમ
બને છે. આ સામાન્ય રીત છે. પણ જે મણસ આ મંત્રમાં ભલામ
ણ કરી છે તે મુજબ સીધો જ ભગવાનું શરણું લે છે તે તરત માત્ર સે
વા-ભક્તિભાવ વાળો થઈને આ બધા સ્તરો ઓળંગી જાય છે. ગી
તા (૧૮.૬૬)માં કહ્યું છે તેમ, ભગવાન તરત આવા શરણે આવેલા
માણસના ભલાની જવોબદારી લે છે અને તેના પાપકર્મોના ફળોથી
તેને મુક્ત કરે છે. કર્મકાંડ પ્રવૃત્તિમાં ઘણાં પાપકર્મફળો છે, જ્ઞાન ક
ાંડમાં થોડા છે, પણ ભક્તિ-સેવામાં વાસ્તવમાં પાપ થવાની કોઈ
શક્યતા નથી. જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનના બધા ગુણો
મેળવે છે, બ્રાહ્મણના ગુણો મેળવવાની તો શું વાત કરવી. ભક્ત મ
ાણસે બ્રાહ્મણ કુટુંબ માં જન્મ લીધો ન હોય તો પણ તે આપોઆપ
યજ્ઞો કરવાની સત્તા વાળા ઉત્તમ બ્રાહ્મણની લાયકાતો મેળવે છે.
ભગવાનનું આવું સર્વશક્તિમાનપણું છે. માયાથી ભ્રમિત થઈને બ્ર
ાહ્મણના કુળમાં જન્મેલા ચંડાળ બને, અને ચંડાળના કુટુંબમાં જ-
મેલા ભક્તિ સેવા કરીને લાયકાતવાળાને ભગવાન બ્રાહ્મણથી પણ
ચડિયાતા બનાવે.

સર્વશક્તિમાન ભગવાન દરેકના હૃદયમાં રહલો હોવાથી
તે પોતાના ખરા ભક્તોને માર્ગદર્શન આપી શકે છે કે જેથી તેઓ સ
ાચા માર્ગ પર આવે. ભક્તો માર્ગદર્શન સિવાય બીજું કાંઈ ઈચ્છે તો
પણ આવું માર્ગદર્શન તેમને ખાસ આપવામાં આવે છે. અભક્તો
ની બાબતમાં, ભગવાન તેમને જેમ કરવું હોય તે કરવા દે છે અને
કર્મનું જોખમ કર્તા પર રહે છે, જ્યારે ભક્તોની બાબતમાં, ભગવાન
તેમને એવી રીતે માર્ગદર્શન આપે છે કે તેઓ કદી ખોટું કર્મ કરતા
નથી. શ્રીમદ્ ભાગવત (૧૧.૫.૪૨)માં કહેલું છે કે,

***સ્વપાદ મૂલમ્ ભજત: પ્રિયસ્ય ત્યક્તાન્ય ભાવસ્ય હરિ: પરેષ:
વિકર્મ યચ્ ચોત્પતીતમ્ કથંચીત્ ધુનોતિ સર્વમ્ હદિ સન્નિવિષ્ઠ:***

'ભગવાન તેના ભક્ત પર એટલા બધા માયાળુ છે કે ભક્ત ક્યારેક
વેદ વાક્યથી વિરૂધ્ધ-કર્મ (વિકર્મ)માં ફસાઈ જાય તો પણ ભગવા
ન તરત ભક્તના હૃદયમાં તે ભૂલ સુધારી લે છે, કારણકે ભગવાન
ને ભક્તો બહુ વહાલા છે.

આ મંત્રમાં ભક્ત ભગવાનને પોતાના હૃદયમાંથી પોતાની ભૂલ સુધારવાની પ્રાર્થના કરે છે. બધ્ધ આત્મા ઘણી વખત અજાણતા ભૂલો કરવાને પાત્ર છે, અને તેથી આવા અજાણતા થઈ જતા પાપોથી મુક્ત થવાનો ઈલાજ ભગવાનને શરણે જવાનો છે કે જેથી તે માર્ગ દર્શન આપી શકે. સંપૂર્ણપણે શરણે આવેલાની ભગવાન બરાબર કાળજી રાખે છે. આ રીતે ખાલી પૂર્ણ રીતે ભગવાનને શરણે જવાથી અને તેના માર્ગદર્શન મુજબ કરવાથી બધી સમસ્યાઓ હલ થાય છે. આવું માર્ગદર્શન ભક્તને બે રીતે આપવામાં આવે છે. એક તો ગુરૂ, સાધુ, અને શાસ્ત્ર વડે, અને બીજું સ્વયં ભગવાન વડે, કે જે ભગવાન દરેકના હૃદયમાં રહેલા છે. આમ ભક્ત બધી રીતે રક્ષાયેલો છે.

વેદિક જ્ઞાન ઈન્દ્રિયાતીત છે અને તેથી તે માનવીય શૈક્ષણિક રીતોથી સમજી શકાતું નથી. માત્ર ભગવાન અને ગુરૂની કૃપાથી જ માણસ વેદિક મંત્રો સમજી શકે છે. જો કોઈ ખરા ગુરૂનો આશરો લે તો સમજવું જોઈએ કે ભગવાને તેના પર કૃપા કરી છે. ભક્ત માટે ભગવાન ગુરૂ તરીકે દર્શન દે છે. આમ ગુરૂ, વેદ શાસ્ત્રો, અને અંદરથી ભગવાન પૂરી શક્તિથી ભક્તને માર્ગદર્શન આપે છે. આ રીતે ભક્ત ફરી ભૌતિક માયામાં ફસાય તેવી કોઈ શક્યતા નથી. આમ સર્વ રીતે રક્ષાયેલો ભક્ત ઉત્તમતાના પરમ ધ્યેય પર જરૂર પહોંચવાનો. આ આખી વિધીનો નિર્દેશ આ મંત્રમાં થયેલો છે, અને શ્રીમદ્ ભાગવત (૧.૨.૧૭-૨૦)માં તે વિધી આગળ સમજાવેલી છે.

ખાલી ભગવાનની ભવ્યતાઓ સાંભળવી અને ગાવી તે પુણ્ય કર્મો છે. ભગવાન ઈચ્છે છે કે દરેક માણસ શ્રવણ કીર્તન કરે કારણકે તે બધાનું ભલું ઈચ્છે છે. ભગવાનની ભવયતાઓનું શ્રવણ કીર્તન કરવાથી માણસ બધી અનિચ્છનીય વસ્તુઓથી શુધ્ધ થાય છે, અને ભગવાનમાં તેની ભક્તિ દ્રઢ થાય છે. આ સ્તરે ભક્ત બ્રાહ્મણની લાયકાતો મેળવે છે, તે રજોગુણી અને તમોગુણી કર્મોના પ્રતીકર્મો સદંતર નાશ પામે છે. ભક્તિથી ભક્ત સાચું અને પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરે છે અને તે ભગવાનને મેળવવાનો રસ્તો જાણે છે. જ્યારે બધા સંશયો દૂર થાય છે ત્યારે માણસ શુધ્ધ ભક્ત બને છે.

*આ રીતે શ્રી ઈશોપનિષદ્ કે જે જ્ઞાન માણસને સર્વોપરિ ભગવાન કૃષ્ણની નજીક લાવે છે તેનો ભાવાર્થ સમાપ્ત થાય છે.*

--xxx--